અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
'લગ્ન પહેલાં ઝઘડા': 'સોનાક્ષી સિન્હા' અને 'ઝહીર ઈકબાલ' વાળ નોંચવા...



પેજ-09
ગુગલ સર્ચ 2025: કોહલી-રોહિત નહીં, 14 વર્ષનો વૈભવ સૂર્યવંશી...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 18.00 |
| સુરત | 31.00 | 19.00 |


પેજ 5



વોર્નર બ્રધર્સની માલિક બની નેટફ્લિક્સ, કેટલામાં થઈ ડીલ, ભારત...

07
DECEMBER-2025
SUNDAY

પાકિસ્તાને ચીનના અરુણાચલ પરના દાવાને સમર્થન આપ્યું



પેજ 10

.....સુવિચાર.....
દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય

વર્ષ-15 । અંક-026 । વિક્રમ સંવત-2082 । માગસર વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# સરકારે ઈન્ડિગોના સીઈઓને શો-કોઝ નોટિસ ફટકારી, આગામી 24 કલાકમાં જવાબ માંગ્યો

## એરલાઈન્સની મનમાની પર લાગી બ્રેક ! કેન્દ્ર સરકારે નક્કી કર્યા ફ્લાઈટના નવા ભાડા

(એજન્સી) નવી દિલ્હી | તા.06

દેશના લગભગ દરેક એરપોર્ટ પર મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ પાછળનું કારણ ઈન્ડિગો એરલાઈન્સ છે. હજારો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે તેઓ મુસાફરી કરી શકતા નથી. હજારો ફ્લાઈટ્સ રદ થયા બાદ સરકારે હવે કાર્યવાહી કરી છે. આ જ કારણ છે કે ઈન્ડિગોના સીઈઓ પીટર એલ્બર્સને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. સરકારે ઈન્ડિગોના સીઈઓને શો-કોઝ નોટિસ જારી કરીને આગામી 24 કલાકમાં જવાબ માંગ્યો છે. સરકારે પૂછ્યું છે કે તેમના કારણે લાખો મુસાફરોને અસુવિધા થઈ છે. તેમની સામે કાર્યવાહી કેમ ન કરવી જોઈએ તે સમજાવો. નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સીઈઓ મુસાફરોને આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે.

### એરલાઈન્સ કયા અંતર માટે કેટલું વસૂલશે?

સરકારે 500 કિમી સુધીની મુસાફરી માટે મહત્તમ ભાડું 7,500 રૂપિયા નક્કી કર્યું છે. વધુમાં, 500 થી 1,000 કિમી વચ્ચેની મુસાફરી માટે મહત્તમ ભાડું 12,000 રૂપિયા છે, અને 1,000 થી 1,500 કિમી વચ્ચેની મુસાફરી માટે 15,000 રૂપિયા છે. એ નોંધવું જોઈએ કે ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો છેલ્લા પાંચ દિવસથી ગંભીર ઓપરેશનલ સંકટનો સામનો કરી રહી છે. આ સંકટને કારણે ઈન્ડિગોએ છેલ્લા પાંચ દિવસમાં હજારો ફ્લાઈટ્સ રદ કરી છે. વધુમાં અસંખ્ય ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડી છે.

# 'જ્યારે દુનિયામાં મંદી હોય, ત્યારે ભારત ગ્રોથનો ઈતિહાસ લખે છે', PM મોદીનો દુનિયાને મેસેજ

(એજન્સી) નવી દિલ્હી | PM મોદીએ એક કાર્યક્રમમાં જણાવ્યું કે 'ભારત આજે વિશ્વમાં એક નવી ઓળખ બનાવી રહ્યું છે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પ્રગતિ તરફ આગળ વધી રહ્યું છે. લાંબા ગાળાની ગુલામીએ દેશના આત્મવિશ્વાસને નબળો પાડ્યો હતો, પરંતુ હવે ભારત આ માનસિકતામાંથી બહાર નીકળીને નવા સંકલ્પો અને નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે.' વડાપ્રધાને ખાનગી ચેનલના એક કાર્યક્રમમાં ભારપૂર્વક કહ્યું કે, 'ગુલામીની માનસિકતા ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગમાં સૌથી મોટો અવરોધ હતી, પરંતુ સરકાર આ વિચારસરણીમાંથી મુક્ત થવા માટે સતત પ્રયાસ કરી રહી છે. હવે દેશ દરેક ક્ષેત્રમાં બદલાવની માનસિકતા સાથે આગળ વધી રહ્યો છે અને નવો ઈતિહાસ લખવામાં આવી રહ્યો છે.

### ભારત વૈશ્વિક અર્થતંત્રમાં મજબૂત ખેલાડી : PM નરેન્દ્ર મોદી



તેમણે અર્થવ્યવસ્થા પર કહ્યું કે, 'તાજેતરમાં જાહેર થયેલા જીડીપીના આંકડા દર્શાવે છે કે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં મજબૂત ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે. જ્યારે દુનિયામાં મંદીની ચર્ચા ચાલી રહી છે, ત્યારે ભારત વિકાસની ગાથા લખી રહ્યું છે અને વિશ્વાસનો સ્તંભ બની રહ્યું છે.'

# અનિલ અંબાણી ગ્રૂપની કંપની પર SECIમાં નકલી બેન્ક ગેરંટીનો આક્ષેપ



(એજન્સી) નવી દિલ્હી | તા.06

ડિરેક્ટોરેટ ઑફ એન્ફોર્સમેન્ટ (ED) એ અનિલ અંબાણી ગ્રૂપની કંપની રિલાયન્સ પાવર અને તેની પેટાકંપનીઓ દ્વારા સોલાર એનર્જી કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (SECI)ને કથિત નકલી બેન્ક ગેરંટી રજૂ કરવાના કેસમાં પૂરક પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરી છે. આ કેસમાં મની લોન્ડરિંગનો આક્ષેપ છે.

**આરોપીઓના નામ:** આ કેસમાં ED દ્વારા નામ આપવામાં આવેલા મુખ્ય વ્યક્તિઓમાં બિસ્વાલ ટ્રેડલિંક પ્રાઈવેટ લિમિટેડના એમડી પાર્થા સારથી બિસ્વાલ, બાયોથેન કેમિકલ્સના અમર નાથ દત્તા, રિલાયન્સ એનયુ બીઈએસએસના રવીન્દ્ર પાલ સિંહ ચઢ્ઢા, રોઝા પાવર સપ્લાય કંપનીના મનોજ ભૈયાભાઈસાહેબ પોંગડે, રિલાયન્સ પાવરના તત્કાલિન સીએફઓ અશોક કુમાર પાલ, અને પુનિત નરેન્દ્ર ગર્ગનો સમાવેશ થાય છે.

### ફ્રોડ પકડાયા બાદની કાર્યવાહી

એજન્સીએ આરોપ લગાવ્યો છે કે, જ્યારે SECI દ્વારા આ કૌભાંડ પકડાયું, ત્યારે ગ્રૂપના અધિકારીઓએ બીજા જ દિવસે IDBI બેન્ક પાસેથી અસલી બેન્ક ગેરંટીની વ્યવસ્થા કરી હતી, જોકે SECI એ તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આ ઉપરાંત, ટેન્ડર બચાવવા માટે ગ્રૂપના અધિકારીઓએ નકલી વિદેશી બેન્ક ગેરંટીનું ફરીથી એન્ડોર્સમેન્ટ એસબીઆઈની કોલકાતા શાખામાંથી કરાવવાનો પ્રયાસ પણ કર્યો હતો.

## અરાજકતા : હવાઈ સેવાઓ ખોરંભે

# CM ઉમર અબ્દુલ્લાની JKAS પરીક્ષા મોકૂફ રાખવા અપીલ

(એજન્સી) જમ્મુ | તા.06

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ હવાઈ સેવાઓમાં ઊભા થયેલા વિક્ષેપોને ધ્યાનમાં રાખીને, ૦૭ ડિસેમ્બરના રોજ યોજાનારી JKAS (જમ્મુ અને કાશ્મીર એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) પરીક્ષા મુલતવી રાખવા માટે પબ્લિક સર્વિસ કમિશન (PSC) ના અધ્યક્ષને પત્ર લખ્યો છે.

મુખ્યમંત્રીએ PSC અધ્યક્ષને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, સમગ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા વ્યાપક હવાઈ સેવાઓના ખોરંભે ભારે અરાજકતા સર્જી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં અનેક વખત લંબાવવામાં આવેલી વય મર્યાદામાં છૂટછાટ અંગેના પ્રસ્તાવમાં વિલંબને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાએ આ સમસ્યામાં વધુ વધારો કર્યો છે.

ઉમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે, આ પરિબળોએ ઉમેદવારો પર અભૂતપૂર્વ માનસિક અને લોજિસ્ટિકલ તણાવ પેદા કર્યો છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, 'તમામ ઉમેદવારો માટે ન્યાયીતા, સમાનતા અને સમાન તકોના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, હું આયોગને પ્રવર્તમાન સંજોગોની નોંધ લેવા અને માત્ર ઉમેદવારોના હિતમાં નિર્ધારિત પરીક્ષાને વાજબી સમયગાળા માટે મુલતવી રાખવા વિનંતી કરું છું.'

# ઉત્તર ભારતમાં આગામી પાંચ દિવસ ઠંડી ધ્રુજાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા.06

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી પડી રહી છે. હવામાન વિભાગે દિલ્હી, પંજાબ, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતના તમામ રાજ્યો માટે ઠંડીની ચેતવણી જારી કરી છે. રવિવાર આ વર્ષે ડિસેમ્બરની સૌથી ઠંડી સવાર રહેવાની ધારણા છે. સતત ઘટી રહેલા તાપમાને ઠંડીની અસર દેખાઈ રહી છે. રવિવારે દિલ્હી-NCRમાં લઘુત્તમ તાપમાન 3.9 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની ધારણા છે. આગામી પાંચ દિવસ સુધી ભારે ધુમ્મસ પણ રહેવાની ધારણા છે. દિલ્હીના રહેવાસીઓ હવામાનના બેવડા પ્રકોપનો સામનો કરી રહ્યા છે, એક તરફ પ્રદૂષણ અને બીજી તરફ તીવ્ર ઠંડી. હવાની ગુણવત્તા 333 AQI પર 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહે છે, અને રાજધાનીને ધુમ્મસથી ઘેરી લેવામાં આવી રહી છે. 39 માંથી 35 મોનિટરિંગ સ્ટેશનોએ 'ખૂબ જ ખરાબ' રીડિંગ્સ નોંધ્યા છે.




## ન્યુઝ શોર્ટ્સ

### દારૂના દૂષણ સામે ભાયાવદરમાં આવેદનપત્ર અપાયું સાથે બાઈક રેલી નીકળી

વિજય રાડીયા | ભાયાવદર દારૂ અને ડ્રગ્ઝ સામે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ શરૂ કરેલી લડતને ભાયાવદરમાં પણ સમર્થન મળ્યું છે. અનુ. જાતિ સમાજના અગ્રણીઓએ મેવાણીના ટેકામાં જણાવ્યું હતું કે તંત્ર અને પોલીસની મીઠી નજર તળે ચાલતા દારૂ અને જુગારના તેમજ ડ્રગ્ઝના હાટડા તેમજ અનેક ગેરકાનૂની પ્રવૃત્તિ જે ચાલી રહી છે તે બંધ થવી જ જોઈએ તેવી માગણી અમે પણ કરીશું. રજૂઆત પહેલાંઅનુસુચિત જાતિના લોકોએ બાઈક રેલી કાઢીને લોકોનું ધ્યાન દોર્યું હતું અને રેલી સ્વરૂપે નાયબ મામલતદાર કચેરીએ ધસી ગયા હતા તેમજ આવી ગેર કાનૂની પ્રવૃત્તિ બંધ થાય તેવી માગણી કરી છે. સાથોસાથ આ રજૂઆત મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને પણ પહોંચાડવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરાઈ હતી, તેમજ સૂ માંગણી કરી હતી કે શહેરમાં જાહેરમાં ધમધમતી દારૂની બદી પોલીસ બંધ કરાવે નહિતર જનતા રેડ કરવામાં આવશે તેવા સુત્રોચ્ચાર કરાયા હતા.

### મહિલા રોગ સંશોધન માટે GBUને 'ગેટ્સ ફાઉન્ડેશન' તરફથી ૧.૩ કરોડ મળ્યા

ગાંધીનગર | ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી (GBU), ગાંધીનગર સ્થિત રાજ્ય સરકાર સંચાલિત સંસ્થાએ વૈશ્વિક મહિલા સ્વાસ્થ્ય સંશોધનના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. જીબીયુના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રોહિણી નાયરના નેતૃત્વમાં એક સંશોધક ટીમને 'ગેટ્સ ફાઉન્ડેશન' (બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન) તરફથી અંદાજે રૂ. ૧.૩ કરોડની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ મહિલાઓના સ્વાસ્થ્યની ગંભીર પરંતુ ઘણીવાર અવગણાતી સમસ્યા - હેવી મેન્સ્ટ્રુઅલ બ્લીડિંગ (HMB) એટલે કે માસિક ધર્મ દરમિયાન થતા વધુ પડતા રક્તસ્રાવના નિવારણ માટે થશે. આ સંશોધન પ્રોજેક્ટને 'ગેટ્સ ફાઉન્ડેશન ગ્રાન્ડ ચેલેન્જીસ સપોર્ટ' હેઠળ સ્વીકારવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ અને ઓછી સુવિધા ધરાવતા વિસ્તારોમાં મહિલાઓ માટે વહેલું નિદાન, વ્યક્તિગત સારવાર અને મેન્સ્ટ્રુઅલ હેલ્થ મેનેજમેન્ટમાં સુધારો લાવવાનો છે. ડૉ. રોહિણી નાયરની ટીમ આ માટે પોસાય તેવા, સ્કેલેબલ અને ન્યૂનતમ ઈન્વેઝિવ RNA-આધારિત ડાયગ્નોસ્ટિક અને સારવાર સંસાધનો વિકસાવવા પર કાર્ય કરશે.

### IFCએ ભારતની પ્રથમ ઈન્ટીગ્રેટેડ બેટરી મટિરિયલ ફેસિલિટીમાં 50 મિલિયન ડોલરનું રોકાણ કર્યું

અમદાવાદ | ભારતની અગ્રણી ફ્લોરોકેમિકલ્સ કંપની ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ (જીએફએલ) એ વર્લ્ડ બેન્ક ગ્રૂપ (ડબલ્યુબીજી) ના સભ્ય ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (આઈએફસી) સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આઈએફસી ભારતની પ્રથમ સંકલિત બેટરી મટિરિયલ સુવિધાનું નિર્માણ કરવા માટે કમ્પ્લસરી કન્વર્ટિબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સના સબ્સ્ક્રિપ્શન દ્વારા જીએફએલની પેટાકંપની જીએફસીએલ ઈવી પ્રોડક્ટ્સ લિમિટેડ (જીએફસીએલઈવી) માં 50 મિલિયન અમેરિકન ડોલરનું રોકાણ કરી રહી છે. આ રોકાણ ઉચ્ચ મૂલ્ય ધરાવતા ઉત્પાદનને વેગ આપશે, રોજગારીનું સર્જન કરશે, વૈશ્વિક પુરવઠા શૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત કરશે અને ઊર્જા સુરક્ષા, પરિવહન વિદ્યુતીકરણ અને સ્થાનિક મૂલ્ય સર્જનની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને આગળ વધારશે.

વૈવિધ્યસભર બેટરી મટિરિયલ્સ ઓફર અને મજબૂત ઓળખ સાથે જીએફસીએલ ઈવી વૈશ્વિક બેટરી-મટિરિયલ્સ વેલ્યુ ચેઈનમાં સ્પર્ધાત્મક ખેલાડી તરીકે ભારતના ઉદભવને મજબૂત બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

### નિયમો ન માનતી 541 સાઈટને કુલ 1.23 કરોડથી વધુનો આકરો દંડ

ગાંધીનગર : શિયાળાની શરૂઆત સાથે જ રાજ્યના મહાનગરોમાં વધી રહેલા હવા પ્રદૂષણની માત્રાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તાત્કાલિક એલર્ટ થવા અને પ્રદૂષણને અટકાવવા માટે વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવાના આદેશ આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીની સૂચનાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈને શહેરી વિકાસ વિભાગે તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રીએ તમામ ૧૭ મહાનગરપાલિકાઓ અને ૬ પ્રાદેશિક નગરપાલિકાઓના કમિશનરશ્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજીને બાંધકામ સાઈટ્સ પર પ્રદૂષણ નિયંત્રણના પગલાં ભરવા સૂચના આપી હતી. આ બેઠક બાદ મહાનગરપાલિકાઓએ તાત્કાલિક ધોરણે સાઈટ ઈન્સ્પેક્શનની કામગીરી શરુ કરી હતી. માત્ર ત્રણ જ દિવસમાં, મહાનગરોમાં ચાલુ હોય તેવી કુલ ૨,૯૬૧ સાઈટ્સ પૈકી ૨,૬૦૦થી વધુ સાઈટ્સનું ઈન્સ્પેક્શન પૂર્ણ કરવામાં આવ્યું છે. ઈન્સ્પેક્શન દરમિયાન પ્રદૂષણ નિયંત્રણ માટેની તકેદારી ન રાખતી કુલ ૫૪૧ બાંધકામ સાઈટ્સને દંડ કરવામાં આવ્યો છે.

### અમૂલ ડેરી રોડ પર શાકમાર્કેટના લારી-ગલ્લાં માટે વેન્ડિંગ ઝોન

આણંદ/કરમસદ | કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય અમૂલ ડેરી રોડ પર શાકમાર્કેટની આસપાસની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ, આ વિસ્તારમાં રોડ પર ઊભા રહેતા લારી-ગલ્લાં તથા ફ્રૂટની લારીઓ માટે એક સુવ્યવસ્થિત વેન્ડિંગ ઝોન ઊભો કરવામાં આવશે.

આ વેન્ડિંગ ઝોન ડૉ. અજય કોઠિયાલાની હોસ્પિટલની પાછળની બાજુએ ટીપી સ્કીમ નં. ૦૧ના ફાઈનલ પ્લોટ નં. ૬૫માં બનાવવામાં આવશે. આ ખુલ્લો પ્લોટ ૧૭૪૯.૫૯ સ્ક્વેર મીટરનો વિશાળ વિસ્તાર ધરાવે છે, જ્યાં ૧૦૦ કરતાં વધુ લારીઓને સ્થાન આપી શકાશે.

મનપા દ્વારા આ પ્લોટમાં પાણી સહિતની આનુષંગિક સગવડો પણ ઊભી કરવામાં આવી છે. એસ્ટેટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, આ વ્યવસ્થાથી અમૂલ ડેરી રોડ પર શાકમાર્કેટની આસપાસ થતા ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળશે.

### સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૨૯૮ શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો અભિગમ હરહંમેશથી ખેડૂત, શિક્ષણ અને રોજગારલક્ષી રહ્યો છે. એ જ અભિગમને આગળ ધપાવતા રાજ્યની મહત્વકાંક્ષી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટમાં ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિમણૂક ઓર્ડર આપવામાં થયેલા વિલંબ અંગે અનેક પરીક્ષાર્થીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. પરીક્ષાર્થીઓની લાગણીને હકારાત્મક વાચા આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પરામર્શ કર્યા બાદ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભરતીને મંજૂરી આપી છે અને પસંદગી પામેલા ૨૯૮ ઉમેદવારોને નિમણૂક ઓર્ડર આપવામાં આવ્યા છે. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા દેશના ખેડૂતો માટે અત્યાર સુધીમાં ૫૮૩ ખેત ઉપયોગી ભલામણો, ૦૪ પ્રાકૃતિક કૃષિલક્ષી ભલામણો, ૦૪ પેટેન્ટ અને ૬૮ જેટલી પાકોની નવી જાતો વિકસાવવામાં આવી છે, જેના પરિણામે કૃષિ ક્ષેત્ર વધુ સમૃદ્ધ અને દેશના આર્થિક વિકાસને સતત વેગ મળ્યો છે. આ યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી પ્રાધ્યાપકો તથા વૈજ્ઞાનિકોની જગ્યાઓ ખાલી હોવાના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૃષિ સંશોધનો પર તેની સીધી અસર થતી હતી.

# સોમનાથ મંદિર ખાતે માર્ગશીર્ષ આદ્રા નક્ષત્ર નિમિત્તે વિશેષ મહાપૂજન





## ભક્તોએ સોમનાથ દાદાના દર્શન કરીને શિવ પૂજા-અર્ચના, આરતી કરી પ્રસાદી અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા. 06. ધર્મ અને આસ્થાના કેન્દ્ર સમા પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ ના સાનિધ્યમાં આજે, માર્ગશીર્ષ માસના પવિત્ર મહા આદ્રા નક્ષત્રના વિશેષ યોગ નિમિત્તે, ભક્તિમય વાતાવરણ વચ્ચે અનેકવિધ ધાર્મિક પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ વિશેષ મહાપૂજનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહા આદ્રા નક્ષત્રનું પૌરાણિક મહત્ત્વ: શાસ્ત્રો અનુસાર, માર્ગશીર્ષ માસમાં આવતા આદ્રા નક્ષત્રનું વિશેષ મહાત્મય છે. પૌરાણિક કથા મુજબ, આ પવિત્ર દિવસે જ ભગવાન શિવ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ તેમના તેજોમય લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. આ જ કારણોસર, આ દિવસથી જ ભગવાન શિવના લિંગ સ્વરૂપની પૂજાનો આરંભ થયો હતો અને સર્વપ્રથમ પૂજા ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુએ કરી હતી.

પ્રથમ જ્યોતિર્લિંગની પાવન ભૂમિ પ્રભાસ ખાતે આજે આ મહાપર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે શિવલિંગની પૂજા કરવાથી અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે, આજના દિવસે શિવ આરાધના, પંચાક્ષર સ્તોત્રનું પઠન અને દીપ જ્યોતિનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

શતરુદ્રિય અભિષેક અને વિશ્વ કલ્યાણની પ્રાર્થના: આ પવિત્ર દિવસે, શ્રી સોમનાથ મહાદેવની વિશેષ મહાપૂજાનું આયોજન થયું હતું. પરંપરાગત વિધિ મુજબ, ભગવાનને પવિત્ર દ્રવ્યો અને પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, વૈદિક મંત્રોચ્ચાર સાથે શતરુદ્રિય અભિષેક સંપન્ન કરવામાં આવ્યો હતો. આ શતરુદ્રિય પાઠ દ્વારા દેવાધિદેવ મહાદેવ સમક્ષ સમગ્ર વિશ્વ કલ્યાણની કામના સાથે શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

મહા આદ્રા નક્ષત્રના આ શુભ દિવસે, મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સોમેશ્વર મહાપૂજા, ધ્વજા પૂજા, રુદ્રાભિષેક અને ગંગાજળ અભિષેક, બિલ્વ પૂજા, મહામૃત્યુંજય જાપ સહિત અભિષેકાત્મક અને જપાત્મક પૂજનોનો લાભ લઈને ભક્તોએ પુણ્ય અર્જન કર્યું હતું અને પવિત્રતાનો અનુભવ કર્યો હતો. સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

ભાજપના અનેક લોકોએ આમ આદમી પાર્ટીની સભાઓમાં અરાજકતા ફેલાવવાનું કામ કર્યું, જેનાથી જનતા ભાજપથી સખત નારાજ થઈ

# વિસાવદરમાં લોકોએ ભાજપ અને કોંગ્રેસના ગઠબંધનને જાકારો આપ્યો હતો, એનાથી આ બંને પાર્ટી રઘવાઈ થઈ છે




- ભાજપે કોંગ્રેસના માણસને મોકલીને મારી સભા ડિસ્ટર્બ કરવાનું કામ કર્યુ: ગોપાલ ઈટાલીયા
- છેલ્લા 30 વર્ષથી ભાજપ-કોંગ્રેસે ભેગા મળીને જનતાનું શોષણ કરવાનું કામ કર્યુ: ગોપાલ ઈટાલીયા
- પોલીસવાળા પોતે જ મારા પર હુમલો કરનાર કોંગ્રેસી માણસને લઈને આવ્યા હતા: ગોપાલ ઈટાલીયા

(એજન્સી) અમદાવાદ | તા.06

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પોતાના પર થયેલા હુમલા મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, વિસાવદરમાં જનતાએ ભાજપનાં ગઠબંધનને જે ખરાબ રીતે જાકારો આપ્યો છે. એ જોઈને ભાજપ અને કોંગ્રેસ પાર્ટી રઘવાઈ ગઈ છે. વિસાવદરમાં ચૂંટણી વખતે કોંગ્રેસનાં લોકોએ હોટલમાં બેસીને પૈસા વહેંચીને ભાજપનાં સમર્થનમાં કામ કર્યું અને કોશિશ કરી કે ગોપાલ ઈટાલીયા હારી જાય પરંતુ આ કોશિશ નિષ્ફળ ગઈ. ભાજપ અને કોંગ્રેસને શરમજનક હાર મળી. વિસાવદરની ચૂંટણી બાદ મોરબી, રાજકોટ, ગાંધીધામ, ચૈતર વસાવાની સભામાં, પ્રવીણ રામની સભા જેવી અનેક સભામાં ભાજપનાં માણસોએ આવી સભાઓને ડિસ્ટર્બ કરવાનું કામ કર્યું. આ જોઈને જનતા નારાજ થઈ. ગોપાલ ઈટાલિયા જીત્યો છે તો તે જનતાનાં આર્શીવાદથી જીત્યો છે. પહેલા સભામાં ભાજપનાં માણસો ખલેલ પહોંચાડતા હતા. પરંતુ હવે ભાજપે સ્ટ્રેટેજી બદલી ગઈ કાલે ભાજપે કોંગ્રેસનાં એક માણસને મોકલી મારી સભા ડિસ્ટર્બ કરવા માટે જણાવ્યું. હકીકતમાં ભાજપ અને કોંગ્રેસ સાથે મળીને આમ આદમી પાર્ટીને ગુજરાતમાં આગળ વધતી રોકવા માંગે છે. કારણ કે છેલ્લા 30 વર્ષથી ભાજપ-કોંગ્રેસે સાથે મળીને જનતાનું શોષણ કરવાનું કામ કર્યું છે. ભાજપે જનતા પર દમન, ભ્રષ્ટાચાર, તાનાશાહી કરી. કોંગ્રેસે વિરોધ કરવાને બદલે કમીશન લઈ લીધું. છેલ્લા 30 વર્ષોથી ચાલતો આવતો ભાગીદારનો ખેલ આમ આદમી પાર્ટી આવવાથી બંધ થઈ રહ્યો છે.

### હમનખુડી ખાતે ત્રિ-દિવસીય દરિયાલાલ દેવ મંદિર નુ પુન:પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામ ધુમ થી ઉજવાયો

મહેશ એલ.સોની | નખત્રાણા

લખપત તાલુકા ના નારાયણ સરોવર નજીક આવેલ હમનખુડી ખાતે રઘુવંશી લોહાણા સમાજ ના ઈષ્ટદેવ દરિયાલાલ દેવ (ઝુલેલાલ) નુ અંદાજે સાતસો વર્ષ જુનુ મુળ મંદિરનું બે થી વધુ કરોડના ખર્ચે જીર્ણોદ્ધાર પામેલા મંદિરમાં ત્રિ-દિવસીય પુન: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ થી ઉજવાયો હતો જેમા કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર મા વસતા રઘુવંશી લોહાણા સમાજ ના ભાઈઓ બહેનો બહોળી સંખ્યા મા મહોત્સવ માણવા જોડાયા હતા પ્રતિષ્ઠા મહોત્સવ ના પ્રથમ દિવસે સંતગણ પધાર્યા હતા પ.પુ.ચંદુમા ગઢશીશા, પ.પુ.સોનલલાલજી મહારાજ ના.સરોવર જાગીર, દિગમ્બર અશોક ભારતિજી મહારાજ નિરંજન દેવ ગુફા ગુનેરી સહિત સંતો ના વરદ હસતે દિપ પ્રાગ્ટય કરી મહોત્સવ નો આરંભ કરાયો હતો આ પ્રતિષ્ઠા મહોત્સવ ના મુખ્ય આચાર્ય હિતેશ મહારાજ (પધ્ધર વાળા) સાથે ભુદેવો એ પુજન હોમ કરાયુ હતુ દ્વિતીય દિવસે સ્થાપિત દેવો નુ પુજન, કુમારિકાઓ કળશ સાથે વાજતે ગાજતે જલયાત્રા નીકડી હતી રાત્રે ગુજરાત-કચ્છ ના નામાંકિત કલાકાર સાંઈરામ દવે તેમજ નિલેશ ગઢવી એ સાહિત્ય-ભજન મા મોજ કરાવી હતી તૃતીય દિવસે શિખર કળશ સ્થાપન, દવજારોહણ, મુર્તિ ઓ નુ નુતન મંદિર મા સ્થાપના સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની નાળિયેર હોમ સાથે પુર્ણાહુતી કરાઈ 'જય ઝુલેલાલ 'જય દરિયાલાલ ' ના નાદ સાથે હમનખુડી ગુંજી ઉઠયુ હતુ.

### શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકા ઓની સંકલન બેઠક વેરાવળ ખાતે યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ



જૂનાગઢ,તા.૬ અધિક કલેક્ટર, પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓની કચેરી, ડી. એન.સતાણીના અધ્યક્ષસ્થાને તા.૦૫/૧૨/૨૦૨૫ના રોજ શહેરી વિકાસયાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક વેરાવળ ખાતે મળી હતી. જેમાં ધારાસભ્યશ્રીઓ તથા જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓના પ્રમુખશ્રી, ચીફ ઓફિસર અને પ્રાદેશિક કમિશનર કચેરીના અધિકારીઓએ ભાગ લીધો હતો. જેમાં નગરપાલિકાના વિવિધ પ્રશ્નો અને વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા અર્નિંગ વેલ, લિવિંગ વેલ ના મંત્ર સાથે નાના મોટા શહેરોને ગ્રોથ હબ તરીકે વિકાસવીને ગુજરાત @૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયો છે. સરકાર શહેરી વિકાસ યાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા સંકલ્પબદ્ધ છે ત્યારે વેરાવળ શહેરના આંગણે ધારાસભ્યશ્રી,તાલાલા, શ્રી ભગવાનભાઈ બારડ અને ધારાસભ્યશ્રી, કેશોદ, શ્રી દેવાભાઈ માલમ, કેશોદ, બાંટવા, માણાવદર, વિસાવદર, ચોરવાડ, માંગરોળ, વંથલી, જુનાગઢ, કોડીનાર, તલાલા, સુત્રાપાડા, ઊના નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ અને અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ ચીફ ઓફિસર, મ્યુનિસિપલ ઈજનેર, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ, ટાઉન પ્લાનર, રિઝનલ ફાયર ઓફિસર, જી.યુ.ડી.સી. પ્રોજેક્ટ મેનેજર(પી.આઈ.યુ.) વગેરે હાજર રહી વિકાસ કામોની અને પ્રશ્નોની ચર્ચા કરી હતી.

### ભુજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સાદગીથી શુભલગ્ન યોજી સામાજિક જાગૃતિનો પ્રયાસ કરાયો

મહેશ એલ.સોની | નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ દ્વારા ગત તારીખ ૩૦ ડિસેમ્બરના રોજ ચનાણી પાર્ટી પ્લોટ ખાતે શુભ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે માહિતી આપતા ભુજ સોનીના સહમંત્રી ડૉ. ચેતનભાઈ બારમેડાએ જણાવ્યું હતું કે આજના દેખાદેખીના જમાનામાં લગ્ન પ્રસંગે વટ પાડવા અઢળક નાણાં ની સાથે સમયનો પણ વ્યય કરતો હોય છે ત્યારે સામાજિક જાગૃતિના ભાગ રૂપે શ્રી ભુજ મારૂ કંસારા સોની સમાજ દ્વારા ખૂબ જ સાદગીથી ગાયત્રી વિધિ થી શુભલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બે જોડલાએ પ્રભુતામાં પગલાં માંડી લગ્નરૂપી નવજીવનની શરૂઆત કરી હતી. જ્ઞાતિના ગોર શ્રી મધુભાઈ વ્યાસ દ્વારા લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ લગ્નની ખાસિયત એ હતી કે મર્યાદિત સંખ્યામાં જ વર વધુના પરિવાર જનો સાથે જ્ઞાતિ કારોબારી, મહિલા મંડળ કારોબારી તેમજ યુવક મંડળ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેશભાઈ ગુજરાતીના નેતૃત્વ તેમજ માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ લગ્ન પ્રસંગે જ્ઞાતિના ઉપપ્રમુખશ્રીઓ ધર્મેન્દ્રભાઈ બારમેડા, ભરતભાઈ બગ્ગા, મંત્રી શ્રી પરેશભાઈ ગુજરાતી, સહમંત્રી શ્રી ડૉ. ચેતનભાઈ બારમેડા, મહિલા મંડળ પ્રમુખ સુધાબેન બુદ્ધભટ્ટી, યુવક મંડળ પ્રમુખ રાહુલભાઈ સોલંકીએ ઉપસ્થિત રહી લગ્ન જીવનની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ અગ્રણીઓ હસ્તે ભેટ સોદાગો અર્પણ કરાઈ હતી.

### કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહે સંસદીય પરામર્શ સમિતિ સાથે બાદરપુરા બનાસ ફૂડ કોમ્પલેક્ષની મુલાકાત લીધી

(એજન્સી) પાલનપુર | તા.06

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે બનાસકાંઠાના બાદરપુરા ખાતે આવેલ બનાસ ડેરી હસ્તકના અદ્યતન બનાસ ફૂડ કોમ્પલેક્ષની મુલાકાત લીધી હતી. કેન્દ્ર અને રાજ્ય મંત્રીશ્રીઓ તથા સંસદીય પરામર્શ સમિતિના સભ્યશ્રીઓએ બનાસ મૉડેલ વિકાસ અંતર્ગત બાદરપુરા ફૂડ કોમ્પલેક્ષ ખાતે ઓઈલ મિલ, આટા પ્લાન્ટ, THR પ્લાન્ટ, હની પ્લાન્ટ અને બટાટા ટીશ્યુ કલ્ચર લેબની મુલાકાત લઈને માહિતી મેળવી હતી. બનાસ ડેરી દ્વારા ખેડૂતોના કલ્યાણ અને ગ્રામિણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સ્થાપિત વિવિધ ઔદ્યોગિક એકમો પૈકી ફૂડ કોમ્પલેક્ષ ખાતે ઓઈલ મિલ, આટા પ્લાન્ટ, THR પ્લાન્ટ, હની પ્રોસેસિંગ પ્લાન્ટ તથા બટાટા ટીશ્યુ કલ્ચર લેબનો સમાવેશ થાય છે.

### સહકાર મંત્રી અમિતભાઈ શાહે રૈયા ફાર્મના ગર્ભ ટ્રાન્સપ્લાન્ટ લેબની મુલાકાત લીધી: એમ્બ્રિયો ટેક્નોલોજી પ્રગતિની સમીક્ષા

(એજન્સી) પાલનપુર | તા.06

ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે વાવ-થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના રૈયા ખાતે સ્થિત બનાસ ડેરીના ગર્ભ ટ્રાન્સપ્લાન્ટ (Embryo Transfer) લેબોરેટરીની મુલાકાત લીધી હતી. તેમણે લેબોરેટરીની કાર્યપ્રણાલી, ટેક્નોલોજીકલ પાસાંઓ તેમજ પ્રગતિ અંગે સંબંધિત તજજ્ઞો પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. બનાસ ડેરી દ્વારા NDB તથા NDSના સહયોગથી આધુનિક ટેક્નોલોજી આધારિત એમ્બ્રિયો ટ્રાન્સફર (ET) કાર્યક્રમ અમલમાં મૂક્યો છે. વર્ષ 2021થી રૈયા ફાર્મ ખાતે શરૂ થયેલી આ કામગીરી અંતર્ગત અત્યાર સુધી 700થી વધુ એમ્બ્રિયો ઉત્પન્ન, 522 એમ્બ્રિયો ટ્રાન્સફર તેમજ 83 સફળ ગર્ભધાન પ્રાપ્ત થયા છે. ઉપરાંત, 40થી વધુ એલાઈટ વાછરડાં ઉત્પન્ન કરવામાં આવતા આ પ્રોજેક્ટે મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાવી છે.વર્તમાન સમયમાં ભીલડી ખાતે બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBRC) સ્થાપિત કરવાની કામગીરી ઝડપભેર આગળ વધી રહી છે.

### નખત્રાણા નગરપાલિકાના અધૂરા કામો તાકીદે પૂર્ણ કરો: ધારાસભ્ય પી.એમ. જાડેજા

મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકા સંકલન સમિતિની બેઠક પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં ધારાસભ્ય પી.એમ. જાડેજા વિશેષરૂપે હાજર રહ્યા હતા. શરૂઆતમાં શિરસ્તેદાર શિવજીભાઈ પાયણે મહેમાનોનું સ્વાગત કરી એજન્ડાની રૂપરેખા રજૂ કરી હતી, જ્યારે મામલતદાર રાકેશભાઈ પટેલે તાલુકાના વિવિધ પ્રશ્નોનું વાંચન કર્યું હતું. ધારાસભ્ય પી.એમ. જાડેજાએ બેઠકમાં વીજ વિભાગને લગતા આઠ જેટલા મુદ્દાઓ તાકીદે ઉકેલવા રજૂ કર્યા હતા, જેમાં ખાસ કરીને જુની અને જર્જરિત વીજરેખાઓને તાત્કાલિક બદલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે અંતરિયાળ ગામોના વિદ્યાર્થીઓ માટે એસટી બસના રૂટો બંધ કે અનિયમિત હોવાના પ્રશ્નો પણ ગંભીરતાથી ઉઠાવ્યા હતા. સાથે જ નખત્રાણામાં થયેલા બ્યુટિફિકેશન કામોમાં વાવેલા ઝાડો સુકાઈ ગયા હોવાની ગંભીર રજૂઆત કરીને સરકારની લાખોની ગ્રાન્ટના યોગ્ય ઉપયોગ અંગે સવાલો ઉઠાવ્યા હતા.

### વિથોણ ગામે એસ.આઈ.આર. (SIR) 2026ની કામગીરી ઝડપથી અને આયોજનબદ્ધ રીતે પૂર્ણ થઈ

મહેશ એલ.સોની | નખત્રાણા

વિથોણ ગામે એસ.આઈ.આર. (SIR) 2026ની કામગીરી ઝડપથી અને આયોજનબદ્ધ રીતે પૂર્ણ થઈ . ગામના બૂથ નં. 1, 2, 3 અને 4 ઉપર ચાલતી તમામ પ્રક્રિયાનો સફળતાપૂર્વક સમાપન કરાયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.કાર્યક્ષેત્રમાં સતત દેખરેખ રાખી માર્ગદર્શન આપનારા ગામના આગેવાનો – દિનેશભાઈ રૂડાણી, દિલીપભાઈ નરસિગાણી, રતિલાલભાઈ ખેતાણી અને વિઠલભાઈ મહેશ્વરીનો ગામજનો સાથે અધિકારીઓ દ્વારા હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સાથે જ ગામના સરપંચશ્રીનો પણ વિશેષ આભાર માનવામાં આવ્યો, કેમ કે તેમની સુચનાત્મક ભૂમિકા કારણે કામગીરી ગતિશીલ બની. મહત્વનું છે કે તમામ બૂથ લેવલ અધિકારીઓ (BLOs) દ્વારા સમયસર અને નિયમસર કાર્ય કરાતા તેમની કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# ધારાસભ્ય પર થયેલ હુમલાના અનુસંધાને કેજરીવાલજી બે દિવસના ગુજરાત પ્રવાસે આવશે

## કેજરીવાલજી માવઠાના કારણે આત્મહત્યા કરનાર ખેડૂત પરિવારની મુલાકાત લેશે : હડદડ કાંડ બાદ જેલમાંથી છૂટેલા ખેડૂતો સાથે કેજરીવાલજી કરશે મુલાકાત

(એજન્સી) અમદાવાદ | તા.06

ગઈકાલે જામનગરમાં સભા દરમ્યાન આમ આદમી પાર્ટીનાં વિસાવદરનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર એક શખ્સે જૂતુ ફેંકીને હુમલો કર્યો હતો. આ મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે લોકતંત્રની અંદર પોતાની વાત રજૂ કરવી, પોતાનો રોષ વ્યક્ત કરવો એ સૌનો અધિકાર છે. પરંતુ જો આ રોષ ખરેખર રોષ હોય તો તે સામાન્ય ગણી શકાય. પરંતુ ગઈકાલે જે ઘટના ઘટી તે ગુજરાતનાં લોકો માટે, ગુજરાતની રાજનીતિ માટે સીમાચિન્હરૂપ છે. જામનગરમાં કોંગ્રેસનાં ત્રણ કોર્પોરેટર આમ આદમી પાર્ટીમાં જોડાયા.આ જોઈનીંગ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં કોંગ્રેસનાં કાર્યકર્તાઓ જોડાયા. લગભગ કોંગ્રેસ માટે જામનગરમાં હવે કોઈ ગ્રાઉન્ડ બચ્યું નથી. અમને મળતી માહિતી મુજબ આ હુમલાનું પહેલેથી જ ષડ્યંત્ર રચવામાં આવ્યું હતું. ખાસ કરીને હર્ષભાઈની ગુજરાત સરકારની પોલીસની સાથે મળીને આ આગોતરૂ આયોજન હતું. પોલીસને ખબર હતી આવું કંઈક બનવાનું છે. હુમલો



કરનાર વ્યક્તિ સ્ટેજની નજીક જ હતો, પોલીસની નજર પણ હતી. એક નોંધપાત્ર વાત એ છે કે હુમલો થયા બાદ એક પણ પોલીસ હુમલાનો ભોગ બનનાર AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પાસે જોવા મળી ન હતી. એક પણ પોલીસે AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની સંભાળ લીધી નથી. વિસાવદરમાં પણ ચૂંટણી દરમ્યાન બન્ને પાર્ટીઓએ AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને હરાવવા માટે કોઈ કસર છોડી ન હતી. કોઈ પણ ભોગે ગોપાલ ઈટાલિયા હારે તે દિશામાં બન્ને પાર્ટી કામ કરતી હતી. હવે જામનગરમાં કોંગ્રેસનું કદ ઘટી રહ્યું છે, જેથી બન્ને પાર્ટીએ મળીને આમ આદમી પાર્ટીનો અવાજ દબાવવાનું કામ કર્યું છે તે ગઈ કાલની ઘટનામાં સ્પષ્ટ દેખાય છે. AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીનાં નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા પર બુટલેગરો દ્વારા હુમલો, મેતેપૂરા વિધાનસભાનાં મહિલા આગેવાન જીગીષાબેન પારગી પર પથ્થરથી હુમલો, ભરૂચનાં વાગરામાં આમ આદમી પાર્ટીનાં કાર્યકર્તા ધર્મેશ વસાવા પર હુમલો, ગોંડલ માર્કેટ યાર્ડમાં એક કાર્યકર્તાને માર મારવામાં આવ્યો, આમ સતત આમ આદમી પાર્ટી ગુજરાતમાં આગળ વધી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વડોદરામાં વધુ એક લંપટ શિક્ષક સામે છેડતીની ફરિયાદ

## જરોદની સરકારી હાઈસ્કૂલમાં શિક્ષકે 13 વર્ષની વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલા કર્યાનો આરોપ

(એજન્સી) વડોદરા | તા. 06

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના જરોદ ગામમાં સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક દ્વારા 13 વર્ષની વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાની ગંભીર ઘટના સામે આવી છે. આરોપી શિક્ષકે બપોરે રિસેસના સમયે વિધાર્થીની સાથે અડપલા કર્યા હતા તેમજ અગાઉ રક્ષાબંધન પર્વના દિવસે પણ વિદ્યાર્થિની સાથે છેડતી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે જરોદ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આરોપી શિક્ષકનું નામ પ્રગ્નેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ (ઉં. વ.40, હાલ રહે. હાલોલ) જરોદની સરકારી હાઈસ્કૂલમાં ગણિતના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ફરિયાદી વિદ્યાર્થિના પિતાએ જણાવ્યું હતું કે, 3 ડિસેમ્બર, 2025ના બપોરે 1:30થી 2 વાગ્યા દરમિયાન રિસેસના સમયે તેમની દીકરી પ્રિન્સિપાલ ઓફિસ પાસે લોબીમાં સહેલીઓ સાથે ઊભી હતી. તે વેળાએ આરોપી શિક્ષકે ખરાબ ઈરાદે તેના બરડાના ભાગે હાથ ફેરવીને છેડતી કરી હતી. તેની સાથે જ અગાઉ રક્ષાબંધનના એક દિવસ પહેલાં વિદ્યાર્થિની રાખડીઓ બનાવતી હતી, ત્યારે આરોપીએ તેના



બંને હાથ પકડીને પણ અયોગ્ય વર્તન કર્યું હતું.

આ બાબતે વિધાર્થીનીના પિતાએ પોતાના સગાઓ સાથે મળીને શાળાના આચાર્ય પાસે ફરિયાદ કરી હતી. આચાર્યએ સોમવારે શાળા સમિતિની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરીને પગલાં લેવાનું આશ્વાસન આપ્યું હતું. પરંતુ ફરિયાદીને શાળા વ્યવસ્થા કે સમિતિ પર વિશ્વાસ ન હોવાથી તેમણે સીધેસીધું જરોદ પોલીસ સ્ટેશને આવીને ફરિયાદ નોંધાવી છે.

જરોદ પોલીસે આરોપી શિક્ષક પ્રગ્નેશકુમાર પટેલ સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 75(2) તેમજ પોક્સો એક્ટની કલમ 12 હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, માત્ર ત્રણેક દિવસમાં વડોદરા શહેર તેમજ જિલ્લામાં વિદ્યાર્થિનીઓ સાથે છેડતીની આ બીજી ઘટના છે, જેના કારણે શિક્ષણ જગતમાં ફરી એકવાર ચિંતાનું વાતાવરણ સર્જાયું છે.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલ એક વિદ્યાલયમાં શિક્ષક દ્વારા ચાલુ ક્લાસમાં બીભત્સ શબ્દનો ઉપયોગ કર્યો હતો. જેથી વાલીએ આ શિક્ષક સામે ફરિયાદ નોધાવતા પોલીસે શિક્ષકની અટકાયત કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.(વાંચો સંપૂર્ણ સમાચાર) ગુરુના વેશમાં રાક્ષસો!, 8 દિવસમાં ત્રીજી સગીરા સાથે અડપલાંઅમદાવાદ, સુરત ને ફરી અમદાવાદ એમ છેલ્લા આઠ દિવસમાં શિક્ષક દ્વારા સગીર વિદ્યાર્થિની છેડતી કર્યાની ત્રીજી ઘટના સામે આવી છે. ઈસનપુરમાં આવેલી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષકે પાસ કરવાની લાલચ આપીને 13 વર્ષીય સગીર વિદ્યાર્થિનીની છેડતી કરી હતી..

## 'સૌરાષ્ટ્રમાં ગોપાલની લોકપ્રિયતા જોઈ ભાજપ-કોંગ્રેસનું ષડયંત્ર, હુમલાઓને AAP આભૂષણ સમજીને સ્વીકારશે'

# જામનગરમાં ઈટાલિયા પર જૂતું ફેંકવાનો મામલો...




(એજન્સી) સુરત | તા. 06

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વધતા પ્રભાવ વચ્ચે જામનગરમાં AAP નેતા ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકવાની ઘટનાને પ્રદેશ સંગઠન મંત્રી મનોજ સોરઠીયાએ ભાજપ અને કોંગ્રેસનું સંયુક્ત ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે આ ઘટના પર ગંભીર આક્ષેપો કર્યા હતા અને ગુજરાતમાં AAPને રોકવાના સતત પ્રયાસો થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, જામનગરમાં કોંગ્રેસના ત્રણ કોર્પોરેટર તાજેતરમાં AAPમાં જોડાતા કોંગ્રેસ માટે અહીં કોઈ ગ્રાઉન્ડ બચ્યું નથી. આ કારણે જામનગરમાં ભાજપ અને કોંગ્રેસના લોકોએ સાથે મળીને આ હુમલાનું કાવતરું રચ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે, આ હુમલો હર્ષ સંઘવીની પોલીસ સાથે મળીને કરાયેલું આગોતરું આયોજન હતું. હુમલાખોર પર જ પોલીસની નજર હતી. ઈશારો થતાની સાથે જ પોલીસ તાત્કાલિક હુમલાખોરની આસપાસ પહોંચી ગઈ હતી. પોલીસની ફરજ MLAની સુરક્ષાની હોય છે, પરંતુ અહીં ઊલટું જોવા



મળ્યું. એક પણ પોલીસ કર્મચારીએ ગોપાલ ઈટાલિયાને કેટલું લાગ્યું તે પૂછ્યું નહીં.

મનોજ સોરઠીયાએ દાવો કર્યો કે, ગુજરાતમાં AAP આગળ વધી રહી છે, જેના કારણે બંને પાર્ટીઓના 'પેટમાં તેલ રેડાયું' છે. તેમણે નર્મદા, ભરૂચ, ગોંડલ સહિત અનેક જગ્યાઓ પર AAPના કાર્યકર્તાઓ પર હુમલાઓ થતા હોવાનો ઉલ્લેખ કર્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આ ઘટનાને જનતા સામાન્ય ઘટના તરીકે ગણતી નથી અને AAP આ બાબતે સતત સંઘર્ષ કરશે. હુમલાઓને AAP 'આભૂષણ સમજીને સ્વીકારશે' તેમ તેમણે જણાવ્યું હતું. આ ઘટનાક્રમ વચ્ચે AAPના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. તેઓ આવતીકાલે સાંજે રાજકોટ એરપોર્ટ પર આવશે અને બે દિવસ રાજકોટમાં જ રોકાશે. આ પ્રવાસ દરમિયાન જામનગરની ઘટના બાબતે રણનીતિ તૈયાર કરવામાં આવશે, સાથે જ BLOની વેદના અને આપઘાત કરનાર ખેડૂત તેમજ હદદળમાં છૂટેલા ખેડૂતોના સન્માનનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

### ગોપાલ ઈટાલિયા પર ભ્રષ્ટાચારના આરોપનો ઈનકાર

સોરઠીયાએ સ્પષ્ટતા કરી કે, ગોપાલ ઈટાલિયા પર ભ્રષ્ટાચારનો એક પણ આરોપ નથી. જ્યારે તેમણે અગાઉ ગૃહમંત્રી પર જૂતું ફેંક્યું હતું, ત્યારે તેઓ ગુજરાતની સિસ્ટમ અને પરિસ્થિતિથી નારાજ હતા અને લોકોના હિતની વાત કરવાના હતા.

AAP અને કોંગ્રેસના ગઠબંધન પરના સવાલ પર મનોજ સોરઠીયાએ સ્પષ્ટ કર્યું કે, રાષ્ટ્રીય રાજનીતિમાં 'ઈન્ડિયા' ગઠબંધન હેઠળ એક સમયે સાથે હતા, પણ હવે AAP ઈન્ડિયા અલાયન્સ સાથે નથી. તેમણે કહ્યું કે, આજે AAP કોંગ્રેસ કરતાં આગળ વધીને લોકોની પસંદગી બની છે, જેના કારણે કોંગ્રેસને પોતાના અસ્તિત્વનું જોખમ લાગી રહ્યું છે.

## ન્યૂઝ ફ્લેશ

### પંજાબથી સુરત જતો લાખો રુપિયાનો દારૂ ઝડપાયો

પાટણ | પાટણ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પાટણે સિદ્ધપુર પોલીસ સ્ટેશન વિસ્તારની ધારેવાડા ચેકપોસ્ટ નજીકથી 77.11 લાખથી વધુનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જિલ્લાના ઈતિહાસમાં આ પ્રથમ વખતની સૌથી મોટી કાર્યવાહી છે, જેમાં કુલ 1 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

LCB પાટણની ટીમને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પંજાબ રાજ્યમાં ઉત્પાદિત વિદેશી દારૂની કુલ 16,427 બોટલો RJ-27-GB-9889 નંબરના કન્ટેનર ટ્રકમાંથી મળી આવી હતી. દારૂના આ મોટા જથ્થાને ટ્રકમાં બેસનના 684 કટ્ટા (જેમાં ભૂસું ભરેલું હતું) ની આડમાં ખોટા બિલ બનાવીને હેરાફેરી કરવામાં આવી રહી હતી. આ ઓપરેશનમાં દારૂ, કન્ટેનર ટ્રક, બેસનના કટ્ટા, એક મોબાઈલ ફોન (5,000/-), રોકડ 2,150/- અને બેસનના કટ્ટાઓના ઈન્વોઈસ બિલ સહિત કુલ 1,02,38,438/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ ગુનામાં કાલુખાન સુગનેખાન ચોથાખાન જાતે મીર (મુસ્લિમ), રહે. ફતેગઢ, મુસલમાનની વસ્તી, તા. ફતેગઢ, જિ. જેસલમેર (રાજસ્થાન) નામના એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા ડ્રાઈવર આરોપીએ પૂછપરછમાં જણાવ્યું હતું કે દારૂનો આ જથ્થો પંજાબથી ભરીને સુરત પહોંચાડવાનો હતો.

### યુવતીને ભગાડી જવાના મુદ્દે થયેલા હુમલામાં એક યુવક ગંભીર રીતે ઘાયલ

અમરેલી | અમરેલી શહેરમાં મોડી રાત્રે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં યુવતીને ભગાડી જવાના મુદ્દે થયેલા હુમલામાં એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો છે. મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રહેવાસી રાજુભાઈ કૈલાશભાઈ ભાભરે આરોપી સંતોષ ભાયદીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, એક યુવકે તેની બાજુમાં રહેતા વ્યક્તિની પુત્રીને ભગાડી હતી. આ બાબતે પાડોશીનો સાળો સંતોષ ભાયદીયા ઝૂંપડા પાસે ઝઘડો કરવા આવ્યો હતો. ફરિયાદી રાજુભાઈ અને તેમના ભાઈ ટીકુ કૈલાશભાઈ ભાભર ત્યાં પહોંચ્યા હતા. આરોપી સંતોષે તેમને ગાળો ભાંડી હતી, જેનો વિરોધ કરતા સંતોષે ઉશ્કેરાઈને બંને પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ટીકુ ભાભરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઘાયલ ટીકુ ભાભરને તાત્કાલિક અમરેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે ઈજાગ્રસ્તોની પૂછપરછ કરી મોડી રાત્રે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપી સંતોષ ભાયદીયાની ધરપકડ માટે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે.

## યુવકે શ્વાસનળીમાં સ્ટ્રો નાખી 7 વાર ફૂંકો મારી બચાવ્યો...

# યુવકે અત્યંત ઝેરી સાપને CPR આપ્યો

(એજન્સી) વલસાડ | તા. 06

વલસાડ જિલ્લાના પારડીમાં એક અનોખી ઘટના સામે આવી છે, જ્યાં એક જીવદયાપ્રેમી યુવકે અત્યંત ઝેરી રસેલ વાઈપર સાપને સ્ટ્રોની મદદથી CPR આપીને નવજીવન બક્ષ્યું છે. સામાન્ય રીતે મનુષ્યને CPR આપી જીવ બચાવવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં સાપનો જીવ બચાવવામાં આવ્યો.

ઘટનાની વિગતે વાત કરીએ તો પારડીની એક ખાનગી શાળાના કેમ્પસમાં ગઈકાલે બે સાપ જોવા મળતાં સંચાલકોએ જીવદયા ગ્રુપના અલી અન્સારીનો સંપર્ક કર્યો હતો. અલી અન્સારીએ શાળામાં પહોંચીને એક સાપને સુરક્ષિત પકડી લીધો હતો, જોકે બીજા સાપને બચાવવાનો પ્રયાસ કરતી વખતે લાકડાંનો મોટો જથ્થો એના પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં સાપને ગંભીર ઈજા પહોંચી હતી અને એની શ્વાસનળી દબાઈ જવાથી શ્વાસોશ્વાસની ક્રિયા બંધ થઈ ગઈ હતી અને સાપ અર્ધબેભાન થઈ ગયો હતો.

સાપ અર્ધબેભાન થઈ જતાં સાપને બચાવવા માટે અલી અન્સારીએ એને ખુલ્લા મેદાનમાં લાવ્યા હતા અને પહેલા હાથેથી પમ્પિંગ કર્યું હતું, પરંતુ કોઈ હલચલ ન થતાં તેમણે પ્લાસ્ટિકની સ્ટ્રોની મદદથી જોખમ ખેડીને સાપના મોઢામાં નીચેના ભાગે આવેલી શ્વાસ નળીમાં સ્ટ્રો નાખીને પાંચથી સાત વાર પોતાના મોઢેથી ફૂંક મારી કૃત્રિમ શ્વાસ (CPR) આપ્યો હતો. અલી અન્સારીએ સાપને CPR આપતાં થોડીવાર બાદ સાપમાં હલચલ થવા લાગી અને એની શ્વાસનળી ફરી શરૂ થઈ હતી, જેનાથી તેને નવજીવન મળ્યું હતું.

ગઈકાલે તેમને શાળામાંથી ફોન આવ્યો હતો અને સંચાલકોએ જણાવ્યું હતું કે શાળામાં બે અજગર જેવા દેખાતા સાપ છે. હું ઘટનાસ્થળે પહોંચ્યો હતો. અજગર નહીં, પણ અત્યંત ઝેરી 'રસેલ વાઈપર' હતા, જે એશિયાના બીજા નંબરના ઝેરી સાપ ગણાય છે. મેં એક સાપને તો તરત પકડી લીધો હતો, પરંતુ બીજા સાપનું રેસ્ક્યૂ કરતી વેળાએ તેના પર લાકડાનો જથ્થો પડી ગયો હતો.

અલી અન્સારીએ વધુમાં જણાવ્યું હતું કે સાપને ઈજા પહોંચતાં એની શ્વાસ નળી બંધ થઈ હોવાનું મને જણાયું હતું. મેં સાપને પમ્પિંગ કર્યું, પણ સાપમાં કંઈ હલનચલન નહોતું થતું, જેથી શું કરું એ મને સમજાતું નહોતું, પરંતુ તરત મેં સ્કૂલમાં હાજર લોકો પાસે સ્ટ્રો મગાવીને એને CPR આપી જીવ બચાવ્યો હતો. સાપને CPR આપતી વખતે મારે ઘણું ધ્યાન રાખવું પડ્યું હતું, કારણ કે સાપની શ્વાન નળી મોઢાની અંદર નીચેના ભાગે હોય છે.

રસેલ વાઈપર એશિયાનો બીજા નંબરનો સૌથી ઝેરી સાપ છે, મને ડર તો હતો, પણ દિલમાં સાપનો જીવ બચાવવાની ઈચ્છા પ્રબળ હતી. આ ઘટના બાદ અલી અન્સારીએ યુવાનો અને સામાન્ય જનતાને સંદેશ આપતાં જણાવ્યું હતું કે હાલમાં સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવવાના ચક્કરમાં યુવાનો સાપ સાથે રમત કરે છે, જેના કારણે વલસાડ જિલ્લામાં 3-4 યુવાનોએ જીવ ગુમાવ્યા છે. સાપ દેખાય તો એની સાથે છેડછાડ કરવાને બદલે NGO અથવા ફોરેસ્ટ વિભાગને જાણ કરો.



**'અંધશ્રદ્ધાથી દૂર રહો અને સમયસર સારવાર કરાવો' :** અલી અન્સારીએ વધુમાં જણાવ્યું હતું કે જો કોઈને સાપ કરડે તો કોઈપણ ભૂવા, ભગત કે મુલ્લા પાસે સમય બગાડવાને બદલે તાત્કાલિક સરકારી કે પ્રાઈવેટ હોસ્પિટલમાં જવું. અંધશ્રદ્ધામાં લોકોનો જીવ જોખમમાં મુકાઈ શકે છે, જ્યારે સમયસરની સારવારથી 99 ટકા લોકોનો જીવ બચી શકે છે.

દેખાવ: રસેલ વાઈપર સાપ દેખાવમાં અજગર જેવો લાગે છે, પરંતુ તેનું શરીર વધુ પાતળું અને લાંબું હોય છે.

ઝેર: આ સાપનું ઝેર ખૂબ જ કાતિલ હોય છે અને તેની અસર શરીર પર તરત થાય છે.

સ્વભાવ: રસેલ વાઈપર સાપ સામાન્ય રીતે આક્રમક નથી હોતા, પરંતુ જો તેને છંછેડવામાં આવે તો તે હુમલો કરી શકે છે.

આવસ: આ સાપ મુખ્યત્વે રાત્રે સક્રિય હોય છે અને તેના શરીર પર ત્રણની હરોળમાં ટપકાં જોવા મળે છે.

## વડોદરામાં NSUI કાર્યકરોએ ડ્રગ્સ અને દારૂના દૂષણ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું

(એજન્સી) વડોદરા | તા. 06

વડોદરા શહેરના કાલાઘોડા પાસે આવેલી MS યુનિવર્સિટીની કોમર્સ મેઈન બિલ્ડીંગ ખાતે આજે NSUIના કાર્યકર્તાઓએ રાજ્યમાં ડ્રગ્સ અને દારૂના વેચાણ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં કાર્યકર્તાઓએ ભાજપ સામે સુત્રોચ્ચારો કર્યા હતા અને ડ્રગ્સના પ્રતીક તરીકે મીઠું ઊછાળીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સયાજીગંજ પોલીસે 10થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરી છે.

MS યુનિવર્સિટીની કોમર્સ મેઈન બિલ્ડીંગની આસપાસના NSUIના કાર્યકરોએ ભેગા થઈને પોસ્ટરો અને બેનરો સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેઓએ ડ્રગ્સ અને દારૂના વેચાણને લઈને ભાજપ સરકાર પર આક્ષેપો કર્યા હતા, આ વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકર્તાઓએ 'હાય રે ભાજપ, હાય હાય' જેવા સુત્રોચ્ચારો કર્યા હતા અને તેઓએ ડ્રગ્સના પ્રતીક તરીકે મીઠું ઊછાળીને પ્રદર્શન કર્યું હતું, જેમાં તેઓ મીઠું હવામાં ફેંકીને તેના વેચાણ અને વપરાશ વિરુદ્ધ વિરોધ વ્યક્ત કર્યો હતો.

કાર્યકરોએ વડોદરા સહિત રાજ્યભરમાં વધતા જતા ડ્રગ્સ અને દારૂના વેચાણને રોકવા માટે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી. પરિસ્થિતિ તંગ બનતા જોતા સયાજીગંજ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પ્રદર્શનને વિખેરી નાખવાના પ્રયાસો કર્યા હતા અને 10થી વધુ કાર્યકર્તાઓને અટકાયતમાં લીધા હતા.

## ઓશવાળ આયુષ હોસ્પિટલનો ખુલાસો: PMJAY એક્સપર્ટની મંજૂરી બાદ જ સારવાર કરાઈ, દંડ સામે પક્ષ રજૂ કરવામાં આવશે

(એજન્સી) જામનગર | તા. 06

જામનગરની ઓશવાળ આયુષ હોસ્પિટલે PMJAY યોજના હેઠળના કથિત ગોટાળા અને આરોગ્ય વિભાગ દ્વારા કરાયેલા દંડ અંગે સત્તાવાર ખુલાસો કર્યો છે. હોસ્પિટલના સત્તાવાળાઓએ જણાવ્યું છે કે, 35 ઓપરેશન અંગે જે વાત સામે આવી છે, તે તમામ પ્રક્રિયા PMJAYના નિષ્ણાતોની મંજૂરી મેળવ્યા બાદ જ કરવામાં આવી હતી.

હોસ્પિટલને ગઈકાલે બપોરે 12 કલાકે PMJAY યોજના તરફથી એક ઈમેલ મળ્યો હતો. આ ઈમેલ દ્વારા ઓશવાળ આયુષ હોસ્પિટલના કાર્ડિયાક વિભાગને PMJAY યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. આ સાથે હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટને પણ યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

PMJAY યોજના તરફથી 35 દર્દીઓ અંગે ક્વેરી આપવામાં આવી છે. આ અંગે હોસ્પિટલે સ્પષ્ટતા કરી



છે કે, PMJAY યોજનાના પ્રોસેસ ફ્લો મુજબ કોઈપણ સારવાર માટે એક મંજૂરી પ્રક્રિયા હોય છે. હોસ્પિટલ દ્વારા આ 35 દર્દીઓમાં મંજૂરી પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું.

વધુમાં, કોઈપણ કાર્ડિયાક પ્રોસિજર પહેલાં એન્જીયોગ્રાફીના વીડિયો, જરૂરી રિપોર્ટ્સ વગેરે PMJAY યોજનાના પોર્ટલ પર અપલોડ કરવાના હોય છે. PMJAYની નિષ્ણાત ટીમ આ રિપોર્ટ્સ અને વીડિયોની સમીક્ષા કર્યા બાદ જ સ્ટેન્ટ પ્રોસિજર માટે મંજૂરી આપે છે. હોસ્પિટલે જણાવ્યું કે, તેમણે દરેક દર્દીમાં PMJAY યોજનાની મંજૂરી આવ્યા બાદ જ આ પ્રોસિજરો કરી હતી.

હોસ્પિટલના સત્તાવાળાઓએ જણાવ્યું છે કે, સરકારી વિભાગ જ્યારે પણ તેમને બોલાવશે, ત્યારે તેઓ પોતાનો પક્ષ રજૂ કરશે. તેમની પાસે જરૂરી પુરાવાઓ, રિપોર્ટ્સ અને રેફરન્સ ઉપલબ્ધ છે, જે તેઓ સરકાર સમક્ષ રજૂ કરશે અને આ સસ્પેન્શન પાછું ખેંચી લેવા વિનંતી કરશે.

## ટુ-વ્હીલર, રિક્ષા અને કારના 1 હજારથી વધુ ગુજરાતી સારથી તરીકે જોડાયા

# નવા વર્ષથી રાજકોટમાં દોડશે ભારત ટેક્સી

(એજન્સી) રાજકોટ | તા 06

"ભારત ટેક્સી છે એ આપણી ટેક્સી છે, આપણી એપ છે અને આપણી રીતે ચલાવવાની છે" - આ સૂત્ર સાથે વિશ્વનું સૌથી મોટું ડ્રાઈવર-માલિકી નેટવર્ક 'ભારત ટેક્સી' હવે રાજકોટમાં પગપેસારો કરી ચૂક્યું છે. દિલ્હી બાદ ગુજરાતમાં પ્રથમ વખત રાજકોટમાં 26 નવેમ્બરે સોફ્ટ લોન્ચ થયું અને પહેલા જ દિવસે 200થી વધુ ડ્રાઈવરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. હાલ અહીં 1000થી વધુ ટુ-વ્હીલર, રિક્ષા અને કાર ડ્રાઈવરો જોડાઈ ચૂક્યા છે, જ્યારે ગુજરાત-દિલ્હી મળીને આખા દેશમાં 51 હજારથી વધુ ડ્રાઈવરો સરકાર માન્ય ભારત ટેક્સીમાં રજિસ્ટર્ડ થયા છે.

ડિસેમ્બર અંત સુધીમાં કસ્ટમર એપ લોન્ચ થતાં જ રાજકોટના લોકોને અન્ય ખાનગી કેબ કંપનીઓ કરતા સસ્તી અને કમિશન-ફ્રી રાઈડ સેવા મળવા લાગશે, કારણ કે અહીં ડ્રાઈવર જ માલિક છે.આ સેવામાં જોડાનારા ડ્રાઈવરોને સારથી તરીકે ઓળખવામાં આવશે. રાજકોટમાં સહકાર ટેક્સીના એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ સંદીપ પટણીએ જણાવ્યું હતું કે, ભારત ટેક્સીની શરૂઆત સૌપ્રથમ દિલ્હીમાં કરાઈ હતી અને ત્યારબાદ ગુજરાતના રાજકોટ શહેરમાં કિસાનપરા ચોક ખાતે 26 નવેમ્બરના રોજ ડ્રાઈવર રજિસ્ટ્રેશન એપ્લિકેશન લોન્ચ કરી હતી. આ લોન્ચિંગ સહકાર ટેક્સીના ઉચ્ચ અધિકારી ગૌતમ ગાંગુલી, એક્ઝિક્યુટિવ સંદીપ પટણી, અને બોર્ડ ઓફ ડિરેક્ટર કિશનભાઈની હાજરીમાં કરવામાં આવ્યું હતું. અમદાવાદ તથા રાજકોટ સહિત રાજ્યભરના ડ્રાઈવરભાઈઓએ આ સમારોહમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લોન્ચિંગના પહેલા દિવસે જ 200-250 જેટલા ડ્રાઈવરોએ ભારત ટેક્સી માટે રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું. અત્યાર સુધીમાં ઓલઓવર ગુજરાતના 1 હજાર કરતાં પણ વધુ ડ્રાઈવરો અમારી સાથે જોડાઈ ચૂક્યા છે.ભારત ટેક્સીની એક અનોખી વિશેષતા એ છે કે, તેમાં કોઈ કમિશન ચાર્જ નહીં લાગે. ડ્રાઈવરોએ ફક્ત સબ્સ્ક્રિપ્શન ફી ચૂકવવાની રહેશે. જે દૈનિક, સાપ્તાહિક અથવા માસિક હોઈ શકે છે. આ રીતે દરેક ટ્રીપમાંથી થતી સંપૂર્ણ કમાણી સીધી ડ્રાઈવરના ખિસ્સામાં જશે.સરકાર માને છે કે, આનાથી આર્થિક રીતે મજબૂતાઈ મળશે અને લાખો ડ્રાઈવરોનો આત્મવિશ્વાસ વધશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, અન્ય પ્રાઈવેટ કેબ કંપનીઓ 20થી 25% કમિશન લેતી હોય છે પરંતુ, જે ભારત ટેક્સી આવવાની છે તેમાં કોઈપણ પ્રકારનો અન્ય ચાર્જ લેવામાં નહીં આવે અને સીધો લાભ ડ્રાઈવરોને મળવાનો છે. ગુજરાત અને દિલ્હીમાં અત્યાર સુધીમાં 51 હજારથી પણ વધુ ડ્રાઈવરો રજિસ્ટર્ડ થઈ ચૂક્યા છે. ભારત ટેક્સી માટેની કસ્ટમર એપ ડિસેમ્બરના અંત સુધીમાં આવી જશે અને ત્યારબાદ લોકોને ભારત ટેક્સીની સુવિધા મળતી શરૂ થઈ જશે. આ ઉપરાંત ટેક્સીના ભાડા બાબતે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, ભારત ટેક્સીમાં થનારો ફાયદો ડ્રાઈવરો અને લોકોને દેખાશે. જેનો ચાર્જ સરકારના ધારા ધોરણ મુજબ રહેશે સરકાર દ્વારા જે ચાર્જ નક્કી કરવામાં આવશે તે મુજબ જ મુસાફરો પાસેથી ચાર્જ વસૂલવામાં આવશે. અંતમાં તેમણે જણાવ્યું હતું.

## નાસ્તા ફરતાં આરોપીને જૂનાગઢ SOGએ વડોદરાથી દબોચ્યો

(એજન્સી) જુનાગઢ | તા. 06

જૂનાગઢ SOGએ ફરી એકવાર પોતાની સતર્કતા અને ટેકનિકલ કુશળતાનો પરિચય આપ્યો છે. જૂનાગઢ શહેર બી ડિવિઝનમાં હથિયારના ગંભીર ગુનામાં છેલ્લા સાત વર્ષથી કાયદાની પકડમાંથી નાસતા ફરતા આરોપીને વડોદરા ખાતેથી ઝડપી પાડ્યો છે.

SOG પીઆઈ આર.કે. પરમાર દ્વારા આરોપીને શોધવા માટે ટીમ બનાવવામાં આવી હતી. આ દરમિયાન, SOGના એ.એસ.આઈ. રમેશભાઈ માલમ અને પો.કોન્સ. અરવિંદભાઈ વાવેચાને ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી મળી હતી કે હથિયારના ગુનામાં સંડોવાયેલો જૂનાગઢનો દીપેશ ઉર્ફે દીપુ રસીકલાલ મોહનલાલ વાઘેલા વડોદરા ખાતે છુપાયેલો છે.

આ બાતમીના આધારે SOGની ટીમે વડોદરા ખાતે જઈને આરોપીને ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી માટે તેને જૂનાગઢ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યો છે.

જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા અને એસપી સુબોધ ઓડેદરાના આદેશ થી SOGની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સનો સુચારુ ઉપયોગ કરીને વર્ષો જૂના કેસના આરોપીને શોધી કાઢ્યો.

આ સફળ કામગીરી એ વાતનો પુરાવો છે કે પોલીસ તંત્ર ગુનાખોરીને જડમૂળમાંથી ઉખેડી ફેંકવા માટે સતત પ્રયત્નશીલ છે અને ગુનેગાર ભલે ગમે તેટલો સમય છુપાઈ રહે, કાયદાના હાથમાંથી બચી શકતો નથી. આ સમગ્ર સફળ કામગીરીમાં SOGના પીઆઈ આર.કે. પરમાર, એ.એસ.આઈ રમેશભાઈ માલમ, પો.હેડ કોન્સ. અનિરુદ્ધભાઈ વાંક અને પો.કોન્સ. અરવિંદભાઈ વાવેચા સહિતના સ્ટાફે યોગદાન આપ્યું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો.

**વૃષભ : બ. વ. ઉ.**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો.

**મિથુન : ક. છ. ઘ.**

તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું। સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો.

**કર્ક : ડ. હ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**સિંહ : મ. ટ.**

આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**કન્યા : પ. ઠ. ણ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**તુલા : ર. ત.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે.

**મકર : ખ. જ.**

તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો.

---

ઓનલાઇન મિત્રતા કેળવીને મહિલા સાથે વિશ્વાસઘાત કર્યો

# મહિલા સાથે દુષ્કર્મ આચરનાર શખ્સ, મદદગારી કરનાર ડાકોરના પીએસઆઈ વિરૂદ્ધ ફરિયાદ

## પીએસઆઈએ પણ અડપલાં કરીને વીડિયો ઉતાર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ

ગાંધીધામ: કચ્છના અંજાર તાલુકાના મેઘપર બોરીચી ગામે રહેતી પરિણિત મહિલાને ભગાડી તેની સાથે દુષ્કર્મ આચાર્યાની ફરિયાદ અંજાર પોલીસ મથકે નોંધાવાઈ છે. ભોગ બનનાર મહિલાએ ઓનલાઈન એક પુરૂષ સાથે મિત્રતા કરી હતી. જે શખ્સે મહિલાના ઘરે જઈ અને તેને ભગાડી ડાકોર ખાતે લઈ ગયા બાદ ત્યાં આરોપીના મિત્ર ડાકોર પીએસઆઈએ મહિલાનો અશ્લીલ વીડિયો ઉતાર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. અંજાર પોલીસે મહેસાણા જિલ્લામાં રહેતા આરોપી અને મદદગારી કરનાર ડાકોરના પીએસઆઈ સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અંજાર પોલીસમાં ભોગ બનનાર મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, મહેસાણાના બાસણા ગામે રહેતો આરોપી ગૌરવ બાબુભાઈ ચૌધરી સાથે મહિલાની ઓનલાઈન મિત્રતા થઈ હતી અને આરોપી તા. ૧૦-૭-૨૫ના સવારના સમયે મહિલાના ઘરે આવ્યો હતો અને કપડાં અને જે પણ હોય તે લઈ અને મારી સાથે ચાલ એવું કહ્યું હતું. જેથી મહિલાએ ઘરમાં પડેલા રૂ. ૧. ૨૦ લાખ અને કપડાં ભરેલો બેગ લઈ ગૌરવ સાથે બોલેરોમાં બેસી નીકળી ગઈ હતી.આ દરમિયાન ગૌરવના મિત્ર વિસનગરના મગરોડા ગામના વતની અને ડાકોર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આકાશ ચૌધરીનો તેને ફોન આવ્યો હતો અને ડાકોર આવી જવાનું કહેતા તે ડાકોરની હોટેલમાં પહોંચ્યા હતા. જ્યાં પીઈએસઆઈ આકાશ પણ પહોંચ્યો હતો અને આકાશે મહિલા સાથે અડપલાં કરી તેનો અશ્લીલ વિડીયો ઉતાર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. તે બાદ ત્યાંથી પીએસઆઈ ચાલ્યો ગયો હતો. જ્યારે આરોપી ગૌરવે મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું એના બીજા દિવસે આકાશે પાવાગઢ જતા રહેવાનું કહેતા તેઓ ગયા હતા. ત્યાં પણ ગૌરવે મહિલા પર દુષ્કર્મ આચાર્યું હતું. જે બાદ આકાશે ગોધરા જવાનું કહેતા તેઓ ત્યાં ગયા હતા અને ત્યારથી એક કાર તેમને લેવા અમદાવાદથી આવી હતી તેના ડ્રાઈવરે મહિલાને તેના બાળકોને મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ ફરિયાદી મહિલા અને ગૌરવ અમદાવાદ આવ્યા હતા. જ્યાં ગૌરવની બહેન મળી હતી જેણે ભોગ બનનાર મહિલાને ખેરાલુ મોકલી હતી. જે બાદ ગૌરવ મહિલાને ખેરાલુથી તેના ગામ બાસણા ખાતે લઈ ગયો હતો. જ્યાં ગૌરવના ઘરે તેની બીજી બહેન પણ હતી અને આરોપીની બંને બહેનોએ ફરિયાદી મહિલાને ધમકાવી હતી. જેના બીજા દિવસે મહિલાના માતા-પિતા બાસણા ગામે આવ્યા હતા. મહિલા તેના પિયર જતી રહી હતી. જે બાદ ગૌરવ બાબુ ચૌધરી, આકાશ ચૌધરી અને ગૌરવની બંને બહેનો અને ગોધરાથી અમદાવાદ લઈ જનાર કારના ડ્રાઈવર વિરુદ્ધ મહિલાએ ફરિયાદ નોંધાવી હતી.

---

પ્રવાસન સ્થળ પરિસરમાં બીજા દિવસે ચેકિંગ

## આણંદ જિલ્લામાં 25 પેઢીઓ પાસેથી ખાદ્ય પદાર્થના 12 નમૂના લેવાયા



આણંદ: આણંદ જિલ્લામાં સતત બીજા દિવસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે યાત્રાધામ અને પ્રવાસન સ્થળોએ ખાદ્ય પદાર્થોનું ચેકિંગ કર્યું હતું. જેમાં ૨૫ પેઢીઓ પાસેથી ૧૨ ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા હતા. ૪ કિલો બિન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરાયો હતો. આણંદ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મહીસાગર માતાજી મંદિર અને વહેરા ખાડી મંદિર પરિસરની આસપાસ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા ૧૧ લારી ગલ્લાઓની તપાસ કરવામાં આવી છે. જેમાં ૨ પેઢીઓ પાસેથી પાપડીનો લોટ અને ચાણા દાળના નમૂના લેવામાં આવ્યા હતા.વાસદના મહીસાગર મંદિર ખાતે ૪ પેઢીની તપાસ કર્યા બાદ ૧ લીટર બળેલું તેલ, ૩ કિલો વાસી પાપડી અને ૫૦૦ ગ્રામ ચટણી બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થ હોવાથી નાશ કરવામાં આવ્યો હતો. ઈસ્કોન મંદિરની બાજુમાં ૫ પેઢીમાં તપાસ કરીને ૪ નમૂના લેવામાં આવ્યા હતા. લોટીયા ભાગોળ વિસ્તારમાં ૫ પેઢીમાં તપાસ કરીને ૬ નમૂના લેવામાં આવ્યા છે. બીજા દિવસે પણ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ૨૫ પેઢીમાં તપાસ કરીને ૧૨ નમૂના મેળવ્યા છે.

---

ડાકોર-રાણીયા ફાટક નજીક અકસ્માત

## સાયકલ લઈને ઉભેલા વૃદ્ધનું અજાણ્યા ડમ્પરની ટક્કરે મોત

આણંદ: ડાકોર-રાણીયા ફાટક નજીક પૂરપાટ ડમ્પર લઈને આવતા ચાલકે સાયકલ લઈને ઉભેલા એક વૃદ્ધને ડમ્પરની ટક્કર માર્યા બાદ વૃદ્ધની ઉપર ડમ્પર ચઢાવી દેતા વૃદ્ધનું મોત થયું હતું. આ બનાવ અંગે આણંદ રેલવે પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઠાસરા તાલુકાના રખીયાલ ગામે રહેતા ૭૮ વર્ષીય ગોવિંદભાઈ લક્ષ્મીદાસ પટેલ ગતરોજ પુનમ હોવાથી ઘરેથી સાયકલ લઈને ડાકોર મંદિરે દર્શન કરવા માટે જવા નીકળ્યા હતા. જે બાદ સાંજના સમયે ડાકોર-રાણીયા રેલવે લાઈન ઉપર ફાટક બંધ હોવાથી તેઓ સાયકલ લઈને ઊભા હતા. તે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી ચડેલા ડમ્પરના ચાલકે ટક્કર મારતા તેઓ રોડ ઉપર પટકાયા હતા અને ડમ્પર તેમના શરીર ઉપર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ અકસ્માત અંગે આણંદ રેલવે પોલીસને જાણ થતા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન બિનવારસી હાલતમાં મૂકી ફરાર થઈ ગયો હતો.

---

## ફાયર સેફ્ટીના અભાવે 11 હોસ્પિટલોને નોટિસ, 5 દિવસમાં ખામી દૂર કરો...

ભાવનગર:ભાવનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગે હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થાને લઈને સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ગંભીર બેદરકારી સામે આવી છે, જેમાં કુલ 11 હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીના સાધનોમાં ખામીઓ અને નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, ફાયર વિભાગે તાત્કાલિક અસરથી આ 11 હોસ્પિટલોને નોટિસ ફટકારી છે. તંત્રનો આદેશ છે કે હોસ્પિટલોમાં દર્દીઓના જીવ જોખમાય નહીં તે માટે ફાયર સેફ્ટીની પૂરતી વ્યવસ્થા હોવી અનિવાર્ય છે.

---

જામકંડોરણાના શખ્સ સામે ફરિયાદ

## જોડીયા તાલુકાના પીઠડ ગામના એક યુવાન સાથે જેસીબી ભાડે લઈ જવાના બહાને છેતરપિંડી

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના પીઠડ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા હરજીભાઈ મોમભાઈ બાંભવા નામના ખેડૂત યુવાને પોતાનું જેસીબી ભાડેથી મેળવી લીધા બાદ રૂપિયા પંદર લાખનું જેસીબી પચાવી પાડી તેનું આશરે સાડા દસ લાખ જેટલું ભાડું નહીં ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામકંડોરણા ના વતની રવિરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સામે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.પોતાનો ખાનગી કંપનીમાં કોન્ટ્રાક્ટ ચાલે છે, તેમાં જે.સી.બી. ચલાવવુ છે અને પ્રતિમાસ 1,30,000નું ભાડું આપશે, તેવો સોદો અને કરાર કરી સૌ પ્રથમ એક મહિનાનું ભાડું બેંક મારફતે ચૂકવી દીધું હતું, ત્યારબાદ છેલ્લા 8મહિના ના ભાડાના પૈસા આપવામાં અખાડા કરતો હતો, અને અનેક બહાના બતાવતો હતો. આખરે જેસીબી મશીન પાછું આપવાનો પણ ઈનકાર કરી દેતાં આખરે મામલો પંચકોસી એ.ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને જામકંડોરણાના શખ્સ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવાઈ છે.

---

જામનગર તાલુકાના નવા નાગના ગામના

## બે ખેડૂતોની જમીનમાં ખાનગી કંપની દ્વારા ગેરકાયદે ખોદકામ કરી રૂપિયા ચાર લાખની માટીની ચોરી કરી લેવાઇ



જામનગર તાલુકાના નવા નાગના ગામમાં આવેલી બે ખેડૂતોની ખેતીની જમીનમાં એક ખાનગી કંપનીના કર્મચારીઓ દ્વારા ગેરકાયદે રીતે ખોદકામ કરી લેવાયું હતું, અને અંદાજે રૂપિયા ચાર લાખની કિંમતનું ખનીજ (માટી)ની ચોરી કરી લેવામાં આવી હોવાનું સામે આવ્યું છે, અને તે મામલે ખેડૂતની ફરિયાદના આધારે બેડી મરીન પોલીસ મથકમાં ખાનગી કંપનીના જવાબદાર કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના નવા નાગના ગામમાં રહેતા અને ખેતી કામ કરતા જીતેન્દ્ર રામજીભાઈ રાઠોડ નામના ખેડૂતે પોતાની સર્વે નંબર 151 વાળી જમીન, તેમજ બાજુમાં જ આવેલી અન્ય ખેડૂતની સર્વે નંબર ૧૫૦ વાળી જમીન, કે જે બંને જમીનમાંથી છેલ્લા નવ મહિનાના સમયગાળા દરમિયાન એ.એન્ડ ટી. પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીના જવાબદાર કર્મચારીઓ વગેરે દ્વારા ખોદી લેવામાં આવી હતી, અને તેનો ઉપયોગ પોતાની કંપની માટે કરી લેવાયો હતો.આ મામલે ખેડૂત દ્વારા જામનગર જિલ્લા કલેક્ટર સમસ સ્વાગત ફરિયાદ નિવારણ ના અનુસંધાને અરજી કરી હતી. જેની સુનાવણી દરમિયાન તપાસમાં ખાનગી કંપનીએ બંને ખેડૂતોની જમીનમાંથી આશરે ચાર લાખથી વધુની માટીનું ખોદકામ કરી લીધું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું અને કુલ 1646.76 મેટ્રિક ટન માટે કાઢી લેવાઇ હતી, જેની અંદાજિત કિંમત 4,06,339 થવા જાય છે. આખરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધવા કાર્યવાહી થઈ હતી.


આથી બેડી મરીન પોલીસ સ્ટેશનના પી.આઇ. વી.એસ. પોપટ અને તેઓની ટીમે ખેડૂત જીતેન્દ્ર રાઠોડ ની ફરિયાદના આધારે ખાનગી કંપનીના જવાબદાર કર્મચારીઓ સામે ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 303 (2) મુજબ ગુનો નોંધ્યો છે, અને સ્થાનિક જગ્યાનું પંચનામુ અને સર્વે કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

---

દારૂની ૧૬,૧૮૮ બોટલ, ટ્રક સહિતની રૂ. ૧.૨૩ કરોડની મત્તા જપ્ત, એક આરોપી ઝડપાયો, ૬ ફરાર

## ગોબલજ પાસે ટ્રકમાંથી રૂપિયા 93.95 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(એજન્સી) નડિયાદ | તા.06



રાજ્યમાં દારૂબંધી હોવા છતાં અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં ગેરકાયદે દારૂનો જથ્થો ઘુસાડવાના પ્રયાસ પર સ્ટેટ મોનીટરીંગની ટીમે સપાટો બોલાવ્યો છે. ગોબલજ ગામ પાસેથી ટ્રકમાંથી ૯૩.૯૫ લાખની કિંમતની ૧૬,૧૮૮ વિદેશી દારૂની બોટલનો જથ્થો ઝડપાયો હતો. તેમજ પોલીસે એક રાજસ્થાનના શખ્સની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય છ ફરાર શખ્સોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.ખેડા તાલુકાના ગોબલજ ગામ પાસે ખોડિયાર હોટલના પાર્કિંગમાં એસએમસીની ટીમે દરોડો પાડયો હતો. આ રેડ દરમિયાન એક ટ્રક કન્ટેનરમાંથી કિંમત રૂપિયા ૯૩,૯૫,૮૨૦ની વિદેશી દારૂની કુલ ૧૬,૧૮૮ બોટલો મળી આવી હતી. આ દારૂનો જથ્થો પંજાબની યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ, પર્નોડ રિકાર્ડ ઈન્ડિયા પ્રા. લિ., અને મોહન મેકિન લિમિટેડ જેવી ડિસ્ટિલરીઝમાં બનેલો હતો અને તે ફક્ત પંજાબમાં વેચાણ માટેનો હતો. રેડ દરમિયાન પોલીસે કિં.રૂ. ૩૦,૦૦,૦૦૦નું ટ્રક કન્ટેનર, કિં.રૂ. ૨૦૦ની ૨ તાડપત્રી, રૂ. ૭૮૦ રોકડા, કિં.રૂ.૩૦૦૦નો ૧ મોબાઈલ, વિદેશી દારૂના જથ્થા સહિતનો રૂપિયા ૧,૨૩,૯૯,૮૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી ભાવરારામ પુરારામ જાટ (રહે. દાનપુરા, જિ. બાડમેર, રાજસ્થાન) નામના એક આરોપીની ધરપકડ કરી તેને ખેડા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી ઝડપાયેલા અને ફરાર શખ્સો હરિયાણાનો નરેશ ઉર્ફે અનિલ (ચંદીગઢથી દારૂનો સપ્લાયર), ટ્રક કન્ટેનરનો માલિક, દારૂ ભરેલો ટ્રક ગુરુગ્રામ ખાતે આપનાર અજાણ્યો ડ્રાઈવર, અમદાવાદ રિંગ રોડ પર ટ્રક લેનાર અને પાછો આપનાર બે અજાણ્યા વ્યક્તિઓ તેમજ ગુજરાતમાં દારૂનો ઓર્ડર આપનાર અજાણી વ્યક્તિ સહિત કુલ ૬ ફરાર આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

---

## ભાભરમાં રૂ.15.42 કરોડના ખર્ચે તૈયાર થનાર કોલેજનું ભૂમિપૂજન

(એજન્સી) ભાભર | તા.06

ભાભરની વર્ષો જૂની સરકારી કોલેજની માંગ હતી. વર્ષોથી સરકારી કોલેજ ભાડાના મકાનમાં ચાલે છે જેનું સુવિધા યુક્ત મોટા બિલ્ડીંગ માટે રૂ. 15.42 કરોડ મંજૂર થતાં લોકો વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી રહી છે. આજ રોજ સોમવારે ભાભર મુકામે ભાભર-રાધનપુર હાઈવે પર મામલતદાર કચેરીની પાસે નવી બિલ્ડીંગના નિર્માણ માટે ખાતમુહૂર્તનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતના ખાદી કુટીર અને ગ્રામ ઉદ્યોગના સરકારના મંત્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે રૂપિયા 15.42 કરોડના ખર્ચે સરકારી વિનયન કોલેજના નવા બિલ્ડીંગનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે આ નવી શિક્ષણ સંસ્થા ભાભર તાલુકા તથા આસપાસના વિસ્તારના યુવાઓ માટે ગુણવત્તા સરભર તેમજ ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડશે.

---

દારૂબંધીના ધજાગરા : ડીજેના તાલે નશામાં ઝૂમતા મહેફિલના દ્રશ્યોથી ખળભળાટ

## ચકલાસીમાં બર્થડે પાર્ટીમાં જાહેરમાં બિયર પીતા હોવાનો વીડિયો વાયરલ



નડિયાદ: નડિયાદના ચકલાસી વિસ્તારમાં ગુરૂવારે ગનીભાઈ નામના વ્યક્તિની જન્મ દિવસની ઉજવણીમાં જાહેરમાં બિયરના ટીન પીતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. રાજ્યમાં દારૂ અને ડ્રગ્સની બદીઓ વિરૂદ્ધ આક્રમક રીતે વિરોધ કરવામાં આવી રહ્યો છે, ત્યારે આવા દ્રશ્યો સામે આવતા તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં જાહેરમાં દારૂ પીવાતો હોવાનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. નડિયાદના ચકલાસીનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ચકલાસી વિસ્તારમાં ગનીભાઈ નામના વ્યક્તિની બર્થડે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણી દરમિયાન બિયરના કેન પીવાયા હોવાનું અને ડીજેના તાલે નશામાં ઝૂમતા મહેફિલના દ્રશ્યો વીડિયોમાં દેખાઈ રહ્યાં છે. રાજ્યમાં દારૂ અને ડ્રગ્સ મામલે રાજ્ય સરકારને ભીંસમાં લેવામાં આવી રહી છે ત્યારે આ દ્રશ્યો જાણે લડતને સાચી ઠેરવતું હોય તેવા દ્રશ્યો સામે આવતા તંત્ર સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

---

વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી

## મેમણ સમાજના સમૂહ લગ્નમાં 18 દુલ્હા-દુલ્હન લગ્નગ્રંથિથી જોડાશે

(એજન્સી) જામનગર | તા.06

હાલાઇ મેમણ જમાત દ્વારા વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી 19માં સમૂહ શાદીનું ભવ્ય આયોજન જામનગર ખાતે કરવામાં આવ્યું છે. તા. 7 ડિસેમ્બરના રોજ યોજાનારા આ સમૂહ લગ્નોત્સવમાં 18 દુલ્હા-દુલ્હન નિકાહના પવિત્ર બંધનથી જોડાશે.આ કાર્યક્રમ ના મુખ્ય અતિથિ પદે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશન, ઈન્ડિયાના પ્રમુખ ડૉ. હનીફ અધાડી તેમજ અન્ય અતિથિ વિશેષમાં વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો અહેસાન ગડાવાલા, શરીફ મેમણ, ઈમ્તીયાઝ મોટરવાલા, અબ્દુલ કાદીર મેમણ, મુદસર પટેલ, ફારૂક સુરીયા, શકીલ બાટલીવાલા, શાકીર બાટલીવાલા, રીયાઝ તેલી, રફીક નુરમામદ સત્યા સહિતનાઓ મંચ શોભાવશે. આ રોયલ સમૂહ શાદી કાર્યક્રમમાં તા. 7.12.2025ના રોજ રાત્રે 10 વાગ્યે હાલાઇ મેમણ જમાત હોલ ખાતે નાત શરીફનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે, જેના શબ્બીર રઝા અઝહરી-સુરત અને મુફતી અયુબ રજા અમજદી-કોલકાત્તા નાત બયાન કરશે. અને નિકાહ તા.7.12.2025ના રોજ રાત્રે ઈશા નમાજ બાદ ટાઉનહોલ ખાતે તેમજ દાવત-એ-વલીમા તા. 8.12.2025ના રોજ બપોરે હાલાઇ મેમણ જમાત હોલ ખાતે જ યોજાશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હાલાઇ મેમણ જમાત-જામનગરના પ્રમુખ હાજી અબ્દુલ રસીદ હાજી મ. હનિફ લુસવાલા (ગુડલક) સહિત ફારૂક હાજી અ. કાદર ગજાઇ, હાજી ઈકબાલ મ.યુસુફ ગનીવાલા, હાજી રઉફ અ. સતાર નગીના વાડીવાલા, હાજી ઈકબાલ અ. કાદર દાલુ, હાજી અસરફ નુરમહમદ હાજી રફીક નાનીવાલા, સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

---

કાયદા મુજબ, તાત્કાલિક પીડિતાને તબીબી તપાસ માટે મોકલી ન હતી

## ધ્રોળ પંથકના જાળીયા માનસરની સગીરા પર ગેંગરેપ કેસમાં હાઇકોર્ટે જામનગર-ધ્રોલ પોલીસનો ઉધડો લીધો

(એજન્સી) જામનગર | તા.06

જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના જાળીયા માનસર ગામમાંથી 2019ની સાલમાં એક સગીરાના અપહરણ અને ગેંગરેપ ના ભારે ચર્ચાસ્પદ કેસમાં ગુજરાત હાઇકોર્ટે જામનગર પોલીસની તપાસમાં ગંભીર ઉદાસીનતા અને નિષ્કાળજીને લઈ ઉધડો લઈ નાખ્યો હતો. જસ્ટિસ વિમલ કે.વ્યાસે સમયસર પોલીસ ફરિયાદ નહી લેવા બદલ અને સમગ્ર મામલામાં જામનગર એસપીને તપાસ સોંપી મેડિકલ એક્ઝામીનેશન નહી કરાવવા બદલ ભારે ઝાટકણી કાઢી વિગતવાર ખુલાસા સાથેનો રિપોર્ટ રજૂ કરવા હુકમ કર્યો હતો.હાઈકોર્ટ આગામી મુદતે તા. 17મી ડિસેમ્બરે જામન્ગર એસપીને વર્ચ્યુઅલ મોડમાં કેસની સુનાવણી દરમ્યાન હાઇકોર્ટની ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેવા ફરમાન કર્યું છે.


પોલીસના વલણથી નારાજ ફરિયાદીએ રાજયના પોલીસ વડા, રાજ્યના મુખ્ય સચિવ, જામનગર એસપી, ધ્રોળ પીઆઈ સહિતના સત્તાધીશોને ફરી એકવાર લેખિત રજૂઆત કરી હતી. જેને પગલેઆખરે બાદમાં તા.9-7-2019ના રોજ આ કેસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, પરંતુ તેમ છતાં પોલીસ દ્વારા આરોપીઓ સામે તેમાં રેપની કોઈ કલમ ઉમેરવામાં આવી ન હતી.હાઇકોર્ટે ગંભીર અવલોકન કરતાં જણાવ્યું હતું કે, બનાવના ચાર વર્ષ બાદ પીડિતા મળી આવી હતી અને તા.3-7-2023ના રોજ તત્કાલની તપાસ અધીકારી દ્વારા તેનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. જેમાં પીડિતાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેની પર માગો, કિશોર, સુનીલ, દિગો, તલી, સંજય, હસમુખ, કમલેશ અને વિજયે તેની ઈચ્છા વિરૂધ્ધ તેની પર બેરહમીથી બળાત્કાર ગુજાર્યો હતો. પીડિતાના આ નિવેદન બાદ પણ પોલીસે તેને મેડિકલ એક્ઝામીનેશન કે તબીબી તપાસ માટે મોકલવામાં આવી ન હતી, કે સીઆરપીસીની કલમ-164 હેઠળ મૅજિસ્ટ્રેટ રૂબરૂ તેનું કોઈ નિવેદન નોંધવામાં આવ્યું ન હતું. એટલે સુધી કે, પોલીસ દ્વારા સંબંધિત પ્રકરણમાં બળાત્કારની કલમ પણ આરોપીઓ વિરૂધ્ધ ઉમેરવામાં આવી ન હતી, જે બહુ ગંભીર અને આઘાતજનક છે. એ પણ એટલી જ હકીકત છે કે, આ કેસમાં હજુ સુધી કોઈ આરોપીની ધરપકડ સુધ્ધા કરવામાં આવી નથી. કે જ્યારે તેઓ સ્થાનિક રહેવાસીઓ જ છે.

પોલીસ દ્વારા મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ન તો સમરી રિપોર્ટ ફાઈલ કરાયો છે કે, ન તો ચાર્જસીટ દાખલ કરાયુ છે. પોલીસ દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટમાં પણ પીડિતાના નિવેદનની સત્યતા પર શંકા વ્યક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખુદ પોલીસે સ્વીકાર્યું કે, તેમણે કાયદા મુજબ, તાત્કાલિક પીડિતાને તબીબી તપાસ માટે મોકલી ન હતી. આમ, સમગ્ર કેસની ચિંતાજનક અને સંવેદનશીલ હકીકતોને ધ્યાનમાં લેતાં સમગ્ર કેસની તપાસ જામનગર એસપીને કરવા અને આ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા હુકમ કરવામાં આવ્યો છે. વધુમાં, આગામી મુદતે તા.17-12-2025ના રોજ જામનગર એસપીએ હાઈકોર્ટ સમક્ષ આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન વર્ચ્યુઅલ મોડમાં અચૂક હાજર રહેવાનું રહેશે.

---

પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી

## ખેડામાં બસ સ્ટેશનથી ચોકડી વિસ્તાર સુધીના 100થી વધુ દબાણો હટાવાયા



(એજન્સી) નડિયાદ | તા.06

ખેડામાં બસ સ્ટેશનથી ચોકડી વિસ્તાર સુધીના માર્ગ પર ૧૦૦થી વધુ દબાણો દૂર કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં દબાણ હટાવતા રસ્તો પહોળા થયા છે.

ખેડામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણો હટાવવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દબાણોની સમસ્યાના નિરાકરણ માટે કલેક્ટરે તાત્કાલિક દબાણો દૂર કરવા માર્ગ અને મકાન વિભગને આદેશ કર્યો હતો. જેના પગલે આજે માર્ગ અને મકાન વિભાગ અને પાલિકાનો સ્ટાફ તેમજ પોલીસ બંદોબસ્ત સાથે દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડા બસ સ્ટેશનની આસપાસ દબાણો કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં આ દબાણો ૧૦૦ દબાણો હટાવવામાં આવ્યા છે. માર્ગો પર દબાણો સંપૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

### વીજળીનું ઉત્પાદન વાર્ષિક ધોરણે ૦.૫% વધીને ૧૩૪ અબજ યુનિટ થયું

# નવેમ્બરમાં વીજળીની માંગ ઘટવા સાથે હાજર ભાવમાં 9%નો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

નવેમ્બરમાં ભારતની વીજળીની માંગ ૦.૩% ઘટીને ૧૨૩ અબજ યુનિટ (બીયુ) થઈ છે, જે એક વર્ષ પહેલા નીચા તાપમાનને કારણે ૧૨૪ અબજ યુનિટ હતી. ક્રિસિલ ઈન્ટેલિજન્સ અનુસાર, ઓક્ટોબરમાં લગભગ ૬% માસિક ઘટાડા પછી આ ચિત્ર જોવા મળ્યું છે.દેશની વીજળીની માંગ એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં વાર્ષિક ધોરણે આશરે ૦.૧% ઘટી હોવાનો અંદાજ છે. જોકે, ભારતે નવેમ્બર ૨૦૨૫માં ૨૧૬ ગીગાવોટની ટોચની વીજળી માંગ નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૧૬ પછી સૌથી વધુ છે. હાજર બજારમાં વીજળીના ભાવમાં પણ નવેમ્બરમાં ઘટાડો થયો હતો. હાઈડ્રો, પવન અને સૌર ઉત્પાદનમાં વધારો થવાને કારણે એક્સચેન્જ પ્લેટફોર્મ પર સપ્લાય લિક્વિડિટીમાં વધારો થયો હતો, જેના કારણે ડે અફેન્ડ માર્કેટ અને રીઅલ ટાઈમ માર્કેટ



ભાવમાં ઘટાડો થયો હતો.રીઅલ ટાઈમ માર્કેટમાં, નવેમ્બરમાં સરેરાશ માર્કેટ ક્લિયરિંગ પ્રાઈસ વાર્ષિક ધોરણે ૯% ઘટીને રૂ. ૩.૧૩/યુનિટ થઈ છે, જે ઓછી વીજળીની જરૂરિયાતો વચ્ચે પૂરતી ઉપલબ્ધતા દર્શાવે છે.

ડે અફેન્ડ માર્કેટ માટે માર્કેટ ક્લિયરિંગ પ્રાઈસ પણ વાષક ધોરણે આશરે ૭% ઘટીને રૂ. ૩/યુનિટ થઈ ગઈ હતી. આ કિંમતોએ વિતરણ કંપનીઓ અને વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકોને સ્પર્ધાત્મક ભાવે માંગ પૂરી કરવા અને એક્સચેન્જ દ્વારા ખરીદી કરીને મોંઘી વીજળીને બદલવા સક્ષમ બનાવ્યા છે.વીજળીની માંગને ધ્યાનમાં રાખીને, નવેમ્બરમાં વીજળીનું ઉત્પાદન વાર્ષિક ધોરણે ૦.૫% વધીને ૧૩૪ અબજ યુનિટ થયું હતું. રિન્યુએબલ એનર્જી આધારિત ઉત્પાદન વાર્ષિક ધોરણે ૧૭% વધ્યું હોવાનો અંદાજ છે, જે આ નાણાકીય વર્ષમાં આઠમી વખત વધ્યું છે. ક્રિસિલે નોંધ્યું છે કે આ ઉત્પાદન વૃદ્ધિ ક્ષમતા વધારાને આભારી છે, જેમાં હાઈડ્રો પાવરમાં નવેમ્બરમાં વાર્ષિક ધોરણે ૨૭.૬%નો વિકાસ દર નોંધવામાં આવ્યો છે, જે સામાન્યથી ઉપર અને વિસ્તૃત દક્ષિણપશ્ચિમ ચોમાસાને કારણે છે.

## ખુશ ખબર, 15% થી 30% સોનાનો ભાવ વધવાનો વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનો રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)એ ગુરુવારે જણાવ્યું હતું કે 2026 સુધીમાં સોનાના ભાવ વર્તમાન સ્તરથી 15% થી 30%ની વચ્ચે વધી શકે છે. આ વર્ષે પણ સોનાની ડિમાન્ડ ખુબ વધારે રહી છે. સોનાના ભાવમાં સતત વધઘટ વચ્ચે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)નો એક આશ્ચર્યજનક રિપોર્ટ સામે આવ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)એ ગુરુવારે જણાવ્યું હતું કે 2026 સુધીમાં સોનાના ભાવ વર્તમાન સ્તરથી 15% થી 30%ની વચ્ચે વધી શકે છે. જો 2025 તરફ નજર કરીએ તો, યુએસ ટેરિફ અને અન્ય ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે સોનાની માંગ ઊંચી રહી. લોકોએ સેફ હેવન તરીકે સોનામાં ભારે રોકાણ કર્યું, જેના કારણે તેની કિંમતમાં 53%નો વધારો થયો.WGCના રિપોર્ટમાં કહેવાયું છે કે "ઘટતી યીલ્ડ, વધેલા જિયોપોલિટિકલ સ્ટ્રેસ અને સલામતી તરફ ઝુકાવનું સંયોજન સોના માટે ખૂબ જ મજબૂત ટેલવિંડ બનાવશે, જે તેને ઉપર જવા માટે મદદ કરશે, આ સ્થિતિમાં 2026માં સોનાના ભાવ વર્તમાન સ્તરથી 15 થી 30 ટકા વધી શકે છે." આ સમયગાળા દરમિયાન, રોકાણ તરીકે સોનાની મજબૂત માંગ રહેશે, ખાસ કરીને ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETFs) દ્વારા તેમાં રોકાણ વધશે. જે જ્વેલરી કે ટેકનોલોજી જેવા માર્કેટની નબળાઈ ઘટાડશે.WCGના ડેટા પ્રમાણે ગ્લેબલ ગોલ્ડ ETFમાં CY25માં અત્યાર સુધીમાં 77 બિલિયન ડોલરનો ઈનફ્લો થયો છે. જેના કારણે તેમના હોલ્ડિંગમાં 700 ટનથી વધુનો વધારો થયો છે.અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, "જો આપણે શરૂઆતના પોઈન્ટને વધુ પાછળ મે 2024માં ખસેડીએ તો પણ ટોટલ ગોલ્ડ ETF હોલ્ડિંગ્સમાં આશરે 850 ટનનો વધારો થયો છે. આ આંકડો અગાઉના ગોલ્ડ બુલ સાઈકલના અડધાથી પણ ઓછો છે, જેના કારણે ગ્રોથનો વધુ અવકાશ છે. "આવું થવા માટે વર્ષ 2026માં સોનાના ભાવમાં 5% થી 20%નો ઘટાડો થઈ શકે છે.

## RBI એ રેપો રેટ ઘટાડતાં 20થી 30 લાખ રૂપિયાની લોન હશે તો EMIમાં થશે આટલો ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (RBI)એ ફરી એકવાર રેપો રેટમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. મોનેટરી પોલિસી કમિટી (MPC) બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પરિણામે રેપો રેટ હવે ઘટીને 5.25% થઈ ગયો છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ ઘટાડાની જાહેરાત કરી હતી. ત્યારે RBIના આ નિર્ણયથી હોમ લોન અને ઓટો લોન લેનારાઓને નોંધપાત્ર રાહત મળશે, કારણ કે તેમના EMIમાં ઘટાડો થશે. જે લોકો પાસે બૅંકમાંથી હોમ લોન અથવા ઓટો લોન છે, તો RBI દ્વારા રેપો રેટ પર લેવાયેલો નિર્ણય તમારા માટે મોટી રાહત છે. રેપો રેટ સીધો બૅંક લોન સાથે જોડાયેલો છે, તેથી આ દરમાં ઘટાડો બૅંક લોન EMI પણ ઘટાડી શકે છે. આનો અર્થ એ છે કે બૅંક લોનના વ્યાજ દર ઘટાડવાનો નિર્ણય લઈ શકે છે. ત્યારે જાણીએ કે 20 લાખ, 30લાખ અથવા 50 લાખ રૂપિયાની હોમ લોન પર EMI કેટલો ઘટાડવામાં આવશે અને નવો હપ્તો કેટલો હશે.જો કોઈએ 20 વર્ષ માટે 20 લાખ રૂપિયાની હોમ લોન તથા ઓટો લોન લીધી હોય, તો બૅંકે આ લોન 9 ટકાના વ્યાજ દરે આપી હતી. પરિણામે, તેનો માસિક EMI 17,995 રૂપિયા થશે. હવે જ્યારે RBIએ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કર્યો છે અને બૅંક પણ તે મુજબ તેના લોન વ્યાજ દર ઘટાડી રહી છે, તો તમારા લોનના વ્યાજ દર ઘટીને 8.75 ટકા થઈ જશે.

### ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં રેન્જમાંથી બહાર નીકળી ૯૩.૦૦ સુધી તુટશે

## રૂપિયો નબળો પડતા નિકાસકારો સાવધ આયાતકારોની હેજિંગ માટે દોડધામ


નવી દિલ્હી : અમેરિકન ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડા અને સતત અનિશ્ચિતતાના ભય વચ્ચે, આયાતકારો તેમના નુકસાનને ઘટાડવા માટે પ્રયત્નશીલ છે. દરમિયાન, સમાન કસરતોમાં નુકસાન સહન કરનારા નિકાસકારો સાવચેતી રાખી રહ્યા છે. ડોલર સામે રૂપિયા સામે હેજિંગનો વધતો ખર્ચ કંપનીઓને હાલમાં ડોલર બોન્ડમાંથી પાછી ખેંચી લેવા તરફ દોરી શકે છે. જાણકારોએ જણાવ્યું હતું કે રોકાણના પ્રવાહ અને યુએસ સાથે વેપાર વાટાઘાટોને લગતી અનિશ્ચિતતાઓને કારણે ડોલર સામે રૂપિયો ૯૦.૪૧ની નવી નીચી સપાટીએ પહોંચી ગયો હતો. વિદેશી બેંકોએ ડોલર વેચીને ૮૯.૯૮ પર બંધ થયા પછી રૂપિયામાં ઘટાડો પાછો આવ્યો, જે અગાઉના સત્રના ૯૦.૨૦ ના નીચા સ્તર કરતા વધુ સારો હતો. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય રિઝર્વ બેંક એ રૂપિયાના ઘટાડાને રોકવા માટે નોંધપાત્ર હસ્તક્ષેપ કર્યો ન હતો. આ અઠવાડિયાની શરૂઆતમાં ડોલર સામે રૂપિયો ૯૦ના આંકને પાર કરી ગયો હતો. એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, તે ૮૫થી ઘટીને ૯૦ પર આવી ગયો છે. યુએસ ફેડરલ રિઝર્વે ૨૦૧૩માં બોન્ડ ખરીદી ઘટાડયા પછી આ બીજો સૌથી તીવ્ર ઘટાડો છે.નવેમ્બરના મધ્યમાં રૂપિયો પ્રતિ ડોલર ૮૮.૫ની આસપાસ હતો. ચાલુ નાણાકીય વર્ષમાં તે ૫ ટકાથી વધુ અને ચાલુ કેલેન્ડર વર્ષમાં ૪.૮૫ ટકા ઘટયો છે. વધુમાં, ડોલર ઈન્ડેક્સ ૧૦૦થી નીચે સરકી ગયો હોવા છતાં રૂપિયો સૌથી ખરાબ પ્રદર્શન કરનાર એશિયન ચલણ રહ્યો છે.

### મુખ્ય રૂટ્સ પર હવાઈ ભાડું ₹1 લાખની નજીક

## ઈન્ડિગો સંકટ: વિમાન મુસાફરીનું ભાડું આસમાને, વિદેશ યાત્રા કરતા પણ ડોમેસ્ટિક મોંઘું

(એજન્સી) નવી દિલ્હી | તા 06

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોના સંચાલનમાં આવેલા ગંભીર સંકટને કારણે દેશભરના હવાઈ મુસાફરો પર મોટો આર્થિક બોજ પડ્યો છે. 2 ડિસેમ્બરથી શરૂ થયેલી આ કટોકટીમાં ઈન્ડિગોએ 1,800 થી વધુ ફ્લાઈટ્સ રદ્દ કરી છે, જેના કારણે 2 લાખથી વધુ મુસાફરો પરેશાન થયા છે. મુસાફરોની સૌથી મોટી સમસ્યા એ છે કે તેમને વૈકલ્પિક ફ્લાઈટ્સ મળી રહી નથી અને જે ફ્લાઈટ્સ ઉપલબ્ધ છે, તેનું ભાડું આસમાનને સ્પર્શી રહ્યું છે.આજે, શનિવાર (6 ડિસેમ્બર) અને રવિવાર (7 ડિસેમ્બર) ના વીકએન્ડમાં ફ્લાઈટ ટિકિટના દરોમાં જબરદસ્ત વધારો જોવા મળી રહ્યો છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું કે પાયલટ અને ક્રૂની અછતને કારણે ભાડું 3 થી 4 ગણું મોંઘું થઈ ગયું છે. લાસ્ટ મિનિટનું ભાડું સામાન્ય રીતે 2-3 ગણું



હોય છે, પરંતુ હાલની પરિસ્થિતિમાં ટિકિટના ભાવ 6 ગણા સુધી વધતા જોવા મળ્યા છે.દિલ્હી-બેંગલુરુ, કોલકાતા-મુંબઈ અને મુંબઈ-ભુવનેશ્વર જેવા અનેક રૂટ્સમાં હવાઈ ભાડું 1 લાખની નજીક પહોંચી ગયું છે, જે વિદેશ યાત્રા કરતાં પણ મોંઘું છે.

### બેંક ઓફ બરોડામાં લોન ચાલું હોય તો ખુશ-ખુશ થઈ જશો! બેંકે વહેલી સવારે લીધો મોટો નિર્ણય

મુંબઈ : ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ગઈકાલે રેપો રેટ ઘટાડ્યો અને આજે પબ્લિક સેક્ટરની બેંક ઓફ બરોડાએ સહેજ પર વિલંબ કર્યા વગર ગ્રાહકો સુધી આ ફાયદો પહોંચાડી દીધો છે. ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ગઈકાલે રેપો રેટ ઘટાડ્યો અને આજે પબ્લિક સેક્ટરની બેંક ઓફ બરોડાએ સહેજ પર વિલંબ કર્યા વગર ગ્રાહકો સુધી આ ફાયદો પહોંચાડી દીધો. જેવો રેપો રેટ 5.25 ટકા થયો, બેંકે પણ પોતાનો લેન્ડિંગ રેટ ઘટાડી દીધો એટલે લોનનો વ્યાજ દર ઘટાડી દીધો. આનાથી જેમની બેંક ઓફ બરોડામાં લોન ચાલી રહી હોય, તેમને જોરદાર ફાયદો થશે. આ ઉપરાંત જેઓ નવી લોન લેવા ઈચ્છે છે, તેમને પણ ઘણો ફાયદો થશે.બેંકે જણાવ્યું કે, બરોડા રેપો લિંક્ડ લેન્ડિંગ રેટ (BRLLR)ને 8.15 ટકાથી ઘટાડીને 7.90 ટકા કરી દેવામાં આવ્યો છે. આ નવા દરો 6 ડિસેમ્બર 2025થી અમલમાં આવી ગયા છે. આ પગલું RBI દ્વારા રેપો રેટને 5.50 ટકાથી ઘટાડીને 5.25 ટકા કર્યા બાદ લેવામાં આવ્યું છે. બેંકનું માર્કઅપ 2.65% પહેલાં જેવું જ રહેશે. રેપો રેટમાં ઘટાડાનો સીધો લાભ હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન લેનારા ગ્રાહકોને મળશે.

### ભારતીય ચલણની કિંમત બજાર દ્વારા નક્કી થતી હોવાની પણ ગવર્નરની સ્પષ્ટતા

## રૂપિયાના વિનિમય માટે રિઝર્વ બેન્ક કોઈ ભાવ ટાર્ગેટ રાખતી નથી : મલ્હોત્રા

મુંબઈ : દેશની ફોરેક્સ બજારમાં રૂપિયાના વિનિમય માટે રિઝર્વ બેન્ક કોઈ ભાવ મર્યાદા નક્કી કરતી નથી અને બજારની સ્થિતિ પ્રમાણે રૂપિયાને તેનું સ્તર શોધી કાઢવા છૂટ છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે પત્રકારો સમક્ષ બોલતા જણાવ્યું હતું.વર્તમાન સપ્તાહમાં ડોલર સામે રૂપિયો તૂટીને ૯૦ની સપાટીની બહાર ચાલી ગયા બાદ રિઝર્વ બેન્કની મળેલી પ્રથમ પત્રકાર પરિષદમાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં ગવર્નરે જણાવ્યું હતુ કે, રૂપિયા માટે અમે કોઈ ભાવ સ્તર અથવા મર્યાદા નક્કી કરતા નથી. રૂપિયાનો ભાવ બજારને નક્કી કરવા દઈએ છીએ. બજારો ખાસ કરીને, લાંબે ગાળે, એકદમ સક્ષમ છે એવું અમે માનીએ છીએ. દેશની ફોરેક્સ માર્કેટ એકદમ ઊંડી માર્કેટ છે.રૂપિયાના ભાવમાં વધઘટ થતી રહે છે. બજારમાં વધુ પડતી અથવા અસામાન્ય વોલેટિલિટી ઘટાડવાનો રિઝર્વ બેન્કનો હમેશા પ્રયાસ રહે છે. અને અમારા આ પ્રયાસો ચાલુ જ રહેશે એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.



નિકાસ મોરચે ભારત સામે ઊભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખી આરબીઆઈ ડોલર સામે રૂપિયાની નબળાઈને હાલમાં સહન કરવાનું ચાલુ રાખશે તેવો ફોરેક્સ બજારમાં મત પ્રવર્તી રહ્યો છે. વેપાર ખાધ ઉપરાંત ડોલર ઈન્ફલોસ ધીમો પડવાને પરિણામે ભારત ને હાલમાં બહારી આંચકા લાગી રહ્યા છે.વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે.

### દેશનો સૌથી મોટો IPO લાવશે JIO! કંપની ક્યાં સુધીમાં ફાઈલ કરશે ડ્રાફ્ટ પેપર

મુંબઈ : દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ટેક સબસિડિયરી જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ ખૂબ જ જલ્દી IPO લાવવાની તૈયારીમાં છે. રિલાયન્સે જિયોના આઈપીઓને લઈને કામગીરી શરૂ કરી દીધી છે, જેની રાહ માર્કેટ ઘણા સમયથી જોઈ રહ્યું હતું. કંપનીએ જિયો પ્લેટફોર્મ્સની લિસ્ટિંગ માટે પ્રારંભિક ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ તૈયાર કરાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને બજારમાં ફરી એકવાર દેશના સૌથી મોટા IPOની ચર્ચા તેજ થઈ ગઈ છે.હાલ કંપની અનૌપચારિક રીતે અનેક બેંકો સાથે વાતચીત કરી રહી છે અને ટૂંક સમયમાં જ નિયામક પાસે ડ્રાફ્ટ પેપર ફાઈલ કરવાની તૈયારીમાં છે. નવો IPO નિયમ લાગુ થતાં જ ફાઈનલ પ્રોસ્પેક્ટસ અને બેંકરોની ઔપચારિક નિમણૂક કરવામાં આવશે. માર્કેટને અપેક્ષા છે કે આ IPO પોતાની સાઈઝ અને વેલ્યુએશન બંનેમાં દેશનો અત્યાર સુધીનો સૌથી મોટો IPO સાબિત થશે. SEBIના નવા નિયમો લાગુ થવાની રાહ એટલા માટે જોવાઈ રહી છે, કારણ કે હવે 5 ટ્રિલિયન રૂપિયાથી વધુ પોસ્ટ-ઈશ્યુ માર્કેટ કેપવાળી કંપનીઓએ માત્ર 2.5 ટકા સુધીનું જ ડાયલ્યુશન કરવું પડશે.

# News Brief

### અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટની અગ્રણી 'ગજા કેપિટલ' IPO લાવવા સજ્જ

અમદાવાદ/નોઈડા : ભારતના અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ ક્ષેત્રમાં ૨૦ વર્ષનો અનુભવ ધરાવતી અગ્રણી કંપની ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (ગજા કેપિટલ બ્રાન્ડ હેઠળ કાર્યરત) એ તેના પ્રારંભિક પબ્લિક ઑફરિંગ (IPO) માટે સેબી (SEBI)માં તેનું યુડીઆરએચપી-૧ (UDHRHP-1) ફાઈલ કર્યું છે.

કંપનીના પ્રમોટર્સમાં શ્રી ગોપાલ જૈન, શ્રી રણજીત જયંત શાહ, શ્રી ઈમરાન જાફર, સુશ્રી ચિત્રા જૈન અને સુશ્રી મોના રણજીત શાહનો સમાવેશ થાય છે. કંપની ઈશ્યૂ દ્વારા મળનારી આવકનો મોટો ભાગ સ્પોન્સર કમિટમેન્ટ્સમાં રોકાણ કરવા માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે. આમાં હાલના ફંડ્સ (ફંડ ૪), નવા પ્રસ્તાવિત ફંડ ૫ (રૂ. ૨,૫૦૦ કરોડનું કદ પ્રસ્તાવિત) અને સેકન્ડરીઝ ફંડ (રૂ. ૧,૨૫૦ કરોડનું કદ પ્રસ્તાવિત) માં રોકાણ કરવું, તેમજ ચોક્કસ બાકી દેવાની ચુકવણી કરવી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓનો સમાવેશ થાય છે.

ગજા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ ૨૦ વર્ષનો સુસ્થાપિત અનુભવ ધરાવે છે. તે કેટેગરી ૧ અને કેટેગરી ૨ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ (AIFs) માટે ઈન્વેસ્ટમેન્ટ મેનેજર તરીકે કાર્ય કરે છે. કંપનીના ફંડ્સની સાઈઝમાં સતત વૃદ્ધિ જોવા મળી છે; ઉદાહરણ તરીકે, ફંડ ૩ અને ફંડ ૪ અનુક્રમે રૂ. ૧,૫૯૮ કરોડ અને રૂ. ૧,૭૭૫ કરોડના હતા.

### બેન્ક ઑફ બરોડાએ સચિન તેંડુલકર સાથે 'માસ્ટરસ્ટ્રોક' ઝુંબેશ શરૂ કરી

મુંબઈ : ભારતની અગ્રણી સરકારી બેન્કોમાંની એક બેન્ક ઑફ બરોડા (BoB) એ તેના ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર સચિન તેંડુલકરને આવરી લેતી તેની લેટેસ્ટ વિજ્ઞાપન ઝુંબેશ શરૂ કરી છે. ગત વર્ષે સફળ રહેલા 'પ્લે ધ માસ્ટરસ્ટ્રોક' પ્લેટફોર્મને આગળ વધારતા, આ નવી ઝુંબેશ જીવનના મહત્ત્વના લક્ષ્યો - જેમ કે ઘર કે કાર ખરીદવી અથવા બિઝનેસમાં રોકાણ કરવું - હાંસલ કરવા માટે યોગ્ય નાણાકીય ભાગીદારની પસંદગીના મહત્ત્વ પર ભાર મૂકે છે. આ ઝુંબેશનો મુખ્ય સંદેશ એ છે કે BoB ને તમારા વિશ્વસનીય ભાગીદાર તરીકે પસંદ કરવો એ જ તમારો 'સાચો માસ્ટરસ્ટ્રોક' બની શકે છે.

બેન્કની રિટેલાઈઝેશન વ્યૂહરચના સાથે સંરેખિત આ ઝુંબેશ ચાર મુખ્ય પ્રોડક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે: 1. હોમ લોન 2. કાર લોન 3. BOB ડિજી ઉદ્યમ દ્વારા MSME લોન 4. BOB માસ્ટરસ્ટ્રોક લાઈટ સેવિંગ એકાઉન્ટ, ચાર હળવાશભરી ફિલ્મો દ્વારા બેન્કની ગ્રાહક-કેન્દ્રિત ઑફર્સ, સીમલેસ ડિજિટલ ઍક્સેસ અને વિશ્વસનીય સેવાઓ દર્શાવવામાં આવી છે.

### ઓલા ઈલેક્ટ્રિક શેરના માઠા દિવસો! રેકોર્ડ હાઈથી 65% તૂટ્યો શેરનો ભાવ; રોકાણકારો ફુલ ટેન્શનમાં



ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટીના શેરમાં વેચવાલીનું દબાણ યથાવત્ છે. 5 ડિસેમ્બરે BSE પર શેરમાં 1.72 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ શેર 35.50 રૂપિયા પર બંધ થયો હતો. જોકે, દિવસ દરમિયાન શેરમાં અગાઉના બંધ ભાવથી લગભગ 4 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો અને તે 52 સપ્તાહના નવા સૌથી નીચલા સ્તર 34.73 રૂપિયા પર પહોંચી ગયો હતો. ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટીના શેરમાં વેચવાલીનું દબાણ યથાવત્ છે. 5 ડિસેમ્બરે BSE પર શેરમાં 1.72 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ શેર 35.50 રૂપિયા પર બંધ થયો હતો. જોકે, દિવસ દરમિયાન શેરમાં અગાઉના બંધ ભાવથી લગભગ 4 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો અને તે 52 સપ્તાહના નવા સૌથી નીચલા સ્તર 34.73 રૂપિયા પર પહોંચી ગયો હતો. ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટીનો શેર સતત 6 દિવસથી ઘટાડાનો માર સહન કરી રહ્યો છે. કંપનીનું માર્કેટ કેપ 15,600 કરોડ પર પહોંચી ગયું છે.

ઓલા ઈલેક્ટ્રિક ઓગસ્ટ 2024માં શેરબજારમાં લિસ્ટ થઈ હતી. તેની IPO પ્રાઈઝ 76 રૂપિયા હતી. શેર આ ભાવથી 53 ટકા નીચે આવી ગયો છે. જ્યારે આ શેર BSE પરના રેકોર્ડ હાઈ 100.40 રૂપિયાથી લગભગ 65 ટકા નીચે છે. આ ઘટાડો એવા સમયે નોંધાયો છે, જ્યારે આખા વર્ષ દરમિયાન Nifty Auto ઈન્ડેક્સે શાનદાર રેલી બતાવી છે. એક તરફ અન્ય ઓટો કંપનીઓના શેર તેજીમાં છે, બીજી તરફ ઓલા ઈલેક્ટ્રિકના શેરમાં ભારે દબાણ જોવા મળી રહ્યું છે. ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી (Ola Electric Mobility)નો 6,145.56 કરોડ રૂપિયાનો IPO 4.45 ગણો ભરાયો હતો. ઓલા ઈલેક્ટ્રિકનો શેર 3 મહિનામાં 40 ટકા, 1 મહિનામાં 29 ટકા અને એક સપ્તાહમાં 14 ટકા તૂટ્યો છે. એક દિવસ પહેલાં ગુરુવારે તેમાં 5 ટકાનો ઘટાડો નોંધાયો હતો. શેરને કવર કરતા 8 એનાલિસ્ટ્સમાંથી 3 એનાલિસ્ટ્સે 'બાય' રેટિંગ જાળવી રાખી છે. જ્યારે એક એનાલિસ્ટે 'હોલ્ડ' અને 4 એનાલિસ્ટ્સે 'સેલ' રેટિંગ આપી છે. સપ્ટેમ્બર 2025ના અંત સુધીમાં કંપનીમાં પ્રમોટર્સ પાસે 36.78 ટકા હિસ્સો હતો.

### મોટાભાગની લક્ઝરી કાર યુરોપથી આયાત કરવામાં આવે છે

## રૂપિયાની નરમાઈની અસર લક્ઝરી કાર પર, જાન્યુઆરીમાં ભાવવધારાના એંધાણ

અમદાવાદ : રૂપિયાના મૂલ્યમાં ઘટાડાને કારણે ભારતના ઓટો ઉદ્યોગમાં વધારાની મોંઘી અને લક્ઝરી કાર દબાણનો સામનો કરી રહી છે. ભારતીય ચલણ યુએસ ડોલર અને યુરો બંને સામે ઘટી રહ્યું છે. મોટાભાગની લક્ઝરી કાર યુરોપથી આયાત કરવામાં આવે છે. આમાં કમ્પ્લીટલી નોક-ડાઉન (CKD) કાર, સ્થાનિક રીતે એસેમ્બલ કરેલી કાર અને કમ્પ્લીટલી બિલ્ટ-અપ (CBU) કારનો સમાવેશ થાય છે. આ વર્ષે યુરો સામે રૂપિયાનો ૧૫ ટકાનો ઘટાડો લક્ઝરી ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEM) પર દબાણ લાવી રહ્યો છે.

મર્સિડીઝ-બેન્ઝના સુત્રોએ જણાવ્યું હતું કે, લક્ઝરી વાહનોના ભાવમાં ઘટાડાને કારણે માંગમાં વધારો આગામી ક્વાર્ટરમાં ચાલુ નહીં રહે, કારણ કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો અને અન્ય પરિબળો લક્ઝરી કારના ભાવને તેમના વર્તમાન સ્તરોથી વધારી દેશે. કિંમતોને સમાયોજિત કરવાનું દબાણ રહેશે, અને કંપની વધતા ખર્ચના દબાણને ઘટાડવા માટે જાન્યુઆરી ૨૦૨૬ થી તેની મોડેલ શ્રેણી માટે કિંમતો વધારવાનું વિચારી રહી છે. અન્ય એક જર્મન OEM એ પુષ્ટિ કરી છે કે તે જાન્યુઆરીથી કિંમતોમાં વધારો



કરવાનું પણ વિચારી રહી છે અને વધારાની માત્રા નક્કી કરવા પર કામ કરી રહી છે.વિદેશી વિનિમય દરોમાં વધઘટ અને વધતા ઈનપુટ ખર્ચને કારણે, મર્સિડીઝે આ વર્ષે અત્યાર સુધીમાં ત્રણ વખત ભાવ વધારો કર્યો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે ઉત્પાદકોએ જીએસટી દર ઘટાડાનો લાભ ગ્રાહકોને સંપૂર્ણપણે આપ્યો છે, જેના કારણે ખર્ચના દબાણને ઘટાડવા માટે બહુ ઓછો લાભ બાકી રહ્યો છે. ભાવ વધારો થોડા મહિનાઓ માટે મુલતવી રાખવામાં આવ્યો હતો, પરંતુ મોટાભાગની બ્રાન્ડ્સ ૨૦૨૬ ની શરૂઆતમાં ભાવ વધારાનો નિર્ણય લેશે.

### શું છે આ ડીલ અને ભારત માટે કેમ છે ખાસ?

## વોર્નર બ્રધર્સની માલિક બની નેટફ્લિક્સ, કેટલામાં થઈ ડીલ, ભારત પર શું અસર થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 06

મનોરંજન જગતમાં અત્યાર સુધીના સૌથી મોટા સોદામાં, વૈશ્વિક સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સે (Netflix) હોલિવૂડની દિગ્ગજ કંપની વોર્નર બ્રધર્સ ડિસ્કવરી (WBD)ને ખરીદવાની જાહેરાત કરી છે. આ ડીલ 82.7 બિલિયન (અંદાજે 6.88 લાખ કરોડ રૂપિયા) ડૉલરમાં થઈ છે. આ ડીલને કારણે 'હેરી પોટર' જેવી ફિલ્મો અને 'ફ્રેન્ડ્સ' તથા HBOના પ્રીમિયમ શો હવે નેટફ્લિક્સના અધિકારક્ષેત્રમાં આવી જશે.

આ ડીલ હેઠળ, WBD તેની ગ્લોબલ ટીવી નેટવર્ક (જેમ કે CNN, ડિસ્કવરી ચેનલ) ને 'ડિસ્કવરી ગ્લોબલ' નામની નવી કંપનીમાં અલગ કરશે. ત્યારબાદ, હોલિવૂડના સૌથી મોટા સ્ટુડિયોમાંથી એક, વોર્નર બ્રધર્સ, અને HBO તથા HBO Max જેવા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર નેટફ્લિક્સનું નિયંત્રણ આવી જશે. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થવામાં 12થી 18 મહિનાનો સમય



લાગી શકે છે. નિષ્ણાતોના મતે, આ ડીલ ભારતના સ્ટ્રીમિંગ ઉદ્યોગ માટે એક મોટો વળાંક સાબિત થઈ શકે છે. આ સાથે ભારતમાં 2027માં યોજાનાર મહત્ત્વપૂર્ણ ક્રિકેટ મેચના રાઈટ્સ કોની પાસે જશે તે બાબત ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. કન્ટેન્ટનો ખજાનો: HBOના શાનદાર શો અને વોર્નર બ્રધર્સની બ્લોકબસ્ટર ફિલ્મો હવે નેટફ્લિક્સ પર આવવાથી, તે ગ્લોબલ હિટ્સ માટે એકમાત્ર પ્રીમિયમ પ્લેટફોર્મ બની જશે.

અન્ય પ્લેટફોર્મ્સને ફટકો: જેમ જેમ અન્ય OTT પ્લેટફોર્મ્સ (જેમ કે JioCinema, Amazon Prime) સાથેના WBDના હાલના કરાર પૂરા થશે, તેમ તેમ તેમની પાસેથી આ લોકપ્રિય કન્ટેન્ટ જતું રહેશે.સૌથી મોટો ગેમ ચેન્જર ક્રિકેટના પ્રસારણ અધિકારો સાબિત થઈ શકે છે. નિષ્ણાતો માની રહ્યા છે કે આ ડીલથી મજબૂત બનેલું નેટફ્લિક્સ, ભારતમાં જબરદસ્ત વૃદ્ધિ મેળવવા માટે 2027માં ક્રિકેટના પ્રસારણ અધિકારો ખરીદવા માટે બોલી લગાવી શકે છે. જોકે, હજુ સુધી નેટફ્લિક્સ તરફથી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.એક નિષ્ણાતે જણાવ્યું હતું કે, આ ડીલ પછી અન્ય પ્લેટફોર્મ્સે તેમની રણનીતિ બદલવી પડશે. તેમને હવે સ્પોર્ટ્સ રાઈટ્સ, પ્રાદેશિક ઓરિજિનલ કન્ટેન્ટ અને જાહેરાત-આધારિત મોડેલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આનાથી સ્પર્ધા વધશે અને દર્શકોને કિંમત, પેકેજ અને સ્થાનિક વાર્તાઓમાં વધુ નવીનતા જોવા મળશે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર વદ-03

## સુપ્રીમ કોર્ટે સુધારાને મંજૂરી આપી

ભારતની સુપ્રીમ કોર્ટે મતદાર યાદીઓની ચોકસાઈ અને પારદર્શક ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા ચાલુ રાખવાનો નિર્દેશ આપીને ચૂંટણી પંચને રાહત આપી છે. દરમિયાન, આ નિર્ણયથી સંસદથી લઈને શેરીઓ સુધી SIR મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહેલા વિપક્ષને પાછળ છોડી દેવામાં આવશે. વિરોધ પક્ષોએ બિહારમાં શરૂ થયેલી SIR પ્રક્રિયાનો સતત વિરોધ કર્યો છે, અને આ મામલો ઘણી વખત કોર્ટમાં પણ પહોંચ્યો છે. જો કે, બિહારમાં, આ પ્રક્રિયા ખૂબ જ ટૂંકા સમયમાં પૂર્ણ થઈ હતી, અને નવી સરકાર ચૂંટાઈ આવી છે. તાજેતરની પ્રક્રિયામાં કથિત વિસંગતતાઓ અંગે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય સરકારી કર્મચારીઓ SIR અને અન્ય વૈધાનિક ફરજો બજાવવા માટે બંધાયેલા છે. કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોને SIR માં રોકાયેલા બૂથ-સ્તરના અધિકારીઓના કાર્યભારને ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જેમાં તેમને વધારાના સ્ટાફની નિમણૂક કરવાની જરૂર હતી. નોંધનીય છે કે તાજેતરમાં, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) માં રોકાયેલા ઘણા BLOs તણાવને કારણે મૃત્યુ પામ્યા અને આત્મહત્યા કરી રહ્યા હોવાના અહેવાલો આવ્યા હતા. પરિણામે, ચૂંટણી પંચે SIR પ્રક્રિયાને એક અઠવાડિયા માટે લંબાવી દીધી. બીજી તરફ, કોર્ટે સ્પષ્ટ કર્યું કે SIR અંગે ચૂંટણી પંચની સત્તાને પડકારી શકાતી નથી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને મતદાર યાદીઓમાં પારદર્શિતા લાવવા માટે SIR ચલાવવાની બંધારણીય અને કાનૂની સત્તા ધરાવે છે. કોર્ટે આ પ્રક્રિયા પર કોઈ સ્ટે મૂકવાનો પણ ઈનકાર કર્યો હતો. વધુમાં, તેણે જણાવ્યું હતું કે જો ભવિષ્યમાં કોઈ ગેરરીતિઓ મળી આવશે, તો તાત્કાલિક કાર્યવાહીનો આદેશ આપવામાં આવશે. નિઃશંકપણે, દેશમાં સમયાંતરે મતદાર યાદીઓનું સંશોધન કરવામાં આવ્યું છે, પરંતુ તે ક્યારેય રાજકીય વિરોધનો મુખ્ય મુદ્દો બન્યો નથી. જો કે, આ કોર્ટના આદેશથી SIRનો વિરોધ કરી રહેલા રાજકીય પક્ષોને ફટકો પડ્યો હશે. જો કે, કોર્ટે અગાઉ બિહારમાં SIR પ્રક્રિયા પર સ્ટે મૂકવાનો ઈનકાર કર્યો હતો. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) સાથે સંકળાયેલી વિસંગતતાઓને દૂર કરવા માટે જરૂરી સૂચનાઓ પણ જારી કરવામાં આવી હતી, જ્યાં સુધી બૂથ-સ્તરના અધિકારીઓ પરના કાર્યભારની વાત છે, તે ચોક્કસપણે એક કપરું કાર્ય છે. આ કાર્યમાં રોકાયેલા શિક્ષકો અને અન્ય કર્મચારીઓને દસ્તાવેજોની ચકાસણી કરવામાં અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) સંબંધિત ફરિયાદોનું નિરાકરણ કરવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેથી, BLOs ના કાર્યભાર ઘટાડવાના પ્રયાસો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ માટે કર્મચારીઓની સંખ્યામાં તાત્કાલિક વધારો કરવાની જરૂર છે, જેથી તેઓ સાપ્તાહિક રજા લઈ શકે. નિઃશંકપણે, જાહેર જીવનમાં રાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવી નિયુક્ત કર્મચારીઓ માટે અનિવાર્ય છે. વસ્તી ગણતરી અને આરોગ્ય મિશન જેવા કાર્યક્રમોમાં કર્મચારીઓને આવી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઘરે ઘરે જઈને પણ જનતા તરફથી કઠોર પ્રતિક્રિયાઓ આવી શકે છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (SIR) નો વિરોધ કરતા રાજકીય પક્ષોની પણ જવાબદારી છે કે તેઓ તેમના પક્ષના બૂથ-સ્તરના અધિકારીઓને BLOs ને મદદ કરવા માટે પ્રોત્સાહિત કરે. શાસક પક્ષની નીતિઓનો વિરોધ કરવા માટે માત્ર વિરોધ કરવો એ સ્વસ્થ લોકશાહીના હિતમાં નથી. લોકશાહીના હિતમાં, વિપક્ષે માત્ર વિરોધ નહીં, પણ રચનાત્મક સહયોગમાં જોડાવું જોઈએ. જ્યારે સરકારી કર્મચારીઓ લોકશાહીને આધાર આપતી ખાસ, ઊંડાણપૂર્વકની સમીક્ષા પ્રક્રિયાની સફળતા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, ત્યારે રાજકીય પક્ષો અને સામાન્ય નાગરિકોની પણ જવાબદારીઓ છે. નાગરિકોએ રાષ્ટ્રીય બાબતોમાં તેમની નાગરિક ફરજ પણ નિભાવવી જોઈએ. સામાન્ય લોકોની જાગૃતિ અને સક્રિયતા ચોક્કસપણે બૂથ-સ્તરના અધિકારીઓ પરનો ભાર હળવો કરી શકે છે.

# અમિત શાહના હસ્તે 'બનાસ બાયો-CNG' પ્લાન્ટનું લોકાર્પણ





શ્વેતક્રાંતિ 2.0 માટે અમિત શાહની હાકલ

### ભવિષ્યની યોજના: ૨૫ પ્લાન્ટનો લક્ષ્યાંક

હાલમાં આવા ૫ પ્લાન્ટની સ્થાપનાની પ્રક્રિયા પ્રગતિમાં છે. બનાસકાંઠામાં આગામી સમયમાં કુલ ૨૫ પ્લાન્ટ શરૂ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે, જે જિલ્લાને ઓર્ગેનિક ખેતી, કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં દેશનું આગવું મોડેલ બનાવશે. આ પ્રોજેક્ટ સ્થાયી વિકાસ અને ગૌ આધારિત અર્થતંત્ર તરફનું એક અનોખું પગલું છે, જેને બનાસ મોડેલ કહી શકાય.

(એજન્સી) આગથળા | તા.06

બનાસકાંઠાના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરતા, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આગથળા ખાતે સ્થપાયેલ "બનાસ બાયો-સીએનજી - બનાસ મોડેલ" પ્લાન્ટનું ભવ્ય લોકાર્પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ ડેરી ક્ષેત્રમાં ગ્રામીણ અર્થતંત્રને વેગ આપીને ખેડૂતોની વધારાની આવક, સ્વચ્છ ઊર્જા અને માટીના સ્વાસ્થ્યમાં ક્રાંતિકારી સુધારાનો માર્ગ ખોલશે.

શ્રી અમિત શાહે આ પ્રસંગે બનાસ ડેરી સાથે જોડાયેલી પશુપાલક મહિલાઓ સાથે ખેતી, પશુપાલન, મધ ઉછેર, બટાકાની ખેતી અને અળસિયાં ઉછેર જેવા વિષયો પર સંવાદ પણ કર્યો હતો.

**'બનાસ બાયો-CNG' મૉડેલની મુખ્ય વિશેષતાઓ :** આ પ્લાન્ટ ગ્રામીણ કચરા વ્યવસ્થાપન, સ્વચ્છ ઊર્જા અને ઓર્ગેનિક ખેતીને જોડીને ગોળાકાર અર્થતંત્રનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. **ગાયના છાણની સીધી ખરીદી:** • પ્લાન્ટ દ્વારા ગાયનું છાણ પ્રતિ કિલો રૂ. ૧ના દરે ખરીદવામાં આવે છે, જેનાથી ૩૦ કિમી ત્રિજ્યાના ખેડૂતોને સ્થિર આવક મળી રહે છે. અત્યાર સુધીમાં ૫.૫ કરોડ કિલો છાણની ખરીદી થઈ ચૂકી છે. **દૈનિક પ્રોસેસિંગ ક્ષમતા:** • આગથળા બાયોગેસ પ્લાન્ટ દરરોજ ૧,૦૦,૦૦૦ કિલો ગાયના છાણનું પ્રોસેસિંગ કરે છે. **બાયો-સીએનજી ઉત્પાદન:** • પ્લાન્ટ દરરોજ ૧,૯૦૦ કિલો બાયો-સીએનજી ઉત્પન્ન કરે છે, જે ઓનસાઈટ સીએનજી પંપ દ્વારા બજાર ભાવ કરતાં રૂ. ૨ ઓછા દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. **"ભૂમિ અમૃત" ખાતરો:** • પ્રોસેસ થયેલી સ્લરીમાંથી 'ભૂમિ અમૃત' નામના પ્રમાણિત ઘન અને પ્રવાહી કાર્બનિક ખાતરો તૈયાર થાય છે. આ ખાતરો રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડીને માટીના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે.

તમારાથી તો શેકેલો પાપડ પણ તૂટે એમ નથી, તમે શું ન્યાય અપાવશો!

## 'ભાજપ' ખેડૂતની દીકરીઓના ગૌરવને કચડે છે!: ડો. કરન બારોટ

(એજન્સી) અમદાવાદ | તા.06

ભાજપના રાપરના ધારાસભ્યના પુત્ર દ્વારા જે નિવેદન આપવામાં આવ્યું તેની સામે વળતો પ્રહાર કરતાં આમ આદમી પાર્ટીના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીનાં નેતાઓ ખેડૂતોનો સહારો તો બની શકતા નથી પરંતુ બહેન - દિકરીઓનું અપમાન કરી રહ્યા છે. અગાઉ પણ ભારતીય જનતા પાર્ટીનાં એક સાંસદ સભ્ય દ્વારા ગુજરાતની બહેન - દિકરીઓનું અપમાન કરવામાં આવ્યું હતું. આજે ફરીથી ભાજપનાં રાપરનાં ધારાસભ્યનાં પુત્ર દ્વારા એવું કહેવામાં આવ્યું કે ખેડૂતો થોડા રૂપિયાની સહાય માટે બહેનો - દિકરીઓને આગળ કરે છે. ભારતીય જનતા પાર્ટીમાં આ પ્રકારની માનસિકતા ધરાવતા તમામ ધારાસભ્ય અને સાંસદ સભ્યને કહેવું છે કે તમને શરમ આવવી જોઈએ, તમે ખેડૂતોની વ્હારે તો નથી આવી શક્યા, મૂલ્ય નથી અપાવી શક્યા,આમ છતાં તમે ગુજરાતની બહેન દિકરીઓનું અપમાન કરી રહ્યા છે. તમારાથી એક શેકેલો પાપડ પણ તૂટતો નથી, તમે નબળા છો, અસમર્થ છો, જ્યારે કામ કરવાની વાત આવે ત્યારે તમે ભાગી જાવ છો. તમે ખેડૂતોનાં સહારે ન આવી શક્યા ત્યારે બહેન-દિકરીઓએ આગળ આવી ખેડૂતોનાં હક માટે લડવું પડે છે. ખેડૂતોને જ્યારે ઘરમાં ઘૂસી ઘૂસીને મારવામાં આવ્યા ત્યારે પોતાના પરિવારનાં રક્ષણ માટે બહેન - દિકરીઓને આગળ આવવું પડશે તો એક વખત નહીં હજાર વખત આવશે અને આમ આદમી પાર્ટી એમને સમર્થન કરશે. આમ આદમી પાર્ટીનાં પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે આજે ગુજરાતમાં ખૂણે ખૂણે ડ્રગ્સ અને દારૂનું સેવન થઇ રહ્યું છે.

ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં શ્રી જેનિશભાઈ ચરાડવાના લગ્ન પ્રસંગ નિમિતે શ્રી અમિતભાઈ ચરાડવા તરફ થી રૂ.૧,૧૦૦/- નું રોકડ દાન


નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢતા.૬. મહાનગરપાલિકા, જૂનાગઢના માન.કમિશ્નરશ્રી તેજસ પરમારની સુચના મુજબ જૂનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે સતત કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેર માંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.

## આંકોલવાડી કન્યાશાળામાં સંસ્કૃત ગૌરવ પરીક્ષા : ૧૫૨ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહથી આપ્યો ટેસ્ટ!



તાલાળા | આંકોલવાડી કન્યાશાળામાં ગુજરાત રાજ્ય પ્રેરિત સંસ્કૃત ભારતી દ્વારા સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ ક્રમશઃ પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા જેવી પરીક્ષાઓ સંપૂર્ણ ઉત્સાહ સાથે આપી.આ પરીક્ષાનો મુખ્ય હેતુ બાળકો આપણી ભરતીય સંસ્કૃતિ જાણે તેમજ સંસ્કૃત ભાષાને સરલિકરણ દ્વારા આત્માસાત કરી શકે તેવો હતો. સમગ્ર પરીક્ષાનું આયોજન તાલુકા સંયોજકશ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ જે શાળાના શિક્ષકશ્રી મયુરભાઈ તેમજ આચાર્યશ્રી ભરતભાઈનાં સહયોગથી પરીક્ષા કાર્ય સંપન્ન થયેલ.



## શ્રીકષ્ટભંજનદેવને ઓર્કિડના મિક્સ ફુલોનો શણગાર કરાયો તથા દાદાને ચાંદીનો મુગટ ધરાવવામાં આવ્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુર તા.૬. સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તારીખ : 06-12-2025ને શનિવારના રોજ સાળંગપુરમાં દાદાને કમળના ફૂલની ડીઝાઈનના એમ્બ્રોઈડરી વર્કવાળા વૃન્દાવનમાં તૈયાર કરાયેલા વાઘા એવં ઓર્કિડના મિક્સ ફુલોનો શણગાર કરાવવામાં આવ્યો છે. દાદાને ચાંદીનો મુગટ ધરાવવામાં આવ્યો છે,દાદાને ઓર્કિડના ફૂલનો હાર પહેરાવ્યો છે. આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી સવારે 7:00 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.મંદિર પટાંગણમાં યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

આજના શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને વૃંદાવનમાં 4 દિવસની મહેનતે 3 કારીગરો દ્વારા બનાવવામાં આવેલા કમળના ફૂલની ડીઝાઈનના એમ્બ્રોઈડરી વર્કવાળા વૃન્દાવનમાં તૈયાર કરાયેલા વાઘા દાદાને ચાંદીનો મુગટ ધરાવવામાં આવ્યો તો સિંહાસને ઓર્કિડના મિક્સ ફુલોનો શણગાર કરવામાં આવ્યો છે. આ ફુલ વડોદરાથી મંગાવ્યા છે.

## મુક્તાનંદબાપુ પ્રેરિત 'આનંદધારા' અભિયાન તળે કેળવણીનો યજ્ઞ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

શાસ્ત્ર અને સંસ્કૃતિ સાથે સમાજ ઉત્થાન માટે કાર્યરત સંત શ્રી મુક્તાનંદબાપુ દ્વારા અનેકવિધ સત્કાર્યો ચાલી રહેલ છે. ગીરના નેસડામાં શ્રી મુક્તાનંદબાપુ પ્રેરિત આનંદધારા અભિયાન તળે કેળવણીનું કાર્ય થઈ રહ્યું છે, જેમાં ભાવનગરનાં શિક્ષણ પ્રેમી મહાનુભાવો દ્વારા કાંસિયા નેસની શાળાની મુલાકાત લેવાઈ છે.

આનંદધારા, ચાંપરડા અંતર્ગત આ ચાલી રહેલ ગ્રામ માંગલ્ય સહયોગ યજ્ઞ અન્ય વિસ્તારોના ગામો સાથે ગીરના નેસડામાં શ્રી મુક્તાનંદબાપુ પ્રેરિત આનંદધારા અભિયાન તળે કેળવણીનું કાર્ય ચાલી રહ્યું છે. સમાજ અને સરકારને સાથે રાખીને શાસ્ત્ર અને સંસ્કૃતિ સાથે સમાજ ઉત્થાન માટે કાર્યરત સંત શ્રી મુક્તાનંદબાપુ દ્વારા અનેકવિધ સત્કાર્યો ચાલી રહેલ છે.જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં ગીરના નેસડામાં આ કેળવણી પ્રવૃત્તિ સંદર્ભે ભાવનગરના સહકારી ખેડૂત અગ્રણી અને માજી ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાઘાણી સાથે શિક્ષણ ક્ષેત્રમાં રહેલ શ્રી પ્રવિણાબેન વાઘાણીએ આ કાંસિયા નેસની શાળાની મુલાકાત લીધી અને શિક્ષક તથા વિદ્યાર્થી બાળકો સાથે ગીતગાન અને સંવાદ લાભ લીધો. અહીંયા આધુનિક વીજાણુ પ્રણાલી સાથેનાં ઉપકરણ દ્વારા પાઠ્યક્રમ વિશે પણ જાણવા મળ્યું.

નક્કી માપ 09 મીટર છતાં 12 મીટરની નિશાનીઓ થતા અસંતોષ..

## ડાંગના વઘઈમાં ડીમોલેશન નિશાનીઓથી ભારે રોષ ફાટી નીકળ્યો

(એજન્સી) ડાંગ | તા.06

ડાંગ જિલ્લાના વઘઈ નગરમાં તાજેતરમાં સીટી સર્વે વિભાગ દ્વારા કરવામાં આવેલી ડીમોલેશનની નિશાનીઓની કાર્યવાહીને લઈને વેપારીઓમાં ભારે અસંતોષ અને રોષની લાગણી જોવા મળી રહી છે. વેપારીઓના આક્ષેપ મુજબ, સરકારી ચોપડે અને નકશામાં નોંધાયેલ માપ કરતાં વધારે માપની નિશાનીઓ કરવામાં આવતાં તેમની દુકાનો અને મિલકતો પર ગંભીર અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે.વેપારીઓના જણાવ્યા અનુસાર, સીટી સર્વેના નકશા, ગ્રામ પંચાયત અથવા ટાઉન પ્લાનિંગના નકશા મુજબ વઘઈ ચાર રસ્તાથી મંદિર ચાર રસ્તા સુધી રસ્તાના મધ્યભાગથી 09 મીટર (કુલ 18 મીટર) રસ્તો દર્શાવવામાં આવ્યો છે. ત્યારબાદ, મંદિર ચાર રસ્તાથી દુધ શીત કેન્દ્ર સુધી 12 મીટર (કુલ 24 મીટર) રસ્તો સરકારી ચોપડે નોંધાયેલો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા પણ આ જ પ્રમાણે વઘઈ ચાર રસ્તાથી મંદિર ચાર રસ્તા સુધી 09 મીટરના માપની ગટર બનાવવામાં આવી છે અને પછીના ભાગમાં 12 મીટરના માપ પ્રમાણે ગટર બનાવવામાં આવેલી છે.તેમ છતાં, સીટી સર્વે વિભાગ દ્વારા વહીવટી તંત્રને 'ઉંધા માર્ગે' દોરીને વઘઈ ચાર રસ્તાથી દુધ શીત કેન્દ્ર સુધી આખા વિસ્તારમાં 12 મીટરના માપ પ્રમાણે ડીમોલેશનની નિશાનીઓ કરવામાં આવતાં વેપારીઓમાં રોષ ફાટી નીકળ્યો છે.વેપારીઓએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે નકશા તથા આધારીત દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા વગર જ આ નિશાનીઓ કરવામાં આવી રહી છે, જે સીધી રીતે તેમની દુકાનો, મિલકતો અને રોજીરોટી પર ગંભીર અસર પહોંચાડી શકે છે.

## ડાકોર: 'માનવ સેવા એજ માધવ સેવા' સૂત્ર સાર્થક; મા-બાપ વિહોણી દીકરીઓ માટે દિવ્ય સમૂહ લગ્ન યોજાયો!



અશેષ વ્યાસ | ખેડા

ડાકોર ખાતે ગોમતી તટ પર આવેલા દંડી આશ્રમ ના મહંત શ્રી વિજયદાસજી મહારાજ પરોપકારી કાર્યો કરવા માટે ખુબ જાણીતા છે જે વર્ષ દરમિયાન જરૂરિયાત વાળા લોકો માટે અનેક સેવાકીય પ્રવૃતિઓ કરતા રહે છે જેમાં 5 ડીસેમ્બર ના રોજ મા બાપ વિહોણી અથવા આર્થિક સ્થિતિ સારી ન હોય તેવી દીકરીઓ માટે ખૂબ ધામધૂમથી અને ભવ્ય રીતે સમુહલગ્ન યોજવામાં આવ્યા હતા જેમાં દાતા ગિરીશભાઈ બુસા તરફથી સોનાના મંગળસૂત્રો,સોનાની ચૂકો જેવા કિંમતી દાગીના કન્યાઓ ને કરીયાવર માં આપ્યા હતા અને અન્ય દાતાઓ તરફથી કરિયાવરમાં તિજોરી,પલંગ,કીચન સેટ વગેરે આશરે દોઢ લાખનો કરિયાવર દરેક દીકરીઓને આપવામાં આવ્યો. જાદવાણી પરિવાર અને જનસેવા ના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી આ સેવાકીય કાર્ય ને સફળ બનાવ્યું હતું.




## સરસ્વતી સોસાયટીમાંથી ઝડપાયો '30 વર્ષ' જૂનો બોગસ ડૉક્ટર! ડિગ્રી વિના ચલાવતો હતો ગેરકાયદે ક્લિનિક

(એજન્સી) ઉપલેટા | તા.06

ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેરની અંદર સરસ્વતી સોસાયટીમાં ભાયાવદરની પોલીસે સરકારી તબીબીને સાથે રાખી રેડ કરી અને માન્યા ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા અને લોકોની સારવાર કરતા એક બોગસ તબીબ ને ઝડપી લીધો છે અને ઝડપાયેલા વ્યક્તિ પાસેથી મેડિકલના સાધનો સંસાધનો તેમજ દવાઓ સહિતનો મુદ્દા માલ કબજે કરી અને ભાયાવદર ના બોગસ તબીબ સામે ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ અંગે પોલીસ દ્વારા જાહેર કરાયેલી માહિતીઓ અનુસાર ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર વી.સી.પરમારના માર્ગદર્શન હેઠળ ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ભાયાવદર ટાઉનમાં સરસ્વતી સોસાયટી ખાતે રહેતો અમીનભાઈ ગફારભાઈ વિછી પોતાના રહેણાક મકાનમાં બનાવેલ દવાખાનામાં કોઈપણ જાતની ડોક્ટરની ડીગ્રી વિના એલોપેથીક ઈન્જેક્શન તથા એન્ટી બાયોટીક દવાઓ રાખી એલોપેથીક ડોક્ટર તરીકેની પ્રેક્ટીશ કરે છે તેવી બાતમી મળી હતી.

# ગુજરાત પોલીસ દળમાં કાઠી ક્ષત્રિય સમાજના ૧૦૪૧ બહેનો યુવાનોએ કોન્સ્ટેબલ તરીકે ની પરીક્ષા પાસ કરી



ગુજરાત સરકાર દ્વારા લેવાયેલી પોલીસ પરીક્ષામાં કાઠી ક્ષત્રિય સમાજ સાવરકુંડલા ૧૫ બોડિંગ અને રાજકોટ બોર્ડિંગ તથા બોટાદ બોર્ડનું નું ગૌરવ કુલ ૩૦ ભાઈ બહેનો પસંદગી અને ક્ષત્રિય સમાજના ૧૦૪૧ ની પસંદગી કાઠી ક્ષત્રિય ગરાસીયા સમાજમાં હર્ષની લાગણી ગુજરાત જીપીએસસી દ્વારા તાજેતરમાં પોલીસની પરીક્ષા લેવામાં આવી હતી હવે બદલાતા યુગમાં ક્ષત્રિય સમાજ પણ અભ્યાસ પાછળ તનમનથી પરીક્ષા માં તૈયારી ઓ કરી રહ્યા છે. શિક્ષણ ક્ષેત્રે પણ બહેનો અને ભાઈઓમાં પણ અન્ય સમાજની સાથે તાલ મિલાવતો થઈ ગયો આ વર્ષે એક જ વર્ષમાં ગાંધીનગર ખાતે અતિ આધુનિક શિક્ષણ માટે કાઠીયાવાડ ભવન કરોડોનો ફાળો કરી તાત્કાલિક કાર્યરત કર્યું તેમજ ક્ષત્રિય સમાજની બોર્ડિંગો પણ ધમધમથી થઈ છે એમાં સાવરકુંડલા બોર્ડિંગમાં ધમધમ કાર્ય બોર્ડિંગના પ્રમુખશ્રી અશોકભાઈ ખુમાણ અને તેની ટીમ દ્વારા પરીક્ષાઓ માટે તૈયારી અને રહેવાની વ્યવસ્થા કરતા જેમાં સાવરકુંડલા કાઠી ક્ષત્રિય બોર્ડિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો ૧૫ જેટલા પોલીસમાં પાસ થયા છે તેમજ રાજકોટના બોર્ડિંગ બોટાદ ૨૯ જેટલા વિદ્યાર્થીઓ પસંદગી પામતા જેમાં નંબર ૧ વીકમાં વિજયભાઈ ગબરુભાઈ ૨ લુણ સર.મહિપતભાઈ ભરતભાઈ ખુમાણ.૩ પ્રદીપભાઈ વલકુભાઈ વરુ.૪ ચંપૂભાઈ મધુભાઈ વરુ.૫ ગૌતમભાઈ મંગળભાઈ ધાધ લ ૬.વિરેન્દ્ર જીતુભાઈ ૭. કુલદીપ રાજુભાઈ ૮ખુમાણ ભગીરથભાઈ ભનુભાઈ ૧૦ જયદીપ ભીખુભાઈ ધાખડા ૧૧ ચાંડસૂર પૃથ્વી ભાઈ શંભુભાઈ છત્રપાલભાઈ ૧૨ સત્રપાલભાઈ લવકુભાઈ માલા ૧૩ શ્રી જલ્પાબેન રામકુભાઈ વાળા ૧૪ શ્રી હેતલબેન કાળુભાઈ હુદડ ૧૫ શ્રી પૃથ્વીરાજ ભાઈ ધાધલ ૧૬ શ્રી જયવીરભાઈ ડી જેબલિયા ૧૭ સત્યપાલભાઈ વાળા ૧૮ કિરીટભાઈ ધાખડા ૧૯ સત્યપાલ ભાઈ કટાયા ૨૦ તથા શ્રી ઉદયભાઈ વાળા ૨૧ શ્રી જયવીરભાઈ બોરીસા ૨૨ શ્રી સિધ્ધરાજ ભાઈ મકવાણા ૨૩ શ્રી હુદડયુવરાજભાઈ ૨૪ શ્રી બસિયા દિવ્યરાજ ભાઈ ૨૫ .શ્રી ભાભલુભાઈ ખવડા માત્ર કુંડલા બોર્ડિંગ રાજકોટ તથા બોટાદના પ્રમુખો દ્વારા સમાજના યુવાનોને પોલીસની ખાસ ટ્રેનિંગ માટે અગાઉથી આયોજન કર્યું હતું જેને કારણે ગુજરાત પર માંથી કાઠી ગરાસીયા ક્ષત્રિય સમાજના ૧૦૪૧ ઉપરાંત પોલીસ કોન્સ્ટેબલમાં ભરતી પામ્યા જેથી ક્ષત્રિય સમાજમાં ભાઈ બહેનો પોલીસમાં પસંદગી પામતા હર્ષની ક્ષત્રિય સમાજમાં અને બહેનો પણ આ વખતે બદલાતા યુગ ક્ષત્રિય સમાજ હવે શિક્ષણ એક અને સંગઠન ઉપર ખૂબ જ મહત્વ આપવામાં આવી રહ્યું છે જેનું ફળ એક જ વર્ષમાં મળ્યું છે આગેવાન એવા શિક્ષણ માટે ભગીરથ સેવા ધારણ કરનાર આ વિસ્તારનું ફંડ એકઠું કરી લાવનાર એવા વિદ્યાર્થી ભાઈ બહેનો પ્રત્યે પ્રેમ એવા કાઠી બોર્ડિંગના પ્રમુખશ્રી અશોકભાઈ ખુમાણ વિદ્યાર્થીઓને ક્લાસીસ ની વ્યવસ્થા કરનારએવા શ્રી ભાણકુભાઈ ચાંદુ શ્રી રણજીતભાઈ ધાધલ તથા રાજુભાઈ ખુમાણ તથા પ્રવીણભાઈ કોટીલા વગેરે ૧૦૪૧ ભાઈ બહેનો પસંદગી પામતા અભિનંદન અને હર્ષની લાગણી ઉદ્ભવી હતી.

## બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબને ચાણસ્મામાં ભાવભીની શ્રદ્ધાંજલિ



(એજન્સી) ચાણસ્મા | તા.06

ચાણસ્મા ખાતે 06/12/2025 ને શનિવારના રોજ ઉગમણા દરવાજા બહાર, ચાણસ્મા મુકામે ડૉ. બાબા સાહેબ આંબેડકરના મહાપરિનિર્માણદિન નિમિત્તે ડૉ બાબા સાહેબ આંબેડકરની છબીને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.આ પ્રસંગે ઉપસ્થિત મહનુંભાવો દ્વારા ડૉ.બાબા સાહેબ ના બંધારણ રચયીતા સાથે. અનુસુચિત જાતિના આરક્ષણ સંબંધિત કાયદાકીય રક્ષણ સહિત ના કામો ને યાદ કરાયા હતા કાર્યક્રમમાં ચાણસ્મા નગરપાલિકાના કોર્પોરેટર રાકેશભાઈ પરમાર , પાટણ જિલ્લા ઉત્કર્ષ મંડળના જિલ્લા પ્રમુખ પ્રવિણસિંહ પરમાર,સમસ્ત અનુ.જાતિના વડીલો ,યુવાનો અને બહેનોએ હાજરી આપી હતી.

## જૂનાગઢમાં ત્રણ દિવસના કલા ઉત્સવથી બાળકોની સુષુપ્ત શક્તિ ખીલી



નરેન્દ્ર દવે જૂનાગઢ

જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ આયોજિત જિલ્લાકક્ષાનો કલા ઉત્સવ તા.૩/૧૨/૨૦૨૫ થી તા. ૫/૧૨/૨૦૨૫ સુધી ત્રણ દિવસ ડાયેટ ખાતે સફળતા પૂર્વક યોજાયો હતો.શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં કોઈને સુષુપ્ત શક્તિઓ રહેલી હોય છે, જે શક્તિઓને બહાર લાવવા કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કલા ઉત્સવમાં તાલુકામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને આવેલા વિદ્યાર્થીઓને જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષામાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો.બાળ કવિ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ગાયન અને વાદન સ્પર્ધા એમ કુલ ચાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ ત્રણ કેટેગરીના બાળકોને પોતાની કલા પ્રદર્શિત કરવાનો મોકો મળ્યો હતો. કલા ઉત્સવમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર ને ૧૦૦૦ રૂપિયા દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનારને ૮૦૦ રૂપિયા તેમજ તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને ૫૦૦ રૂપિયાનું રોકડ પુરસ્કાર આપવામાં આવેલ, આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને પ્રોત્સાહિત કરવા માટે સર્ટિફિકેટ તેમજ મોમેન્ટો આપવામાં આવી હતી. પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીને ઝોન કક્ષાએ પોતાની શક્તિ પ્રદર્શિત કરવાનો મોકો મળશે.

રજીસ્ટ્રેશન, પ્રાર્થના કાર્યક્રમ બાદ સૌનું સ્વાગત પ્રાચાર્યશ્રી આશાબેન રાજ્યગુરૂ એ કર્યું હતું.



## નરસિંહ મહેતા યુનિવર્સિટીના ૧૪ વિદ્યાર્થીઓનું સીધું પ્લેસમેન્ટ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.દ્વારા વિવિધ વિદ્યાભવનોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસ પુર્ણ થયે રોજગારીની તકોનું નિર્માણ કરવા યુનિ.નાં પ્લેસમેન્ટ સેલ દ્વારા વખતો વખત આયોજન થતું રહેતુ હોય છે. તાજેતરમાં ભક્ત કવિ નરસિંહ મેહતા યુનિવર્સિટીનાં રસાણશાસ્ત્ર વિભાગના એક સાથે ૧૪ વિદ્યાર્થીઓ નું સિન્ઝીલ રિસર્ચ પ્રા. લિ.માં પ્લેસમેન્ટ થયુ છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ના કેમિસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ વિભાગ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ માટે વિવધ મલ્ટિનેશનલ કંપનીઓ સિન્ઝીલ રિસર્ચ પ્રા. લિ, હેલ્થકેર, એસ.એન.જે. લેબોરેટરી, એન્લોન સીઆરઓ, વીદા લેબોરેટરી, ઈટાસ ફાર્મા, વગેરે સાથે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજવામાં આવે છે અને વિદ્યાર્થીઓ નો અભ્યાસક્રમ પૂરો થાય તે પહેલા જ તેમને પ્લેસમેન્ટ થઇ જાય તેવા સઘન પ્રયત્નો કરવામાં આવે છે. ડીપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રી એન્ડ ફોરેન્સિક સાયન્સ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના એમ.એસ.સી. કેમિસ્ટ્રી, સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓનું અમદાવાદ સ્થીત સિન્ઝીલ રિસર્ચ પ્રા.લિ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ યોજવામાં આવ્યું.

# ચૂંટણી સુધારણા




પચાસ વર્ષ પહેલાં ભારતીય રાજકારણના એક પ્રતિષ્ઠિત બ્રિટિશ વિદ્વાને કટાક્ષભરી ટિપ્પણી કરી હતી કે ચૂંટણી એવી વસ્તુઓમાંથી એક છે જે ‘ભારતીય લોકો ખૂબ જ સારી રીતે કરી શકે છે.‘ ભારતીય લોકશાહી કાયમ માટે સ્થગિત અથવા ‘માર્ગદર્શિત‘ થઈ શકે છે તેવા ભય (સંપૂર્ણપણે ખોટો નથી)ની પૃષ્ઠભૂમિ સામે, ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતાને જાહેર જીવનના ઉદ્ધારક લક્ષણ તરીકે જોવામાં આવી હતી. લોકશાહીના આ પ્રાથમિક સ્તંભને આખરે 1977માં સમર્થન મળ્યું જ્યારે, કટોકટીના પડછાયા છતાં ભારતના મતદારોએ એક સરમુખત્યારશાહી શાસનને સત્તા પરથી બહાર કાઢી નાખ્યું.

સ્વતંત્રતા પછીના છેલ્લા સાત દાયકામાં વિધાનસભાઓમાં લોકોની ઈચ્છા પ્રતિબિંબિત થાય તે સુનિશ્ચિત કરવાની ચૂંટણી પંચ (ECI)ની ક્ષમતાનું વારંવાર પરીક્ષણ કરવામાં આવ્યું છે. જો કે માર્ગથી વિચલિત થવાના ઉદાહરણ પર જોવા મળ્યા છે જેમાં- 1972ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી અને 1987ની જમ્મુ અને કાશ્મીર ચૂંટણી બે નોંધપાત્ર ઉદાહરણો છે - ભારતનો ચૂંટણી અનુભવ સામાન્ય રીતે રાજકીય વ્યવસ્થાની કાયદેસરતા જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતો રહ્યો છે.

ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ સિસ્ટમ્સની જેમ, જે વિધાનસભાની બહુમતીનો વધુ પડતો અંદાજ લગાવે છે, એવા કિસ્સાઓ બન્યા છે જ્યાં હારેલા પક્ષોને તેમના પ્રચાર અનુભવોથી આશ્ચર્ય થયું હતું જે પરિણામ સાથે અસંગત હતા. 1971માં એક હારેલા પક્ષે આગ્રહ કર્યો હતો કે સોવિયેત-નિર્મિત ‘અદ્રશ્ય શાહી‘ના ઉપયોગથી ઇન્દિરા ગાંધીને જબરદસ્ત વિજય મેળવવામાં મદદ મળી. 2009ની સામાન્ય ચૂંટણી પછી પણ સેટેલાઇટ-આધારિત EVM હેરાફેરીના અવિશ્વનીય દાવાઓ સાંભળવામાં આવ્યા હતા.

જે એક સમયે ષડયંત્ર સિદ્ધાંતવાદીઓનો વિશેષાધિકાર હતો તે છેલ્લા એક વર્ષમાં સીમાંત મુદ્દો રહ્યો નથી. પોતાના પક્ષના આંકડાકીય વિશ્લેષકો, જેમની આગાહીઓ પરિણામથી અલગ હતી, તેનાથી પ્રોત્સાહિત થઈને વિપક્ષી નેતાએ મતદાર યાદીઓની સત્યતાને પડકાર ફેંક્યો છે. એવા મજબૂત દાવાઓ છે કે ચૂંટણી પંચ લઘુમતી મતદારોને ભારતીય ન હોવાના આધારે બાકાત રાખવા માટે ખાસ સઘન સંશોધનનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે. આ વિવાદ પશ્ચિમ બંગાળમાં રાજકીય પક્ષો વચ્ચે વિવાદનું કેન્દ્ર બની ગયો છે અને તે આસામ અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ફેલાઈ શકે છે.

બંધારણના અનુચ્છેદ 321 અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ દ્વારા ચૂંટણી પંચને ચૂંટણીના સંચાલન પર ‘વિશિષ્ટ અધિકારક્ષેત્ર‘ આપવામાં આવ્યું હોવાથી, ચૂંટણી પ્રક્રિયાને રાજકીય હસ્તક્ષેપથી મુક્ત રાખવામાં આવી છે. દાયકાઓથી, ચૂંટણી પંચે ચૂંટણીની નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવા માટે અનેક નવીનતાઓ રજૂ કરી છે. સૌથી મહત્વપૂર્ણ પગલાંઓમાં આદર્શ આચારસંહિતાનો સમાવેશ થાય છે, જે અયોગ્ય રાજકીય વર્તનને નિયંત્રિત કરે છે, અને EVM જેણે મતદાનમાં છેડછાડને વધુ મુશ્કેલ બનાવી દીધી છે, જોકે અશક્ય નથી. મતદાન મથકો પર પોલીસ અને અર્ધલશ્કરી દળોની તૈનાતી માટે હવે નિયમો છે. વધુમાં, ટેકનોલોજીના પ્રસાર સાથે, ચૂંટણી પંચ મતદાન મથકો પર શિષ્ટાચાર જાળવવા અને મતદાન અધિકારીઓ અને મતદારોને ડરાવવાથી બચાવવા માટે CCTV કેમેરાના ઉપયોગ પર ભાર મૂકી રહ્યું છે.

નિશ્ચિત રૂપે એ વાત સાચી છે કે આમાંની કોઈપણ નવીનતા સંપૂર્ણપણે દોષરહિત નથી. મતગણતરી કેન્દ્રો સહિત સ્થાનિક સ્તરે ઘણીવાર મસલ પાવર પ્રબળ હોય છે, અને આ સંભવિત રીતે પરિણામોને વિકૃત કરી શકે છે. મતદાન અધિકારીઓ દ્વારા ચાલાકીના પ્રયોગમૂલક પુરાવાઓને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. જ્યારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન ચૂંટણી સુધારાઓની ચર્ચા કરશે, ત્યારે દેશમાં આદર્શ લોકશાહી આચરણમાંથી અન્ય વિચલનો વિશે સાંભળવાની શક્યતા છે જેને ચૂંટણી પંચ દ્વારા સંબોધિત કરવાની જરૂર છે.

લોકશાહી પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ હિસ્સેદાર તરીકે, સંસદે સામાન્ય જનતા માટે તેના વ્યાપક ચૂંટણી અનુભવનું સંકલન કરવાની જરૂર છે. જો કે, જો રાજકીય કારોબારી ચૂંટણી પંચ સામે શારીરિક નુકસાન સહિત સામાન્ય ધમકીઓનો આશરો લે અને સરકારી અધિકારીઓ - જેમના સારા વર્તન પર સમગ્ર વ્યવસ્થા નિર્ભર છે - ને તેમની બંધારણીય ફરજો બજાવવાથી અટકાવે તો સારા રાજકારણનો મોટો ધ્યેય પ્રાપ્ત થશે નહીં. પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા SIR દરમિયાન શાસક પક્ષનું વર્તન શરમજનક છે.

કહેવાની જરૂર નથી કે સચોટ મતદાર યાદીઓનું અસ્તિત્વ લોકશાહીની મૂળભૂત પૂર્વશરત છે. જો હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના સભ્યોને મતદાન મથકોથી દૂર રહેવાની ફરજ પાડવામાં આવે તો વિરોધ પ્રદર્શનો થવા જ જોઈએ. કમનસીબે, જ્યારે મોટી સંખ્યામાં લોકો મતદાર યાદીમાં સામેલ ન હોય અથવા જ્યારે બે અને ત્રણ વાર નોંધ હોય ત્યારે વિરોધ પ્રદર્શનો ખૂબ ઓછા થાય છે, જે પરિણામને અસર કરી શકે છે. ચૂંટણી પંચે મતદાર ઓળખ કાર્ડ અને ફોટોગ્રાફ્સ દ્વારા મતદાર છેતરપિંડીની સમસ્યાને ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. જો કે, છેતરપિંડી કરનારાઓએ મૃતક અથવા કાયમી રીતે સ્થળાંતરિત લોકોના નામે મતદાન કરીને ચૂંટણી પ્રણાલીને અવરોધવાના રસ્તાઓ પણ શોધી કાઢ્યા છે. પૂર્વ ભારતમાં એક વધારાની સમસ્યા એ છે કે ભારતીય ચૂંટણીઓમાં મતદાન કરવા માટે અયોગ્ય વ્યક્તિઓનો સમાવેશ કરવા માટે મતદાર યાદીઓ ઉમેરવામાં આવી છે.

હાલ ચાલી રહેલી SIR પ્રક્રિયા એ પહેલી વાર નથી જ્યારે ચૂંટણી પંચે વ્યાપક મતદાર યાદી તૈયાર કરી હોય. જ્યારે આ મોટા પાયે કાર્યક્રમ માટે કોઈ નિશ્ચિત સમયપત્રક નથી, જેમ કે દર 10 વર્ષે એકવાર અથવા અન્ય કોઈ સમયાંતરે, એવું માનવામાં આવે છે કે જ્યાં સુધી આ સમયાંતરે સુધારો કરવામાં ન આવે ત્યાં સુધી ચૂંટણી પરિણામો જાહેર લાગણીઓને સચોટ રીતે પ્રતિબિંબિત કરશે નહીં.

20મી સદીના શરૂઆતના દાયકાઓમાં, આયર્લેન્ડના સંદર્ભમાં, લોકોને ‘વહેલા મતદાન કરો અને વારંવાર મતદાન કરો‘ની સલાહ આપવામાં આવી હતી. એક ઉત્સાહી સંશોધક માટે ભારતના કેટલાક ભાગોમાં પ્રચલિત નવીન પ્રથાઓનું દસ્તાવેજીકરણ કરવું યોગ્ય રહેશે, જેમ કે મૃત વ્યક્તિઓ દ્વારા મતદાન કરવું અથવા એક ઉમેદવારના મતનું તેમના વિરોધીના મતમાં સ્વયંભૂ ટ્રાન્સફર. SIR સર્જનાત્મક રાજકારણના આ બધા ઉદાહરણોને ઈતિહાસમાં સ્થાનાંતરિત કરશે નહીં, પરંતુ તે વૈશ્વિક માન્યતાને થોડી વધુ મજબૂત બનાવશે કે ભારત તેની ચૂંટણી પ્રક્રિયાઓનું સારી રીતે સંચાલન કરે છે. આશા છે કે આગામી દાયકાઓમાં, કોઈપણ રાજ્ય કે પ્રદેશમાં ચૂંટણીઓ ન હોવાનું કહેવામાં આવશે, પરંતુ તેનું ‘વ્યવસ્થાપન‘ કરવામાં આવ્યું હશે.

**- સ્વપન દાસગુપ્તા**

## જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૯ ડિસેમ્બરના ભરતી મેળો યોજાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ મધર ડેરી ફ્રુટ એન્ડ વેઝીટેબલ લી. (જૂનાગઢ ડેરી) તથા મહાવિર એન્ટરપ્રાઇઝ, રાજકોટ કંપની ખાતે ટેકનીશીયન, એસેમ્બલી / સર્વિસ તથા મશીન ઓપરેટરની જગ્યાઓ માટે જગ્યાને અનુરૂપ આઇ.ટી.આઇ. ડિપ્લોમા કે સ્નાતક ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર વાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ‘બી” વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવ્યુ છે.

ઉર્જા રાજ્યમંત્રી અને જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ

## જૂનાગઢ શહેર - જિલ્લાના પ્રજાકીય પ્રશ્નો નિવારવા પદાધિકારીઓ - અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી



નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અને જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયાએ આજે જૂનાગઢ શહેર- જિલ્લાના પ્રશ્નો નિવારવા માટે મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા સહિતના પદાધિકારી- અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી. જૂનાગઢ સર્કિટ હાઉસ ખાતે મળેલી બેઠકમાં ઉર્જા રાજ્યમંત્રીશ્રીએ મહાનગર પાલિકાના પદાધિકારીઓ સાથે ખાસ મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ભાવિકો માટેની વ્યવસ્થા સુવિધાઓના સંદર્ભમાં પરામર્શ કર્યો હતો. ઉર્જા રાજ્યમંત્રીશ્રીએ મહાશિવરાત્રીના મેળામાં લાખો ભાવિકો પધારતા હોય ત્યારે રસ્તા, પાર્કિંગ સહિતની મૂળભૂત સુવિધાઓ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ઉર્જા રાજ્યમંત્રીશ્રીએ ખાસ જૂનાગઢ જિલ્લામાં મગફળી સહિતની ટેકાના ભાવે થતી ખરીદી અને ખેડૂતો માટેના રાહત સહાય પેકેજ સંદર્ભે થયેલી કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

## પ્રજ્ઞાચક્ષુ મહિલા સશક્તિકરણ અંતર્ગત RBI AGM દ્વારા સખી મંડળના બહેનો માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૬ ભેસાણ તાલુકા પંચાયત મીટિંગ હૉલ ખાતે ભારતીય રિઝર્વ બેન્ક, અમદાવાદ નાણાંકીય સમાવેશન અને વિકાસ વિભાગ દ્વારા ભેસાણ તાલુકાનાં સખી મંડળ ની બહેનો માટે નાણાકીય સાક્ષરતા માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં RBI અમદાવાદથી આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી ભુપેન્દ્ર ત્રિપાઠી, SRLM TLM ગીતાબેન, FLC પ્રશાંત ગોહેલ, RSETI ડીરેક્ટર મુછાળ, CFL FC શરદ ગોરસવા હાજર રહ્યા હતા આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી ભુપેન્દ્ર ત્રિપાઠી દ્વારા SHG ની યોજના વિશે,અસરકારક અને રસપ્રદ રીતે વિસ્તૃતમા જાણકારી આપવામાં આવી હતી તથા SHG ને લગતાં RBI ના નિયમો અને શરતો વિશે માહિતી આપવામા આવી હતી.

## મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે 'સખી વન સ્ટોપ' આશ્રય કેન્દ્ર



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા આગાખાન સંસ્થાની સખીમંડળની બહેનોને મહિલાઓ અને કિશોરીઓ માટે કેન્દ્ર- રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતા સેન્ટરો, વિવિધ યોજનાઓ તથા કાયદાકીય જોગવાઈઓ વિશે જાણકારી મળી રહે અને જાગૃતતા કેળવાય તે હેતુસર કેશોદ તાલુકાના શેરગઢ ખાતેના સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી.જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી. સોજીત્રા અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન અને સખી-વન સ્ટોપ સેન્ટરના કર્મચારી દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મુલાકાત દરમિયાન સખીમંડળની બહેનો જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન, મહિલાલક્ષી યોજનાઓ,સખી-વન સ્ટોપ સેન્ટરની કામગીરી અને તેના ઉદ્દેશ્યો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતા જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩ ગરવા ગિરનારને સર કરવા ૪૦મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૪-૧-૨૦૨૬ના રોજ યોજાનાર છે. ત્યારે જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ આ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારી ઓની સમીક્ષા કરી હતી. જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેકટરશ્રી એ, ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા રાજ્યભરમાંથી આવનાર સ્પર્ધકોને રહેવા-જમવાની સુવિધાઓ માટે પૂર્વ તૈયારીઓની



જાણકારી મેળવી હતી. ઉપરાંત જોખમી ગણાતી આ સ્પર્ધામાં સ્પર્ધકોને ત્વરિત જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે એમ્બ્યુલન્સ અને પુરતી મેડિકલ ટીમ તૈનાત રહે તે માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં સ્પર્ધાને અનુલક્ષીને સાફ સફાઈ, વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે, ગિરનાર સીડી રીપેરીંગ સહિતની બાબતે કલેક્ટરશ્રીએ સૂચનાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ૧૮મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા ફેબ્રુઆરી માસની પહેલી તારીખે યોજાનાર છે, ત્યારે તેના આયોજન અંગે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. અખિલ ગુજરાત ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા માટે રાજ્યભરમાંથી કુલ ૧૩૭૭ સ્પર્ધકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

## ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૫ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ડિજિટાઇઝેશન ની કામગીરી ૮૮.૦૬ ટકા પૂર્ણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૬ ખાસ સઘન સુધારણા ૨૦૨૫ અન્વયે જૂનાગઢ જિલ્લામાં ડિજિટાઇઝેશન ની કામગીરી ૮૮.૦૬ ટકા પૂર્ણ થઈ ગઈ છે. કુલ-૧૩૦૦૩૪ મતદારોમાંથી ૧૧૪૫૧૪૫ લોકોના ફોર્મ ડીજીટાઈઝ કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લાની ૮૮-કેશોદ વિધાનસભા મતિવભાગ તથા ૮૯-માંગરોળ વિધાનસભા મતવિભાગમાં ગણતરી ફોર્મ ડીજીટાઇઝેશન અંગેની કુલ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવેલ છે.

૮૭-વિસાવદર વિધાસભા મતવિભાગમાં ગણતરી ફોર્મ ડીજીટાઇઝેશન અંગેની કુલ કામગીરી ૯૯.૦૯ ટકા પૂર્ણ કરવામાં આવેલ છે. જે ટુંક સમયમાં પૂર્ણતાને આરે છે.

# શિવાના કાનમાં કહ્યું કે બન્ને ડોકરીઓ આજ તારો જબ્બર નો ક્લાસ લેશે

બાથરૂમ ની અંદર શિવા ને વધારે સમય થતા પાથરી માંથી ઊભા થઈને બાથરૂમ ના દરવાજા ને નોક કરતા મહેશ ધીમા અવાજે બોલ્યો કે મહારાણી,તમને યાદ તો છે ને કે તમે પિયર નથી સાસરે છો? મારી બા એટલે તમારી સાસુ ફિલ્મોની વિલન લલિતા પવારને ટક્કર આપે એવી છે.જો એના હિસાબે બધું સમયસર ન થયું તો એ એની આસિસ્ટન્ટ શશીકલા ઉર્ફ મારા ફઈબા સાથે વહુઓ પર એટેક કરવામાં મિનિટ નો પણ સમય લગાડશે નહી.

મહેશની વાત સાંભળતા શિવા બોલી કે લાગે છે કે મારા સાસરિયા માં બધા જ સભ્યો દોઢ બૈરા વધારે છે એટલે તો વિના કારણ ની ધમકીઓ આપ્યા કરે છે.

શિવા ના વાક્યો મહેશ ના કાને પડતા જ એ સહેજ સ્માઈલ કરતા મનોમન બોલ્યો કે પત્ની દેવી,તમારું જીવવું મરવું મારા સાથે છે એટલે દોઢ બૈરા ની અક્કલના પરચા માટે તૈયાર રહેજો.

ખાટલા પર સૂતા સુતા મહેશ વિચારવા લાગ્યો કે મારા પર ભગવાન ની કૃપા ભરપુર છે એટલે તો ત્રણેય મોટા ભાઈઓ કરતા પત્ની બાબતે મારા નસીબ વધારે સારા છે એટલે તો આખા બોલી સુંદરતા ની મૂર્તિ શિવા પત્ની સ્વરૂપે મળી છે.

બાપરે!!!.. કેટલો? મતલબ કેટલો પાગલ હતો? સારું કર્યું ને બાં આગળ લગ્ન નાં બાબતે વધારે નાટક કર્યા નહિ.જો કદાચ બા આગળ થોડી રડારોળ કરી હોત તો બાં ગમેતેમ કરીને બાપુજી ને સમજવી લેત તો મારું મન પસંદ પાત્ર મારા સ્વપ્ન ની પરી ‘શિવા‘ મેળવી શક્યો ન હોત.વાહ!!રે!!વાહ, નસીબ તો મહેશ નું જ વધારે પાવર ફૂલ છે. મારી બાં ના પ્રેમાળ હાથના આશીર્વાદના જાદુમાં ગરબા મંડળી વાળી ચાપલી જીવન સાથી બની ગઇ મહેશ ને એની ‘શિવા‘ મળી ગઈ

પથારી માં સૂતા સુતા વિચારોમાં મગ્ન મહેશ ની લિંક શિવા બાથરૂમ માંથી બહાર નીકળી ને ત્યારે એની લિંક તૂટી જતા ઊંઘવા નો ડોળ કરવા લાગ્યો.

...મહેશ પથારી માં સૂતા સૂતા ચાદર અંદર થી શિવા ની બાથરૂમ માંથી નીકળવા ની રાહ જોતો હતો.બાથરૂમ ના દરવાજા ની અંદરની કુંડી ખખડાવવા નો અવાજ આવતા જ સતર્ક થઈને સૂવાનો ડોળ કરવા લાગ્યો લાગ્યો. .રેડ કલરની બનારસી સિલ્કની સાડી માં સજ્જ થઈને શિવા બાથરૂમની બહાર નીકળીને સીધી એ ડ્રેસિંગ ટેબલ નજીક જઈને એના લાંબા કાળા વાળ સૂકવીને સરખા કરીને ઝૂડો બાંધ્યોને એમાં સેથા પર કંકુ થી લાંબી સેથી પૂરી. ગળા માં મગળ સૂત્ર સાથે સોનાનો હાર એના નાજુક નમણા ચહેરા પર અત્યંત સુંદર લાગતો હતો.કાન માં પહેરેલ સોનાના ઝૂમખાં એ તો શિવાની સુંદરતા માં ચાર ચાંદ લગાવી દેતા હતા.જ્યારે શિવાએ રૂમની બહાર નીકળતા પહેલા સાડીનો ઘૂંઘટ છેક ગળા સુધી લીધો.એ પગમાં પહેરેલ ઝાંઝર નો રૂમઝૂમ આવજ કરતી રૂમની બહાર નીકળી ને રૂમનો દરવાજો હળવે થી બંધ કર્યો.



અસ્તિત્વ ભાગ:૧૦

- રુપાલી દવે

ત્યારે મહેશને થયું કે કાશ એ પણ શિવા ની પાછળ પાછળ જાય પરંતુ નવી વહુ ની મુહ દિખાઈ માં પુરુષો ને પ્રવેશવા નો પ્રતિબંધ હોય છે. આઠ દિવસ ની રજા માં શિવા ને ગમેતેમ કરીને મનાવી ને પોતાના વશ માં કરી લેશે એવું વિચારી એ નિંદ્રા માં પોઢી ને મીઠા સ્વપ્નામાં સરી પડ્યો.

સવારના 7વાગ્યા થી શિવા ની મુહ દિખાઈ નો રંગારંગ કાર્યક્રમ શરૂ થવાનો હતો.શિવા ને ઓસરી તરફ આવતા જોઈને બાં બોલ્યાં વચલી રસોડા માં નાની ને લઈ જઈને કુળદેવી નો દીવો કરાવી મારી આગળ જલ્દી લઈ આવ. વચલી વહુ એ શિવા નો હાથ પકડી એને રસોડા ભણી લઈ ગઈ.વચલી એ ધીમેથી શિવા ના કાન માં કહ્યું કે બન્ને ડોકરીઓ આજ તારો જબ્બર નો ક્લાસ લઈ લેશે ઘરેણાં વગેરે વ્યવસ્થિત પહેરી ને સરખી રીતે લાલી લિપસ્ટિક,કાજલ લગાવી ને તૈયાર તો થઈ છો ને. બા કરતા બિન અનુભવી ફઈબા ની કચકચ વધારે છે એણે ખુદે તો લાઈફમાં ચમક ધમક કરી નથી પણ ઘરની વહુ ને ટોકવા નો ઠેકો લીધો છે. શિવા ને વચલા ભાભીની વાત સાંભળીને હસવું આવ્યું એટલે એ ઘૂંઘટ ની અંદર ધીમા આવજે હસવા લાગી. ત્યાં પરસાળ પર ખાટલામાં બેઠા બેઠા ફઈબા બોલ્યાં કે ભાભી,મારી હાળી ઓને ચીંધ્યું કામ સરખી રીતે કરવું નહિ,ઘરમાં પાચ સાત વર્ષથી ય વધારે રહે છે છતાંય ઘરના રીતરિવાજ નવેસર થી શીખવા પડે છે.બાં એ પૂછ્યું કે શું થયું કેમ ગુસ્સે થઈને બોલો છો? ફઈબા એ કહ્યું કે નવી વહુની મુહ દિખાઈ ની રસમ મોટે ઉપાડે રાખી છે પણ તૈયારીઓ તો કરી નથી.

ઓરડામાં જઈને જોઈ તમે,નાગર વેલ નાં પાન નાં બિડા ને સોપારીની કતરણ નજરે પડતી નથી.સગા સબંધીઓ અને આડોશ પડોશ ની સ્ત્રીઓ આવતી જ હશે.મીઠાઈઓ અને ફરસાણ રસોડે થી ઘર સુધી પોહચ્યાં નથી. ભાભી,ફટાફટ મહેશ ને રસોડે મોકલી બધી વ્યવસ્થા કરાવો મારા ભાઈની આબરૂનો ખ્યાલ છે કે નહિ.6:30 વાગવા આવ્યા છે ઉતાવળ કરવી પડશે..

બા ને ટેન્શન થતાં એણે મહેશ ને ઉઠાડી ને રસોડે જવાનું કહ્યું.મહેશ રેડી થઈને રૂમની બહાર નીકળ્યો ત્યાં મહેશ ના પિતરાઈ ભાઈઓ મૂળજી અને રઘો રસોડે થી ફરસાણ અને મીઠાઈઓ લઈને આવ્યા. બન્ને ને આવેલ જોઈને ફઈબા બોલ્યાં કે ઘરમાં કોઈને ટેન્શન હોઈ કે નાં હોઈ પણ મારો ભાઈ એટલે ભાઈ ખબર જ હતી એ સમય નો પાક્કો એના કામમાં ઢીલ ના જોવા મળે.જોયું બધુંય મોકલી દીધું ને સમય સર..હવે પાન નાં બીડા ને સોપારી ની કતરણ ની ખામી છે..ત્યાં મોટી વહુ એ બન્ને વસ્તુઓ લઈને કાર્યક્રમ વાળા ઓરડા માં જઈને બધું ફઈબા ની સામે બાજોઠ ની બાજુમાં બધું મૂક્યું.

વચલી વહુ એ શિવા નો હાથ પકડી ને રૂમ ના મધ્ય માં મુકેલ બાજોઠ પર બેસવાનું સૂચવ્યું. અચાનક ત્યાં ફઈબા બોલ્યાં કે નવી નવેલી મહેશ બાદ એનો ચહેરો જોવાની તક પ્રથમ મળવી જોઈએ.એને અમારી પાસે લઈ આવ.. ત્યાં જ ગંગા સદન નો દરવાજો બહાર થી ખખડાવ્યો એટલે બાં એ ફઈબા ને ટોકતા કહ્યું કે બેન રહેવા દ્યો બધું વચલી તું ફટાફટ નાની ને બાજોઠ પર બેસાડી દે બૈરા ઓ આવી ગયા છે એટલે હુ દરવાજો ખોલવા જવ છું. ફઈબા નું નાક નું ટીચકું ચડી ગયું એને પોતાનું અપમાન થયું હોઈ એવો અનુભવ થયો. પરંતુ આ ઘટના ના લીધે વહુઓ ગેલમાં આવી જતા અંદરો અંદર ધીમેથી બોલી કે ફઈબા થી છુટકારો સાંજ સુધીમાં થયો સમજો.

ઢોલ નગારા ને તબલા મઝિરા નાં તાલે સ્ત્રીઓ એ મુહ દિખાઈ ના કાર્યક્રમ શરૂ થયો ને એ સાથે ફિલ્મી ગીતો સાથે દેશી ગીતો ની રમઝટ ચાલુ થઈ.બધા ગીતો ગાતા ગાતા હસ્તા હસતાં ખૂબ નાચ્યા. શરબત,ચા,કૉફી પણ બધેય ફર્યા...મુખ્ય મુહ દિખાઈ શરૂઆત માં સૌથી પહેલાં બાં એ એની નવી નવેલી મહેશ ની વહુ નો ચહેરો એનો ઘૂંઘટ ઉઠાવી ને જોયો ને બોલ્યાં કે મારા મહેશ ની વહુ તો જાણે અપ્સરા છે અપ્સરા..ભગવાન તારી કૃપા મહેશ ભાગ્યશાળી એટલે એ ના મામલે રમત થઈ નહિ નહિતર એ તો મારો જીવ ખાય જાત.

## 'ધુરંધર' પેહેલા જ દિવસે ધમાકો કર્યો


# 'રણવીર સિંહ'ના કરિયરની 'સૌથી મોટી ઓપનર' ફિલ્મ!

### પ્રથમ દિવસે ₹27 કરોડનું કલેક્શન કરી બધા અનુમાનોને પાછળ છોડ્યા



અભિનેતા રણવીર સિંહની નવી રિલીઝ ફિલ્મ 'ધુરંધર'એ બોક્સ ઓફિસ પર ધમાકેદાર શરૂઆત કરી છે. 5 ડિસેમ્બર, શુક્રવારના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મે પ્રથમ દિવસે 27 કરોડથી વધુનું જબરદસ્ત કલેક્શન ડે 1 નોંધાવ્યું છે. આ આંકડો મોટાભાગના અનુમાનો (15-18 કરોડ) કરતાં ઘણો વધારે છે. ધુરંધર ફિલ્મ હવે રણવીર સિંહના કરિયરની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ છે. તેણે રણવીર સિંહની અન્ય સફળ ફિલ્મોના ઓપનિંગ ડેના કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે.આ ફિલ્મની ઓલ-ઈન્ડિયા ઑક્યુપેન્સી 33.81% નોંધાઈ હતી, જેમાં સાંજની સ્ક્રીનિંગ્સમાં 55%થી વધુ હાજરી જોવા મળી હતી. દિલ્હી NCR 1,371 શોમાં લગભગ 40% હાજરી સાથે સૌથી મજબૂત પ્રદર્શન કરતો વિસ્તાર રહ્યો, ત્યારબાદ મુંબઈમાં 1,024 સ્ક્રીનિંગ્સમાં લગભગ 35% ઑક્યુપેન્સી નોંધાઈ હતી. ફિલ્મની સફળતા બાદ રણવીર સિંહના પત્ની અને અભિનેત્રી દીપિકા પાદુકોણે પણ ઈન્સ્ટાગ્રામ પર પતિના વખાણ કર્યા હતા. તેમણે લખ્યું, 'ધુરંધરનો દરેક મિનિટ સમય આપવા લાયક છે... મને તારા પર ઘણો ગર્વ છે!' આદિત્ય ધર દ્વારા લખાયેલી, નિર્દેશિત અને સહ-નિર્મિત આ ફિલ્મમાં સંજય દત્ત, અક્ષય ખન્ના, આર માધવન અને અર્જુન રામપાલ મુખ્ય ભૂમિકાઓમાં છે.

### 'ધુરંધર બોક્સ ઓફિસ' પર 'સૈયારા' અને 'પદ્માવત' કરતાં પણ આગળ



### અભિનેત્રીએ 'રણવીર સિંહ'ને કહ્યું: મને તારા પર ઘણો 'ગર્વ છે'

અભિનેતા રણવીર સિંહની મચ અવેઈટેડ ફિલ્મ 'ધુરંધર' થિયેટરોમાં રિલીઝ થઈ ચૂકી છે, અને સૌથી પહેલા તેના પત્ની, અભિનેત્રી દીપિકા પાદુકોણે આ ફિલ્મ જોઈ છે. દીપિકા પાદુકોણે ઈન્સ્ટાગ્રામ પર રણવીર સિંહના દમદાર પર્ફોર્મન્સ માટે તેની ખૂબ પ્રશંસા કરી છે. દીપિકા પાદુકોણે પોતાની પોસ્ટમાં લખ્યું, 'ધુરંધર ફિલ્મ જોઈ લેવામાં આવી છે, અને આ 3.34 કલાકનો દરેક મિનિટ સમય આપવા લાયક છે. તેથી તમારી જાતને એક ફેવર કરો અને તરત જ સિનેમા હોલ પર જાઓ! રણવીર સિંહ, મને તારા પર ઘણો ગર્વ છે! આખી કાસ્ટ અને ક્રૂને ખૂબ ખૂબ અભિનંદન.' આદિત્ય ધર દ્વારા લખાયેલી, નિર્દેશિત અને સહ-નિર્મિત ફિલ્મ 'ધુરંધર' 5 ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. વિવાદોમાં ઘેરાયેલી હોવા છતાં, બે વર્ષ પછી રણવીર સિંહના પાવરફુલ કમબેકની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ધુરંધર ફિલ્મની રિલીઝ સાથે જ સોશિયલ મીડિયા પર ફેન્સના રિવ્યૂ આવવાના શરૂ થઈ ગયા છે.

# 'ધુરંધર ફિલ્મ'માં 'રહેમાન ડાકુ' બની 'અક્ષય ખન્ના'એ લૂંટી મહેફિલ




### રણવીર સિંહ પર પણ ભારે પડ્યો 'અક્ષય ખન્ના', 'તારીફોનો વરસાદ' થયો : સોશિયલ મીડિયા પર 'અક્ષય ખન્ના'ના અભિનયની જબરદસ્ત ચર્ચા

આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી મલ્ટી-સ્ટારર ફિલ્મ 'ધુરંધર' સિનેમાઘરોમાં રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર ધમાકો કરી રહી છે. આ સાચી ઘટનાથી પ્રેરિત ફિલ્મમાં રણવીર સિંહ, સંજય દત્ત અને આર. માધવન જેવા અનેક ધુરંધર કલાકારો છે, પરંતુ સૌથી વધુ ધ્યાન અભિનેતા અક્ષય ખન્નાએ ખેંચ્યું છે. અક્ષય ખન્નાએ પોતાના દમદાર અભિનયથી દર્શકોને ચોંકાવી દીધા છે અને સોશિયલ મીડિયા પર તેમની તારીફોનો વરસાદ થઈ રહ્યો છે. ફિલ્મમાં અક્ષય ખન્નાએ લયારીના માફિયા રહેમાન ડાકુનો રોલ પ્લે કર્યો છે. તેમણે આ પાત્રને એટલી સુંદરતાથી નિભાવ્યું છે કે એક ક્ષણ માટે દર્શકો ભૂલી જ જાય છે કે આ અક્ષય ખન્ના છે. તેમનો દમદાર લૂક અને અભિનયનો જાદુ જ એ કારણ છે કે હાલમાં સોશિયલ મીડિયા પર તેમના નામની જ ચર્ચા થઈ રહી છે. દર્શકોના મતે, આ ફિલ્મમાં અક્ષય ખન્ના તો રણવીર સિંહ પર પણ ભારે પડ્યા છે. ઘણા યુઝર્સ લખી રહ્યા છે કે 'અક્ષય ખન્નાને વધુ સમય સુધી સ્ક્રીન પર જોવા માંગતા હતા.' યુઝર્સે તેમની તુલના 'છાવા'માં ઔરંગઝેબના પાત્ર સાથે કરીને કહ્યું, 'આ તો માત્ર ઝાંકી હતી, અસલી રંગ તો તેમણે 'ધુરંધર'માં જમાવ્યો છે.' એક ભાવુક યુઝરે તો ત્યાં સુધી લખ્યું કે 'જો અક્ષય ખન્નાના દિવંગત પિતા આજે તેમનું આ પર્ફોર્મન્સ જોતા, તો ગર્વ અનુભવતા.' રહેમાન ડાકુનું આ પાત્ર પાકિસ્તાની ગેંગસ્ટર સરદાર અબ્દુલ રહેમાન બલૂચથી પ્રેરિત છે, જે કરાચીના લયારી વિસ્તારનો રહેવાસી હતો. ધુરંધર ફિલ્મની શરૂઆત પણ જોરદાર રહી છે, તેણે ઓપનિંગ ડે પર 27 કરોડનો બિઝનેસ કર્યો છે.

## પબમાં 'આર્યન ખાન'નો 'મિડલ ફિંગર' બતાવતો વીડિયો વાયરલ થતાં ફરિયાદ

# ફરી 'કાનૂની વિવાદ'માં ફસાયો 'આર્યન ખાન', ઈવેન્ટમાં કર્યો 'અભદ્ર ઈશારો'



બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ફરી એકવાર કાનૂની વિવાદમાં ફસાયો છે. તાજેતરમાં આર્યન ખાનનો એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે બેંગલુરુના એક પબમાં મિડલ ફિંગર બતાવતા કથિત રૂપે અભદ્ર ઈશારો કરતો જોવા મળ્યો છે. આ વીડિયો વાયરલ થતાં જ બેંગલુરુના એક વકીલ ઓવૈઝ હુસૈન એસ. દ્વારા તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વકીલે પોતાની ફરિયાદમાં દાવો કર્યો છે કે આ ઘટના દરમિયાન ત્યાં ઘણી મહિલાઓ હાજર હતી, અને આર્યન ખાનનું આ વર્તન તેમની મર્યાદાનું અપમાન છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે ક આ પ્રકારનો અભદ્ર ઈશારો જાહેર શિષ્ટાચાર અને સામાજિક મર્યાદાઓનું ઉલ્લંઘન છે. તેમણે બેંગલુરુ પોલીસ કમિશનર સહિત સંબંધિત થાણામાં FIR નોંધવાની માંગ કરી છે. બેંગલુરુ પોલીસે ફરિયાદ મળ્યા બાદ આ મામલે તરત જ તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ ક્લબ પરિસરના સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પરના વીડિયો પોસ્ટના આધારે ઘટનાની સત્યતા ચકાસી રહી છે. હાલમાં આ કેસ ભારતીય નવ્ય ન્યાય સંહિતા, 2023 (BNS) ની કલમ 173B હેઠળ નોંધવામાં આવ્યો છે. જો આરોપો સાબિત થશે, તો આર્યન ખાન પર અભદ્રતા અથવા જાહેર અશ્લીલતાની કલમ લાગુ થઈ શકે છે. આ ઘટના 28 નવેમ્બરના રોજ એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન બની હોવાનું કહેવાય છે. નોંધનીય છે કે, આર્યન ખાન આ પહેલા ઓક્ટોબર 2021માં ડ્રગ્સ કેસમાં ફસાયો હતો, જોકે બાદમાં એનસીબી દ્વારા તેના પરના તમામ આરોપો પાછા ખેંચી લેવામાં આવ્યા હતા.

**બેંગલુરુના વકીલે ફરિયાદ કરી, પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી**

# પતિ જાગે તે પહેલાં 'શર્મિલા ટાગોર' મેકઅપ કરતી: 'સોહા

### રૂઝ લગાવીને પાછી સૂઈ જતી 'શર્મિલા ટાગોર', 'મેકઅપનો કિસ્સો' વાયરલ : મન્સૂર અલી ખાન પટૌડીને 'શર્મિલા ટાગોર' જ દેખાવી જોઈતી હતી



અભિનેત્રી સોહા અલી ખાને તાજેતરમાં પોતાના પોડકાસ્ટમાં એક રસપ્રદ કિસ્સો શેર કર્યો છે, જે તેમના માતા-પિતા, દિગ્ગજ અભિનેત્રી શર્મિલા ટાગોર અને ક્રિકેટર મન્સૂર અલી ખાન પટૌડીના સંબંધો સાથે જોડાયેલો છે. પ્રેમ અને સંબંધો વિશે વાત કરતાં સોહા અલી ખાને જણાવ્યું કે કેવી રીતે તેમના માતા લગ્ન પછીના શરૂઆતના દિવસોમાં તેમના પતિ જાગે તે પહેલાં મેકઅપ કરી લેતા હતા. સોનાક્ષી સિન્હા અને કસ્તૂરી મહંતા સાથે વાતચીત દરમિયાન સોહા અલી ખાને જણાવ્યું કે તે પોતે તો તેમના પતિ કુણાલ ખેમુ સાથે મેકઅપ વિના સંપૂર્ણપણે કમ્ફર્ટેબલ છે, પરંતુ તેમના માતાની કહાણી અલગ હતી. સોહા અલી ખાને કહ્યું, 'મારા માતાએ મને એકવાર કહ્યું હતું કે જ્યારે તેમણે લગ્ન કર્યા, ત્યારે તેઓ મારા પિતા જાગે તે પહેલાં ઉઠી જતાં હતા, થોડું રૂઝ લગાવીને પાછા સૂઈ જતાં હતા. કારણ કે તેઓ શર્મિલા ટાગોર હતા, અને મારા પિતા જાગે તો તેમને શર્મિલા ટાગોર જ દેખાવી જોઈએ. જોકે, આ બાબત થોડા સમય માટે જ ચાલી હતી.

## રામ ગોપાલ વર્માએ 'ઉર્મિલા માતોંડકર' સાથેના 'અફેર પર ચૂપકીદી' તોડી



ફિલ્મમેકર રામ ગોપાલ વર્મા હંમેશા પોતાના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. વર્ષોથી રામ ગોપાલ વર્મા અને બોલીવુડ અભિનેત્રી ઉર્મિલા માતોંડકરના કથિત અફેર પર ચૂપકીદી છવાયેલી હતી, પરંતુ હવે રામ ગોપાલ વર્માએ આ મામલે મૌન તોડ્યું છે. રામ ગોપાલ વર્માએ ઉર્મિલા માતોંડકર સાથે જોડાયેલા જૂના આરોપો પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, 'મને લાગે છે કે તે સૌથી વર્સેટાઈલ અભિનેત્રી છે. આ જ કારણ છે કે મેં તેની સાથે આટલી બધી ફિલ્મોમાં કામ કર્યું.' તેમણે વધુમાં ઉમેર્યું કે તેમણે અમિતાભ બચ્ચન સાથે આનાથી પણ વધુ કામ કર્યું છે, પરંતુ તેના વિશે કોઈ વાત કરતું નથી. રામ ગોપાલ વર્મા અને ઉર્મિલા માતોંડકરે સાથે મળીને 'રંગીલા', 'દૌડ', 'સત્યા' અને 'પ્યાર તૂને ક્યા કિયા' જેવી ઘણી સફળ ફિલ્મોમાં કામ કર્યું હતું. મીડિયા રિપોર્ટ્સ મુજબ, 'રંગીલા ફિલ્મ'ના શૂટિંગ દરમિયાન બંને વચ્ચે નિકટતા વધી ગઈ હતી. ઘણી ચર્ચાઓ થઈ હતી કે આ અટકળોને કારણે રામ ગોપાલ વર્મા અને તેમની પત્ની રત્ના વર્માના સંબંધો પર પણ અસર પડી હતી.

## 'ઈન્ડિગો' પર ફૂટ્યો લૉરેન ગૉટલિબનો ગુસ્સો: 'આપદા' જેવું લાગ્યું!



દેશની મુખ્ય એરલાઈન ઈન્ડિગો પર મુસાફરોનો ગુસ્સો સતત વધી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ફ્લાઈટ્સમાં વિલંબ, રદ્દીકરણ અને ભારે ભીડને કારણે સર્જાયેલી અંધાધૂંધીને પગલે, 'એબીસીડી 2' ફેમ અભિનેત્રી અને ડાન્સર લૉરેન ગૉટલિબે પણ ઈન્ડિગો ફ્લાઈટ્સ પર ઉગ્ર ભડાસ કાઢી છે. લૉરેન ગૉટલિબની દુબઈ જવાની ફ્લાઈટ અચાનક રદ થતાં તેને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શુક્રવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળેલી લૉરેન ગૉટલિબે મીડિયા સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે ટર્મિનલની અંદરનો માહોલ કોઈ 'મોટી આપદા' જેવો લાગી રહ્યો છે. અભિનેત્રીએ જણાવ્યું કે 'સેંકડો લોકો ફસાયેલા હતા, બોર્ડિંગ કાઉન્ટર પર હોબાળો હતો અને કોઈને ખબર નહોતી કે આગળ શું થશે.' લૉરેન ગૉટલિબે લોકોને અપીલ કરી કે હાલના સંજોગોમાં ઈન્ડિગોની ફ્લાઈટ લેવાનું ટાળે, કારણ કે મુસાફરોને સાચી માહિતી કે કોઈ ઉકેલ મળી રહ્યો નથી.છેલ્લા ત્રણ દિવસમાં 750થી વધુ ફ્લાઈટ્સ રદ થતાં હજારો મુસાફરો પરેશાન થયા છે. માત્ર લૉરેન ગૉટલિબ જ નહીં, યૂટ્યુબર એલ્વિશ યાદવ અને સિંગર રાહુલ વૈદ્યએ પણ સોશિયલ મીડિયા પર ઈન્ડિગો વિરુદ્ધ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. યાત્રીઓના મતે, આ કારણે તેમની આંતરરાષ્ટ્રીય કનેક્ટિંગ ફ્લાઈટ્સ ચૂકી ગઈ છે અને તેમને આર્થિક નુકસાન પણ થયું છે. ઈન્ડિગો દ્વારા બે વાર માફી તો માંગવામાં આવી છે, પરંતુ આટલી મોટી ગડબડીનું સ્પષ્ટ કારણ હજી સુધી આપવામાં આવ્યું નથી. યાત્રીઓનું કહેવું છે કે જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય, ત્યાં સુધી ઈન્ડિગો સાથે મુસાફરી કરવી જોખમી બની શકે છે.

# જાપાનમાં 'બાહુબલી ધ એપિક'ની ધૂમ, 'પ્રભાસ' બોલ્યો: 'વર્ષોથી રાહ' હતી

### જાપાનીઝ દર્શકોમાં જબરદસ્ત ઉત્સાહ, 'પ્રભાસ'નું જોરદાર સ્વાગત

**12 ડિસેમ્બરની સત્તાવાર રિલીઝ પહેલા 'જાપાનમાં સ્ક્રીનિંગ' યોજાઈ**

ભારતીય સિનેમાનો વૈશ્વિક પ્રભાવ સતત વધી રહ્યો છે, અને આ જ ક્રમને આગળ ધપાવતા સુપરસ્ટાર પ્રભાસ હાલમાં જાપાન પહોંચ્યા હતા. તક હતી તેમની ઐતિહાસિક ફિલ્મ 'બાહુબલી ધ એપિક'ની ખાસ સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન. આ સ્ક્રીનિંગ ફિલ્મના 12 ડિસેમ્બર, 2025ના રોજ જાપાનમાં થનારા સત્તાવાર રિલીઝ પહેલા રાખવામાં આવી હતી. જાપાનમાં સ્ક્રીનિંગમાં હાજર હજારો ચાહકોએ પ્રભાસનું ખૂબ જ જોરદાર સ્વાગત કર્યું. 'બાહુબલી'ની બંને ફિલ્મો - 'ધ બિગનિંગ' અને 'ધ કન્ક્લુઝન'ને જોડીને 'બાહુબલી: ધ એપિક' તરીકે જાપાની દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. દર્શકોની તાળીઓ અને પ્રભાસના નારાથી સાબિત થયું કે આ ફિલ્મ માત્ર ભારતમાં જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એક મોટી ઘટના બની ચૂકી છે. ફિલ્મ પૂરી થયા પછી પ્રભાસે મંચ પર આવીને ભાવુક થતાં કહ્યું કે તેમને જાપાન આવવાનું સપનું 'વર્ષોથી રાહ' જોતું હતું. તેમણે કહ્યું કે, 'બાહુબલીની સફળતા પછી હું જાપાની ફેન્સના પ્રેમ અને ઉત્સાહ વિશે સાંભળતો આવ્યો છું. આજે અહીં આવીને સમજાયું કે આ પ્રેમ કેટલો સાચો અને ઊંડો છે. જાપાન પહોંચવું મારા કરિયરની એક ખાસ પળ છે.' પ્રભાસે જાપાની દર્શકોનો દિલથી આભાર માન્યો. વૈશ્વિક સ્તરે પોતાની એક અલગ ઓળખ બનાવી ચૂકેલા પ્રભાસ પાસે 'ધ રાજા સાબ', 'સ્પિરિટ', 'ફૌજી', 'સાલાન પાર્ટ 2: શૌર્યાંગ પર્વ' અને 'કલ્કિ 2898 એડી' પાર્ટ 2 જેવા અનેક મોટા પ્રોજેક્ટ્સની લાઈન છે, જેને લઈને વૈશ્વિક સ્તરે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.




# 'લગ્ન પહેલાં ઝઘડા': 'સોનાક્ષી સિન્હા' અને 'ઝહીર ઈકબાલ' વાળ નોંચવા તૈયાર હતા



બોલીવુડના લોકપ્રિય કપલ સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલ હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ સોનાક્ષી સિન્હાએ સોહા અલી ખાનના પોડકાસ્ટમાં એક મોટો ખુલાસો કર્યો છે. સોનાક્ષી સિન્હાએ જણાવ્યું કે લગ્ન પહેલાં ત્રણ વર્ષ સુધી સાથે રહ્યા પછી ઝહીર ઈકબાલ સાથેના તેમના સંબંધોમાં ખૂબ જ ખટાશ આવી ગઈ હતી. સોનાક્ષી સિન્હાએ હસતાં હસતાં કહ્યું કે રિલેશનશિપના ત્રણ વર્ષ પૂરા થતાં જ બંને વચ્ચે એટલા બધા ઝઘડા થવા લાગ્યા હતા કે 'અમે એટલો ગુસ્સો કરતા હતા કે બસ એકબીજાના વાળ નોંચવા તૈયાર રહેતા હતા.' તેમને સમજાતું નહોતું કે સામેવાળી વ્યક્તિ શું ઈચ્છે છે. આ પરેશાનીથી બહાર નીકળવા માટે ઝહીર ઈકબાલે જ કપલ્સ થેરાપી લેવાનો વિચાર આપ્યો હતો.સોનાક્ષી સિન્હા પણ થેરાપી માટે તૈયાર થઈ ગઈ અને માત્ર બે સેશન પછી જ બંને ફરીથી એકબીજાને સારી રીતે સમજવા લાગ્યા. સોનાક્ષી સિન્હાએ જણાવ્યું કે થેરાપીથી ખબર પડી કે તેઓ જે બોલે છે, તેનો અર્થ સામેવાળી વ્યક્તિ કંઈક બીજો જ કાઢી લે છે. આ સમજણથી તેમને ઘણી મદદ મળી અને તેમના સંબંધો ફરીથી પાટે ચડી ગયા. સોનાક્ષી સિન્હાએ એક મજેદાર વાત પણ જણાવી કે ડેટિંગ શરૂ થયાના એક જ અઠવાડિયામાં તે ઝહીર ઈકબાલને 'આઈ લવ યુ' કહેવાની હતી, પરંતુ ઝહીર તેના મોઢા પર હસી પડ્યો હતો અને કહ્યું હતું કે 'આ તો પાગલ લાગે છે.' લાંબા સમય સુધી રિલેશનશિપ ગુપ્ત રાખ્યા પછી, આ કપલે જૂન 2024માં મુંબઈમાં સિવિલ મેરેજ કર્યા હતા.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# વર્લ્ડ કપ વિજેતા રિચા ઘોષ DSP બની, સિલીગુડીમાં ડ્યુટી સંભાળી!

**● બંગાળ પોલીસે રિચા ઘોષને ડીએસપીનું પદ આપ્યું : સિલીગુડીમાં સહાયક પોલીસ કમિશનર તરીકે પદભાર સંભાળ્યો**



સિલીગુડી : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ વિજેતા વિકેટકીપર-બેટ્સમેન રિચા ઘોષ હવે ક્રિકેટના મેદાન ઉપરાંત કાયદા અને વ્યવસ્થાના મેદાનમાં પણ જોવા મળશે. 22 વર્ષીય રિચા ઘોષે ઔપચારિક રીતે પોલીસ ઉપાધીક્ષક (ડીએસપી)ના પદ પર રાજ્ય પોલીસ દળમાં જોડાઈ છે. મહિલા વર્લ્ડ કપ 2025 માં ભારતના ચેમ્પિયન બન્યા બાદ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રિચા ઘોષને ડીએસપી (પોલીસ ઉપાધીક્ષક) પદ આપવાની જાહેરાત કરી હતી. રિચા ઘોષે હવે સિલીગુડી પોલીસ કમિશનરેટમાં સહાયક પોલીસ કમિશનર (ACP) તરીકે પદભાર સંભાળી લીધો છે. ઘણા લોકો રિચા ઘોષના આ પદની તુલના ક્રિકેટર મોહમ્મદ સિરાજ સાથે કરી રહ્યા છે. મોહમ્મદ સિરાજને તેલંગાણા સરકારે પોલીસ ઉપાધીક્ષક (ડીએસપી)નું પદ આપ્યું છે. જોકે, ડીએસપી અને ACP (સહાયક પોલીસ કમિશનર)નું પદ મોટાભાગના રાજ્યોમાં સમાન અથવા એક જ કેડરનું ગણાય છે. રિચા ઘોષે સિલીગુડી પોલીસ કમિશનરેટમાં ACP તરીકેની જવાબદારી સંભાળી છે. રિચા ઘોષે મહિલા વર્લ્ડ કપ 2025માં મહત્વની ભૂમિકા ભજવી હતી. લીગ સ્ટેજમાં સાઉથ આફ્રિકા સામે તેની 94 રનની યાદગાર ઈનિંગ્સ તેમજ ફાઈનલમાં 34 રનનું યોગદાન ટીમની જીત માટે નિર્ણાયક સાબિત થયું હતું. ડીએસપી તરીકે રિચા ઘોષને પોલીસ ટીમોનું નેતૃત્વ, કાયદો-વ્યવસ્થાની દેખરેખ અને ગુના નિયંત્રણ જેવા વહીવટી કાર્યોની જવાબદારીઓ મળશે.

## ICC પ્લેયર ઓફ ધ મંથ: શેફાલી વર્મા નવેમ્બર એવોર્ડ માટે નામાંકિત!

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ નવેમ્બર મહિના માટેના ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે મહિલા અને પુરુષ ખેલાડીઓની યાદી જાહેર કરી છે. ભારતીય મહિલા ટીમની વિસ્ફોટક બેટ્સમેન શેફાલી વર્માને નવેમ્બર મહિનામાં તેના શાનદાર પ્રદર્શન બદલ મહિલા વર્ગના આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે નામાંકન મળ્યું છે. શેફાલી વર્માને આ એવોર્ડ માટે થાઈલેન્ડની થિપાત્ચા પુત્થાવાંગ અને સંયુક્ત અરબ અમીરાત (UAE)ની ઈશા ઓઝા તરફથી મજબૂત ટક્કર મળી રહી છે. આ એસોસિયેટ દેશોની ખેલાડીઓએ પણ નવેમ્બર મહિનામાં ક્રિકેટમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. જ્યારે પુરુષોના વર્ગની વાત કરીએ તો, ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે ત્રણ સ્પિનરોને નામાંકિત કરવામાં આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના સાઈમન હાર્મર, બાંગ્લાદેશના તૈજુલ ઈસ્લામ અને પાકિસ્તાનના મોહમ્મદ નવાઝને આ સન્માન માટે નામાંકિત કરાયા છે.

## પાકિસ્તાની બેટ્સમેન ફખર જમાન પર ICCએ લગાવ્યો મોટો દંડ!

દુબઈ: પાકિસ્તાનના બેટ્સમેન ફખર જમાનને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા મોટી કાર્યવાહીનો સામનો કરવો પડ્યો છે. ICCએ ફખર જમાનને ICCની આચાર સંહિતા (વર્તન સંહિતા)ના ઉલ્લંઘન બદલ દોષી ઠેરવ્યો છે અને તેના પર મેચ ફીના 10 ટકા જેટલો દંડ લગાવ્યો છે. આ ઘટના તાજેતરમાં શ્રીલંકા સામે રમાયેલી ત્રિકોણીય શ્રેણીની ફાઈનલ મેચ દરમિયાન બની હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઘટના પાકિસ્તાનની ઈનિંગ્સની 19મી ઓવર દરમિયાન બની હતી. ફખર જમાન આઉટ થયા બાદ મેદાન પરના ફિલ્ડ અમ્પાયરો સાથે દલીલ કરી હતી. ICCએ તેની આ ગેરવર્તણૂકને ગંભીરતાથી લીધી હતી અને તેને આચાર સંહિતાના લેવલ 1ના ઉલ્લંઘનનો દોષી ગણાવ્યો હતો. દંડ ઉપરાંત, તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. ક્રિકેટની વૈશ્વિક સંસ્થા ICC દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન મુજબ, પાકિસ્તાની બેટ્સમેન ફખર જમાને પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. જેના કારણે આ મામલે કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર પડી નથી. ફખર જમાનનું આ વર્તન મેદાન પર રમતની ભાવના જાળવવાના નિયમોનું ઉલ્લંઘન કરતું હતું, જેના કારણે ICCએ તાત્કાલિક કાર્યવાહી કરી છે.



## પોર્ટુગલની પ્રથમ ટક્કર આંતરખંડીય પ્લેઓફ વિજેતા સામે

# ફીફા વર્લ્ડ કપ 2026: રોનાલ્ડોનું પોર્ટુગલ ગ્રુપ Kમાં, 17 જૂને શરૂઆત!



**નવી દિલ્હી:**

વિશ્વભરના ફૂટબોલ ચાહકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ફીફા વર્લ્ડ કપ 2026ના ગ્રુપ સ્ટેજનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. મહાન ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ટીમ પોર્ટુગલને ગ્રુપ Kમાં સ્થાન મળ્યું છે અને તેઓ 17 જૂનના રોજ તેમની વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે. શુક્રવારે વૉશિંગ્ટન, ડીસીના જ્હોન એફ કેનેડી સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સ ખાતે ભવ્ય ડ્રો સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ફૂટબોલ આઈકોન રિયો ફર્ડિનાન્ડ સહિત બાસ્કેટબોલના શૅકિલ ઓ'નીલ અને એનએફએલના ટોમ બ્રેડી જેવા દિગ્ગજો સહાયક તરીકે હાજર રહ્યા હતા. ફીફા વર્લ્ડ કપ 2026 પ્રથમ વખત નવા ફોર્મેટમાં રમાશે, જેમાં 48 ટીમો ભાગ લેશે અને તેમને ચાર-ચાર ટીમોના 12 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. પોર્ટુગલ ગ્રુપ Kમાં તેની પ્રથમ મેચ 17 જૂને આંતરખંડીય પ્લેઓફ 1ના વિજેતા સામે રમશે. આ પ્લેઓફમાં જમૈકા, ન્યૂ કેલેડોનિયા અને કોંગો વચ્ચે ટક્કર થશે. પોર્ટુગલની બીજી મેચ 23 જૂનના રોજ નવો પ્રવેશ કરનાર ઉઝબેકિસ્તાન સામે થશે, અને ગ્રુપ સ્ટેજનો અંત 27 જૂને કોલંબિયા સામેની મેચ સાથે થશે. ટૂર્નામેન્ટનો પ્રારંભ 11 જૂને સહ-યજમાનો મેક્સિકો અને કેનેડા વચ્ચેની મેચથી થશે.

## કોલંબિયા અને ઉઝબેકિસ્તાન પણ ગ્રુપ Kમાં સામેલ

### કોચ રોબર્ટો માર્ટિનેઝની પ્રતિક્રિયા

પોર્ટુગલના કોચ રોબર્ટો માર્ટિનેઝે ગ્રુપ પર પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યું કે, 'કોલંબિયાની ટીમ ભાવના પ્રભાવશાળી છે. તેમના ખેલાડીઓ યુરોપિયન ક્લબમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉઝબેકિસ્તાન ઓછી જાણીતી ટીમ છે, પરંતુ ફાબિયો કેનાવારોનું શાનદાર કામ ત્યાં જોવા મળે છે. આ એક ખૂબ જ સ્પર્ધાત્મક ગ્રુપ છે.' માર્ટિનેઝે ઉમેર્યું કે આ સમય ખેલાડીઓ માટે આરામ અને તૈયારી માટે મહત્ત્વપૂર્ણ છે. નવા ફોર્મેટ મુજબ, દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો અને આઠ શ્રેષ્ઠ ત્રીજા સ્થાનની ટીમો 'રાઉન્ડ ઓફ 32' માટે આગળ વધશે, જે સ્પર્ધાને વધુ રોમાંચક બનાવશે.



# ગુગલ સર્ચ 2025: કોહલી-રોહિત નહીં, 14 વર્ષનો વૈભવ સૂર્યવંશી ટોપ પર!

**યુવા બેટ્સમેન ભારતમાં સૌથી વધુ સર્ચ કરાયેલો ક્રિકેટર બન્યો**

**IPLમાં રેકોર્ડબ્રેક સદીથી મળી અસાધારણ પ્રસિદ્ધિ**

**નવી દિલ્હી**

સામાન્ય રીતે ભારતીય ક્રિકેટમાં વિરાટ કોહલી અને રોહિત શર્માનું નામ સર્ચમાં ટોચ પર રહે છે, પરંતુ વર્ષ 2025ના ગુગલ સર્ચના આંકડાઓએ સૌને ચોંકાવી દીધા છે. ગુગલ સર્ચ 2025ની યાદી મુજબ, ભારતમાં સૌથી વધુ શોધાયેલા ક્રિકેટ વ્યક્તિત્વની સૂચિમાં ન તો કોહલી હતા કે ન રોહિત. આ યાદીમાં ટોચ પર છે માત્ર 14 વર્ષનો યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી, જેણે પોતાના પ્રદર્શનથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. વૈભવ સૂર્યવંશીની અસાધારણ લોકપ્રિયતાનું મુખ્ય કારણ IPL 2025માં રાજસ્થાન રોયલ્સ (RR) માટે તેનું ધમાકેદાર પ્રદર્શન હતું. RRએ તેને 1.1 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, અને તેણે માત્ર સાત મેચમાં 252 રન બનાવીને વિશ્વાસ જાળવી રાખ્યો હતો. ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં સૂર્યવંશીએ માત્ર 35 બોલમાં IPL ઈતિહાસની બીજી સૌથી ઝડપી અને ભારતીય ખેલાડીઓમાં સૌથી ઝડપી સદી ફટકારી હતી. તેની આ 101 રનની ઈનિંગ્સમાં સ્ટ્રાઈક રેટ 205થી વધુ રહ્યો હતો. વૈભવ સૂર્યવંશી પછી બીજા અને ત્રીજા સ્થાને યુવા ખેલાડીઓ પ્રિયાંશ આર્યા (પંજાબ કિંગ્સ) અને વર્તમાન વિશ્વના નંબર-વન T20 બેટ્સમેન અભિષેક શર્મા રહ્યા હતા. અભિષેક શર્મા તેની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે. આ યાદીમાં ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ બેટ્સમેન શેખ રશીદ અને મહિલા વર્લ્ડ કપની સ્ટાર જેમિમા રોડ્રિગ્સ પણ સામેલ છે.

## વિચિત્ર સંયોગ

# ઋતુરાજ ગાયકવાડ પર 'સદીનો શ્રાપ'? સદીથી ટીમ હારે, બે વખત રેકોર્ડ!

**IPLથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સુધી: દરેક સદી પર ટીમની હાર : સોશિયલ મીડિયા પર આ અજીબ ટ્રેન્ડની ભારે ચર્ચા**

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમ અને ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના સ્ટાર બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડ પોતાના શાનદાર પ્રદર્શનથી પ્રભાવિત કરી રહ્યા છે, પરંતુ તેમના કરિયરમાં એક અજીબ સંયોગ જોવા મળ્યો છે, જેને સોશિયલ મીડિયા પર 'સદીનો શ્રાપ' (સદીનો શ્રાપ) કહેવામાં આવી રહ્યો છે. ઋતુરાજ ગાયકવાડે અત્યાર સુધી જેટલી પણ સદી ફટકારી છે, પછી તે IPL હોય, T20 આંતરરાષ્ટ્રીય હોય કે ODI હોય, દરેક વખતે મેચનું પરિણામ તેમની ટીમની હારના રૂપમાં આવ્યું છે. ઋતુરાજ ગાયકવાડની દરેક સદી પછી ટીમની હારનો આ આંકડો માત્ર એક સંયોગ નહીં, પણ એક ટ્રેન્ડ બની ગયો છે. તેમના બે આંતરરાષ્ટ્રીય સદીના સ્કોર પર તો વિરોધી ટીમોએ રેકોર્ડ ચેઝ કરીને જીત મેળવી છે: IPLમાં પ્રથમ સદી (2021): રાજસ્થાન રોયલ્સ સામે અણનમ 101 રન બનાવ્યા, છતાં CSK હારી ગયું. IPLમાં બીજી સદી (2024): લખનઉ સુપર જાયન્ટ્સ સામે અણનમ 108 રન બનાવ્યા, છતાં CSK હારી ગયું. T20 આંતરરાષ્ટ્રીય સદી (2023): ઓસ્ટ્રેલિયા સામે ગુવાહાટીમાં 123 રન બનાવ્યા. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 223 રનનો લક્ષ્યાંક ચેઝ કરીને T20Iમાં ભારત સામેનો પોતાનો સૌથી મોટો ચેઝનો રેકોર્ડ બનાવ્યો. ODIમાં પ્રથમ સદી (2024): દક્ષિણ આફ્રિકા સામે રાયપુરમાં 105 રન બનાવ્યા. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ 359 રનનો લક્ષ્યાંક ચેઝ કરીને ODIમાં ભારત સામેનો પોતાનો સૌથી મોટો ચેઝનો રેકોર્ડ બનાવ્યો. આ આંકડાઓ બતાવે છે



**"હું કોઈના દેવાદાર નથી": બ્રાઝિલ કોચનો બેધડક જવાબ**

**કોચના પદ સંભાળ્યા પછી નેમારની ટીમમાં પસંદગી નથી**

# કાર્લો એન્સેલોટીને શંકા: નેમાર વર્લ્ડ કપ 2026માં રમશે કે નહીં?

**વૉશિંગ્ટન:**

બ્રાઝિલના નવા કોચ કાર્લો એન્સેલોટીએ સ્ટાર ખેલાડી નેમારના વર્લ્ડ કપ 2026ના સ્ક્વોડમાં સમાવેશ પર શંકા વ્યક્ત કરી છે. મે મહિનામાં કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ ઈટાલિયન કોચ એન્સેલોટીએ હજી સુધી પૂર્વ કેપ્ટન નેમારને એક પણ સ્ક્વોડમાં સામેલ કર્યો નથી. શુક્રવારે વૉશિંગ્ટનમાં ડ્રો સમારોહ બાદ એક પત્રકાર પરિષદમાં કાર્લો એન્સેલોટીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'જો નેમાર ટીમમાં સ્થાન મેળવવા માટે લાયક હશે, જો તે અન્ય ખેલાડીઓ કરતાં સારો હશે, તો તે વર્લ્ડ કપમાં રમશે અને બસ. (પરંતુ) હું કોઈનો દેવાદાર નથી.' કોચના આ નિવેદને ફૂટબોલ જગતમાં મોટી ચર્ચા જગાવી છે. 33 વર્ષીય નેમાર ઓક્ટોબર 2023માં ઉરુગ્વે સામેની વર્લ્ડ કપ ક્વોલિફાયર મેચ દરમિયાન થયેલી ACL ઈજામાંથી હજી સુધી સંપૂર્ણપણે બહાર આવ્યો નથી. જોકે, તે બ્રાઝિલિયન ચેમ્પિયનશિપમાં પોતાની ક્લબ સંતોષને રેલિગેશનથી બચાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, તાજેતરમાં તેણે માંસપેશીઓમાં ઈજા હોવા છતાં સંતોષ માટે હેટ્રિક પણ ફટકારી હતી. કાર્લો એન્સેલોટીએ ઉમેર્યું કે, 'જો આપણે નેમાર વિશે વાત કરીએ, તો આપણે અન્ય ખેલાડીઓ વિશે પણ વાત કરવી પડશે. અમારે નેમાર સાથે કે નેમાર વિના, અન્ય ખેલાડીઓ સાથે કે તેમના વિના, બ્રાઝિલ વિશે વિચારવું પડશે.' ટીમની અંતિમ સૂચિ માર્ચમાં યોજાનારી ફિફા મેચો પછી તૈયાર કરવામાં આવશે.

**બ્રાઝિલનું ગ્રુપ C અને કોચનો પ્લાન...** બ્રાઝિલને વર્લ્ડ કપ 2026માં ગ્રુપ Cમાં મૂકવામાં આવ્યું છે, જેમાં મોરોક્કો, હૈતી અને સ્કોટલેન્ડનો સમાવેશ થાય છે. એન્સેલોટીએ આ ગ્રુપને 'મુશ્કેલ' ગણાવ્યું હતું, ખાસ કરીને 2022ના સેમી-ફાઈનલિસ્ટ મોરોક્કોને એક મોટો પડકાર માન્યો હતો. તેમણે કહ્યું કે સ્કોટલેન્ડ એક મજબૂત ટીમ છે અને હૈતી 1974 પછી પહેલીવાર વર્લ્ડ કપમાં રમી રહ્યું છે. બ્રાઝિલ પોતાનું અભિયાન 13 જૂને મોરોક્કો સામે શરૂ કરશે, ત્યારબાદ છ દિવસ પછી હૈતી સામે અને 24 જૂને સ્કોટલેન્ડ સામે ગ્રુપ સ્ટેજની અંતિમ મેચ રમશે. એન્સેલોટીએ સ્પષ્ટ કર્યું કે તેમનો ધ્યેય માત્ર ગ્રુપ જીતવાનો જ નહીં, પરંતુ ફાઈનલ રમવાનો છે.



**NADAએ 42 વર્ષીય ડિસ્કસ થ્રોઅરને દોષિત જાહેર કર્યા**

# સીમા પુનિયાને ડોપ ટેસ્ટમાં નિષ્ફળતા, 16 મહિનાનો પ્રતિબંધ લદાયો!


નવી દિલ્હી: ભારતીય રમતગમત જગત માટે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં પૂર્વ એશિયન ગેમ્સ ગોલ્ડ વિજેતા ડિસ્કસ થ્રોઅર સીમા પૂનિયાને ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ 16 મહિનાનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. રાષ્ટ્રીય એન્ટી-ડોપિંગ એજન્સી (NADA) દ્વારા ડોપિંગ ગુનેગારોની અપડેટ કરેલી યાદી અનુસાર, 42 વર્ષીય સીમા પૂનિયાનું સસ્પેન્શન 10 નવેમ્બરથી અમલમાં આવ્યું છે. જોકે, NADA દ્વારા એ પદાર્થનો ખુલાસો કરવામાં આવ્યો નથી, જેના માટે તે સકારાત્મક જણાઈ છે. આ નવી ઘટના સીમા પૂનિયાના વિવાદાસ્પદ ડોપિંગ રેકોર્ડમાં વધુ એક ઉમેરો કરે છે. તેમના ભૂતકાળમાં પણ બે વખત ડોપિંગના ઉલ્લંઘન નોંધાયેલા છે, જેમાંથી એક જુનિયર સ્તરે હતું. સીમા પૂનિયાએ 2014ની ઈંચિયોન એશિયન ગેમ્સમાં એકમાત્ર ગોલ્ડ મેડલ જીત્યો હતો અને તે ચાર વખત કોમનવેલ્થ ગેમ્સ મેડલિસ્ટ પણ રહી ચૂક્યા છે, જેમાં ત્રણ સિલ્વર મેડલનો સમાવેશ થાય છે. તેમની છેલ્લી મોટી સ્પર્ધા 2023ની હાંગઝોઉ એશિયન ગેમ્સ હતી, જ્યાં તેમણે કાંસ્ય પદક જીત્યો હતો. સીમા પૂનિયા ઉપરાંત, NADA દ્વારા અન્ય ઘણા ખેલાડીઓને પણ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.



## અશ્વિને પોતાની ભૂલ સુધારી

**ટોપ-4માં ગિલનું નામ ભૂલાતાં અશ્વિને માંગી માફી, રોહિત-કોહલી-ઋતુરાજ-શ્રેયસનું નામ ગણાવ્યું હતું**

**શુભમન ગિલ હાલમાં ગરદનની ઈજાને કારણે ભારતીય ટીમમાંથી બહાર છે**



# અશ્વિનની જીભ લપસી: 2027 WC ટીમમાં કેપ્ટન ગિલને રાખવાનું ભૂલ્યા!

**નવી દિલ્હી**

ભારતીય ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમણે 2027 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની ચર્ચા દરમિયાન ટોચના ચાર બેટ્સમેનોની યાદીમાં નિયમિત કેપ્ટન શુભમન ગિલનું નામ લેવાનું ભૂલી ગયા હતા. તથ્ય-તપાસમાં આ વાત સાચી હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ અશ્વિને તરત જ પોતાની ભૂલ સુધારી લીધી હતી. પોતાના યુટ્યુબ ચેનલ પરની વાતચીત દરમિયાન રવિચંદ્રન અશ્વિને ભારતના સંભવિત ટોચના બેટ્સમેનોના નામ ગણાવતા કહ્યું હતું કે, 'જો શ્રેયસ અય્યર પાછો ફરે છે, તો તે વિશ્વ કપ માટે ગુણવત્તાવાળો નંબર-ચાર છે. ઋતુરાજ ગાયકવાડને રોહિત શર્મા અને વિરાટ કોહલી સાથે ઉપયોગમાં લઈ શકાય છે. જો વિરાટ ઓપનિંગ કરે તો ઋતુરાજ અને શ્રેયસ પણ ફિટ થઈ શકે છે.' આ ચર્ચામાં તેમણે રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર અને ઋતુરાજ ગાયકવાડનું નામ તો લીધું, પરંતુ શુભમન ગિલનું નામ છૂટી ગયું.

**અશ્વિને ભૂલ સ્વીકારી અને માફી માગી...** થોડી જ સેકન્ડો પછી, અશ્વિનને પોતાની ભૂલનો અહેસાસ થયો અને તેમણે તરત જ માફી માગતા કહ્યું, 'સૉરી, હું શુભમન ગિલનું નામ ભૂલી ગયો હતો. આ તેના માટે બિલકુલ ન્યાય નથી. ટીમ ઈન્ડિયામાં સ્થાન માટે ખૂબ જ સ્પર્ધા છે, પરંતુ હું ઈચ્છું છું કે ઋતુરાજને પણ બરાબર તક મળે.' આ ઘટના દર્શાવે છે કે આજના ડિજિટલ યુગમાં ક્રિકેટરોની એક નાનકડી ભૂલ પણ કેટલી ઝડપથી વાયરલ થઈ શકે છે. જોકે, અશ્વિનની તરત માફી અને સ્પષ્ટતાએ આ વિવાદને મોટો થતો અટકાવ્યો હતો.

**બેટ્સમેનની આંગળીમાંથી સગાઈની વીંટી ગાયબ, સવાલો ઊભા થયા**

# સંબંધમાં પરિવર્તન? સ્મૃતિ મંધાનાનો સગાઈ ટળ્યા પછીનો પ્રથમ વીડિયો, ફેન્સ ચોંક્યા!

**મુંબઈ:**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના ફરી એકવાર તેમના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. સંગીતકાર પલાશ મુછાલ સાથેના લગ્ન મુલતવી રહ્યા બાદ તેમણે પહેલીવાર સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, પરંતુ આ વીડિયોએ ચાહકોના મનમાં નવા સવાલો ઊભા કર્યા છે. વીડિયોમાં સ્મૃતિ મંધાનાની આંગળી પર સામાન્ય રીતે જોવા મળતી સગાઈની વીંટી ગેરહાજર હતી, જે સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની છે. સ્મૃતિ મંધાના અને પલાશ મુછાલના લગ્ન 23 નવેમ્બરના રોજ નક્કી થયા હતા, પરંતુ આકસ્મિક સંજોગોને કારણે તારીખ બદલવી પડી હતી. લગ્નના દિવસે સ્મૃતિ મંધાનાના પિતા શ્રીનિવાસ મંધાના ગંભીર રીતે બીમાર પડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તેના બીજા જ દિવસે પલાશ મુછાલનું સ્વાસ્થ્ય પણ બગડ્યું હતું. જોકે, હવે બંનેને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે, પરંતુ લગ્નની નવી તારીખની કોઈ જાહેરાત થઈ નથી. શુક્રવારે શેર કરવામાં આવેલો વીડિયો એક ટૂથપેસ્ટ બ્રાન્ડ સાથેની પેઈડ પાર્ટનરશિપનો ભાગ હતો. વીડિયોમાં ભલે સ્મૃતિ મંધાના આત્મવિશ્વાસથી ભરેલા અને ખુશ દેખાતા હતા, પણ ફેન્સનું ધ્યાન તેમની સ્મિત પર નહીં, પણ વીંટીની ગેરહાજરી પર ગયું. આ પરિસ્થિતિ ત્યારે વધુ જટિલ બની જ્યારે સ્મૃતિ મંધાનાએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લગ્ન સંબંધિત તમામ તસવીરો અને પોસ્ટ હટાવી દીધી. આનાથી અટકળો તેજ થઈ કે શું માત્ર લગ્ન મુલતવી રહ્યા છે કે સંબંધમાં કોઈ મોટો બદલાવ આવ્યો છે.



# પાકિસ્તાને ચીનના અરુણાચલ પરના દાવાને સમર્થન આપ્યું

## PAK પ્રવક્તાએ કહ્યું- પૂરો સાથ આપીશું; ભારતે કહ્યું- અરુણાચલ અમારો અભિન્ન ભાગ, હકીકત બદલાશે નહીં

(એજન્સી) ઇસ્લામાબાદ | તા. 06

પાકિસ્તાને ફરી એકવાર ચીનના અરુણાચલ પ્રદેશ પરના દાવાને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ 5 ડિસેમ્બરે પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, 'ચીનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સંબંધિત દરેક મુદ્દે પાકિસ્તાનનો સતત અને સંપૂર્ણ ટેકો ચીન સાથે છે.'

અંદ્રાબીએ અરુણાચલ પ્રદેશ પર ચીનના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદનો અંગેના સવાલના જવાબમાં આ વાત કહી હતી. ચીને 25 નવેમ્બરે અરુણાચલ પ્રદેશને પોતાનો ભાગ ગણાવ્યો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું હતું કે ઝાંગનાન (અરુણાચલ પ્રદેશ) અમારો ભાગ છે.

તેમણે કહ્યું કે ચીને અરુણાચલ પ્રદેશને ક્યારેય ભારતનો હિસ્સો માન્યો નથી. ચીનનું આ નિવેદન ભારતીય મહિલા પેમ વાંગજોમ થાંગડોક સાથે શાંઘાઈ એરપોર્ટ પર દુર્વ્યવહારના આરોપોના સવાલ પર આવ્યું હતું. ચીને પેમ સાથે દુર્વ્યવહારના આરોપોને પણ નકારી કાઢ્યા હતા.

ચીનના આ નિવેદન પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું- અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. ચીન ભલે ગમે તેટલો ઈનકાર કરે, સત્ય બદલી શકાતું નથી.



અરુણાચલ પર ચીન પોતાનો દાવો કરે છે

ચીને ક્યારેય અરુણાચલ પ્રદેશને ભારતના રાજ્ય તરીકે માન્યતા આપી નથી. તે અરુણાચલને 'દક્ષિણ તિબેટ'નો હિસ્સો ગણાવે છે. તેમનો આરોપ છે કે ભારતે તેમના તિબેટીયન વિસ્તાર પર કબજો કરીને તેને અરુણાચલ પ્રદેશ બનાવી દીધો છે. ચીન અરુણાચલના વિસ્તારોના નામ શા માટે બદલે છે, તેનો અંદાજ ત્યાંના એક સંશોધકના નિવેદન પરથી લગાવી શકાય છે. 2015 માં ચાઈનીઝ એકેડમી ઓફ સોશિયલ સાયન્સના સંશોધક ઝાંગ યોંગપાને ગ્લોબલ ટાઈમ્સને કહ્યું હતું કે, 'જે સ્થળોના નામ બદલવામાં આવ્યા છે તે સેંકડો વર્ષોથી ચીન પાસે છે.

ચીન દ્વારા આ સ્થળોના નામ બદલવા બિલકુલ વાજબી છે. જૂના સમયમાં ઝાંગનાન (ચીનમાં અરુણાચલને આપેલું નામ) ના વિસ્તારોના નામ કેન્દ્રીય અથવા સ્થાનિક સરકારો જ રાખતી હતી. આ ઉપરાંત વિસ્તારના જાતિગત સમુદાયો જેવા કે તિબેટીયન, લાહોબા, મોનબા પણ પોતાના અનુસાર સ્થળોના નામ બદલતા રહેતા હતા.

જ્યારે ઝાંગનેમ પર ભારતે ગેરકાયદેસર રીતે કબજો જમાવ્યો ત્યારે ત્યાંની સરકારે ગેરકાયદેસર રીતે સ્થળોના નામ પણ બદલ્યા. ઝાંગે એમ પણ કહ્યું હતું કે અરુણાચલના વિસ્તારોના નામ બદલવાનો હક ફક્ત ચીનને હોવો જોઈએ.

ચીને અરુણાચલમાં જન્મેલી મહિલાનો પાસપોર્ટ અમાન્ય ગણાવ્યો હતો. ચીની અધિકારીઓએ કહ્યું કે આ રાજ્ય ચીનનો ભાગ છે અને તેમણે ચીની પાસપોર્ટ માટે અરજી કરવી જોઈએ. 21 નવેમ્બરના રોજ બ્રિટનમાં રહેતી ભારતીય મૂળની મહિલા પેમ વાંગઝોમ થાંગડોક લંડનથી જાપાન જઈ રહી હતી. શાંઘાઈ પુડોંગ એરપોર્ટ પર તેમનો 3 કલાકનો ટ્રાન્ઝિટ હતો.

# અમેરિકન પ્રમુખને ફિફાએ શાંતિના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

(એજન્સી) વોશિંગ્ટન । તા. 06

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર તો નથી મળ્યો, પરંતુ તેમને ફૂટબોલની વૈશ્વિક સંસ્થા ફિફા(FIFA) દ્વારા શરૂ કરાયેલો પ્રથમ 'ફિફા શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર રમતગમત સિવાય વૈશ્વિક શાંતિમાં યોગદાન આપવા બદલ આપવામાં આવે છે અને ટ્રમ્પ તેના સૌપ્રથમ વિજેતા બન્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પનું નોબેલ શાંતિ પુરસ્કાર પ્રત્યેનું આકર્ષણ જાણીતું છે અને ફિફાના આ નવા પુરસ્કારની શરૂઆત ટ્રમ્પને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ફિફાના વર્તમાન અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનો ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે. જિયાનીએ ભૂતકાળમાં જાહેરમાં કહ્યું છે કે ગાઝા સંઘર્ષમાં યુદ્ધવિરામ કરાવવા બદલ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જ જોઈએ.

ફિફાના આગામી વિશ્વકપ માટેના એક કાર્યક્રમમાં જિયાની ઈન્ફેન્ટિનોએ અમેરિકન પ્રમુખનું સ્વાગત કર્યું અને તેમને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી. જિયાનીએ ટ્રમ્પને સંબોધતા કહ્યું, 'આ તમારા માટે એક સુંદર મેડલ છે, જેને તમે જ્યાં ઈચ્છો ત્યાં પહેરી શકો છો. ટ્રમ્પે તાત્કાલિક આ મેડલ પોતાના ગળામાં પહેરી લીધુ હતું. આ સાથે, ટ્રમ્પને એક પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું, જેમાં તેમને 'દુનિયામાં શાંતિ અને એકતા વધારવામાં યોગદાન' આપનાર ગણાવવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### AI દરેક પ્રોફેશનલ નોકરી કરવા સક્ષમ, ભવિષ્યમાં CEOના પદે બિરાજે તોય નવાઈ નહીં!

વિશ્વ વિખ્યાત યુસી બર્કલીના પ્રોફેસર સ્ટુઅર્ટ રસેલની ગણતરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના એક્સપર્ટ તરીકે થાય છે. તેઓ 'આર્ટિફિશિલ ઈન્ટેલિજન્સ: અ મોર્ડન એપ્રોચ' બુકના સહ-લેખક છે. તેમણે 'ડાયરી ઓફ અ સીઈઓ' પોડકાસ્ટના એક એપિસોડ દરમિયાન આગાહી કરી કરી કે, એઆઈ ટેકનોલોજીએ સ્પીડે આગળ વધી રહી છે કે તે કંપનીના ટોપ એક્ઝિક્યુટિવ અથવા સીઈઓની નોકરીઓ પણ છીનવી શકે છે.

યુએસ યુનિવર્સિટીના પ્રોફેસરે કહ્યું કે, એઆઈ કંપનીઓ લોકોની મંજૂરી લીધા વિના તેમના જીવન સાથે રશિયન રુલેટ રમી રહી છે. એઆઈ બૂમ પાછળ આંધળી થયેલી કંપનીઓ નફો કમાવવા મથી રહી છે. તેમને માણસના જીવનની કોઈ પરવા નથી. તેમણે એઆઈ ટેકનોલોજી વિશે સમજાવતા કહ્યું કે, તમે જે કંઈ પણ કરવા માંગો છો. તે એઆઈ સારી રીતે કરી શકે છે. તમે સર્જન બનવા માંગો છો. તો બીજી તરફ એક રોબોટ છે જેને સર્જન બનવામાં માત્ર સાત સેકન્ડનો સમય લાગે છે અને તે કોઈપણ માણસ કરતા સારો સર્જન બની શકે છે. તેમણે એક કાલ્પનિક બોર્ડ રૂમ મિટિંગનું વિવરણ કરતા કહ્યું કે, વિચારો એક સીઈઓને તેના બોર્ડના મેમ્બર્સ કહી રહ્યાં છે કે, તમે તમારી નિર્ણય લેવાની ક્ષમતા એઆઈને સોંપી દો, નહીતર તમને કાઢી મૂકવા પડશે કારણ કે, એઆઈ પાવર્ડ સીઈઓ તમારા કરતા ઘણું સારું કામ કરી રહ્યાં છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ એઆઈ લેન્ડસ્કેપ પોતાને નહીં ઢાળે તેની જોબ ખતરામાં છે.

### દુનિયાભરમાં ઝૂમ, લિંક્ડઈન જેવી અનેક સાઈટ કલાકો સુધી ઠપ

મેડ્રિડ : ક્લાઉડફ્લેર નામની વેબસાઈટ સર્વિસ પ્રોવાઈડર કંપનીની સિસ્ટમમાં ગરબડ સર્જાતા દુનિયાની કેટલીય એપ્સ ઠપ થઈ ગઈ હતી. સેંકડો યુઝર્સે એક્સ પ્લેટફોર્મમાં તેની ફરિયાદ કરી હતી. કંપનીએ પણ ગરબડની વાત સ્વીકારી હતી અને સર્વિસ ફરીથી યથાવત થઈ હોવાનું જણાવ્યું હતું.

ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ક્લાઉડફ્લેરના સર્વરમાં કંઈક ગરબડ સર્જાઈ હતી. આ કંપની દુનિયાની કેટલીય એપ્સને ક્લાઉડ, સર્વર અને ઈન્ટરનેટરની સર્વિસ આપે છે. તેના કારણે કંપનીના સર્વસમાં થયેલી ગરબડની અસર ગ્લોબલી ઘણી પોપ્યુલર એપ્સ પર પડી હતી. ખાસ તો લિંક્ડઈન, ઝૂમ, ગ્રો, ઝેરોધા, બુક માય શો, કેનવા જેવી ઘણી એપ્સ કલાકો સુધી ઠપ રહી હતી એવી ફરિયાદ યુઝર્સે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મમાં કરી હતી. એડનબર્ગનું એરપોર્ટ પણ ટેકનિકલ ગરબડ સર્જાતા થોડી કલાકો માટે બંધ કરવું પડયું હતું. જોકે, એરપોર્ટ ઓથોરિટીએ કહ્યું હતું કે તે અન્ય કારણથી બંધ થયું છે. ક્લાઉડક્લેરની સર્વિસના કારણે બંધ રાખવું પડયું નથી. જોકે, યુઝર્સે એરપોર્ટ બંધ રહેવા પાછળ આ કંપનીની સર્વિસને જ જવાબદાર ગણી હતી.

## પુતિનની ભારત મુલાકાતથી શું બદલાયું

# તેલ પુરવઠાની ખાતરી સહિત 19 ડીલ, ફાઈટર જેટ અને ડિફેન્સ ડીલની જાહેરાત નહીં...

**નવી દિલ્હી | રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તેમની 27 કલાકની ભારત મુલાકાત પૂર્ણ કરીને પાછા ફર્યા છે. તેમણે શુક્રવારે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરી અને બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું.આ દરમિયાન ભારત-રશિયા વચ્ચે કોઈ મોટા કરારની જાહેરાત થઈ ન હતી. અગાઉના અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે બંને દેશો વચ્ચે SU-57 ફાઈટર જેટ અને S-400 ડિફેન્સ સિસ્ટમ અંગે ડીલ થઈ શકે છે. જોકે, બંને દેશો વચ્ચે તેલ સપ્લાયની ગેરંટી સહિત 19 કરારો પર સહમતિ સધાઈ હતી. જેમાં ઘણા મહત્ત્વપૂર્ણ કરારો પણ સામેલ છે.**

### 1. મેનપાવર મોબિલિટી

ભારત અને રશિયાએ મેનપાવર મોબિલિટી કરાર કર્યો છે. આનાથી બંને દેશોના નાગરિકો અસ્થાયી રૂપે એકબીજાના દેશમાં કામ કરી શકશે.

જો કોઈ ભારતીય રશિયામાં અથવા કોઈ રશિયન ભારતમાં કામ કરવા માંગે છે, તો તે હવે વધુ સરળ બનશે. આ સાથે, ગેરકાયદેસર રીતે અવર-જવર પર પણ મજબૂત રોક લાગશે.

### 2. ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ-

આ કરાર ભારતની FSSAI અને રશિયાની ગ્રાહક સુરક્ષા એજન્સી વચ્ચે થયો છે. ભારત અને રશિયા એ વાત પર સાથે કામ કરશે કે બંને દેશોના લોકોને સુરક્ષિત અને સારા ધોરણોવાળો ખોરાક મળે. કોઈપણ ખાદ્ય ઉત્પાદન એક દેશમાંથી બીજા દેશમાં જાય, તો તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવશે.

### 3. જહાજ નિર્માણ

ભારત અને રશિયાએ શિપિંગ, પોર્ટ્સ, જહાજ નિર્માણ અને આર્કટિક સહયોગને મજબૂત કરવા માટે એક નવો કરાર કર્યો છે.

આર્કટિક ક્ષેત્રમાં સહયોગ- રશિયા આર્કટિક ક્ષેત્રમાં એક મોટો ખેલાડી છે અને ત્યાં તેની પાસે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. ભારત હવે રશિયા સાથે મળીને આર્કટિકમાં સંશોધન, દરિયાઈ માર્ગો અને ઊર્જા પ્રોજેક્ટ્સ પર કામ કરશે. આનાથી નવા વ્યાપારી માર્ગો અને ઊર્જા સંસાધનો સુધી પહોંચ સરળ બનશે.

શિપિંગ અને બંદરોમાં ભાગીદારી- ભારત અને રશિયા વચ્ચે શિપિંગને ઝડપી અને સુવિધાજનક બનાવવા માટે સાથે મળીને કામ થશે. બંદરો વચ્ચે કનેક્ટિવિટી અને તકનીકી સહયોગ વધશે. બંને દેશો તેમના દરિયાઈ વેપારને વધારવા માટે વધુ સારા માર્ગો નક્કી કરશે.

જહાજ નિર્માણ- બંને દેશો જહાજ બનાવવા, સમારકામ, ટેકનોલોજી શેર કરવા અને તાલીમમાં ભાગીદારી કરશે. રશિયાએ પ્રસ્તાવ મૂક્યો છે કે આર્કટિક-ક્લાસ જહાજો સાથે મળીને બનાવવામાં આવે. ભારતમાં એવા જહાજોનું નિર્માણ કરવામાં આવશે, જે બર્ફીલા આર્કટિક અને નોર્ધન સી રૂટ જેવા દરિયાઈ માર્ગોમાં કામ કરી શકે.




### 4. પરમાણુ ઊર્જા કરાર

ભારત અને રશિયાએ પરમાણુ ઊર્જાના ક્ષેત્રમાં એક મોટો અને વ્યૂહાત્મક કરાર કર્યો છે. તેનો હેતુ ભવિષ્યની જરૂરિયાતો અનુસાર પરમાણુ ઊર્જા ટેકનોલોજીમાં સાથે મળીને કામ કરવાનો છે. આ કરારના બે ભાગ છે-

પોર્ટેબલ (મોબાઈલ) ન્યુક્લિયર પાવર સિસ્ટમ પર સહયોગ- ભારત અને રશિયા હવે નાના, પોર્ટેબલ અને મોડ્યુલર પરમાણુ રિએક્ટર (SMR-Small Modular Reactors) પર સાથે મળીને કામ કરશે. પોર્ટેબલ ન્યુક્લિયર રિએક્ટર એક એવો નાનો ન્યુક્લિયર પ્લાન્ટ હોય છે જેને જરૂર પડ્યે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે અને ઓછી જગ્યામાં વીજળી ઉત્પન્ન કરી શકે છે. તેનો ઉપયોગ દૂરના વિસ્તારોમાં, આર્કટિક જેવા મુશ્કેલ વિસ્તારોમાં કરી શકાય છે.

મોટા પરમાણુ પ્લાન્ટ્સ પર સહયોગ ચાલુ રહેશે- રશિયા પહેલેથી જ તમિલનાડુના કુડનકુલમ પરમાણુ વીજળી પ્લાન્ટના નિર્માણમાં ભારતનો ભાગીદાર છે. કરાર હેઠળ રશિયા ભારતમાં ભવિષ્યના પરમાણુ રિએક્ટર માટે તકનીકી સહયોગ, સ્પેરપાર્ટ્સ અને ઈંધણ પુરવઠો ચાલુ રાખશે. બંને દેશો નવા ન્યુક્લિયર રિએક્ટર મોડલ અને સુરક્ષા તકનીક પણ સાથે મળીને વિકસાવશે.

### 5. ખાતર કરાર

ભારત અને રશિયાની મોટી ખાતર કંપનીઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કરાર થયો છે. આમાં રશિયાની ઉરલકેમ (UralChem) અને ભારતની રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF), નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (NFL) અને ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL) શામેલ છે.

આ કરારનો હેતુ ભારતમાં ખેડૂતોને સમયસર અને પર્યાપ્ત માત્રામાં ખાતર ઉપલબ્ધ કરાવવાનો છે. કરાર હેઠળ, રશિયાની ઉરલકેમ ભારતને મોટી માત્રામાં યુરિયા, પોટાશ, ફોસ્ફેટ અને અન્ય ખાતરોનો સતત પુરવઠો પૂરો પાડશે.

આનાથી ભારતમાં ખેડૂતોને ખાતરની અછતનો સામનો કરવો પડશે નહીં. આ લાંબી ભાગીદારીથી ભારતને ખાતર સ્થિર અને નિયંત્રિત કિંમતો પર મળી શકશે. ભારતીય કંપનીઓ અને ઉરલકેમ મળીને ટેકનોલોજી, કાચો માલ અને ઉત્પાદનમાં સહયોગ વધારશે.

### 6. હેલ્થકેર અને મેડિકલ એજ્યુકેશન

ભારત અને રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલય વચ્ચે સ્વાસ્થ્ય સેવાઓ, મેડિકલ રિસર્ચ અને મેડિકલ શિક્ષણમાં સહયોગનો કરાર થયો છે. આ કરાર ત્રણ મોટા ક્ષેત્રો પર કેન્દ્રિત છે.

સ્વાસ્થ્ય સેવાઓ- બંને દેશો ડોકટરો, હોસ્પિટલો અને હેલ્થ સિસ્ટમ સાથે જોડાયેલા અનુભવો શેર કરશે. આમાં હોસ્પિટલોમાં સારવારને બહેતર બનાવવી, નવા રોગોનો સંયુક્ત રીતે અભ્યાસ કરવો અને ટેકનોલોજી અને સારવારની આધુનિક પદ્ધતિઓ શેર કરવી શામેલ હશે.

મેડિકલ શિક્ષણ- બંને દેશોની મેડિકલ કોલેજો અને સંસ્થાઓ સાથે મળીને કામ કરશે. આમાં સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, ડોકટરો-મેડિકલ સ્ટાફની તાલીમ અને સંશોધનમાં સંયુક્ત કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

મેડિકલ સાયન્સ અને રિસર્ચ- આમાં નવી દવાઓ, રસીઓ અને સારવાર તકનીકો પર સંયુક્ત સંશોધન કરવું અને કેન્સર, હૃદય રોગ, દુર્લભ રોગો પર સંયુક્ત અભ્યાસ કરવાનો સમાવેશ થાય છે.

## મેનૂમાં ઝોલ મોમો અને દાળ તડકા પણ સામેલ; PM મોદીએ ચાંદીનો ઘોડો ભેટ આપ્યો

# રાષ્ટ્રપતિ ભવનમાં પુતિને ખાધી કાશ્મીરી અખરોટની ચટણી

(એજન્સી) નવી દિલ્હી |તા. 06

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં 5 ડિસેમ્બરે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સન્માનમાં ભવ્ય સ્ટેટ ડિનરનું આયોજન કર્યું. આ ડિનર પુતિનની બે દિવસીય ભારત મુલાકાતના અંતે યોજાયું હતું. ભોજનનું મેનૂ સંપૂર્ણપણે ભારતીય પ્રાદેશિક વાનગીઓથી સજાવેલું હતું.ડિનરની શરૂઆત દક્ષિણ ભારતીય મુરુંગેકાઈ ચારુ (રસમ) સૂપથી થઈ. ત્યારબાદ સ્ટાર્ટરમાં કાશ્મીરી ગુછી દૂન ચેટિન (કાશ્મીરી અખરોટની ચટણી સાથે ભરેલા મશરૂમ), કાળા ચણાના શિકમપુરી કબાબ અને વેજ ઝોલ મોમોઝ પીરસવામાં આવ્યા. મેઈન કોર્સમાં પુતિનને વેજ થાળી પીરસવામાં આવી, જેમાં જાફરાની પનીર રોલ, પાલક-મેથી-વટાણાના શાક સાથે અનેક પ્રકારની રોટલી શામેલ હતી. મીઠામાં હલવો, કુલ્ફી અને સંદેશ સર્વ કરવામાં આવ્યા. જ્યારે, મોદીએ પુતિનને ચાંદીનો ઘોડો, માર્બલ ચેસ સહિત 6 ખાસ ભેટ આપી.



ડિનરમાં ભારતીય ભોજન સાથે શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવનના નૌકાદળ બેન્ડ અને શાસ્ત્રીય વાદકોના ગ્રુપે રાગ અમૃતવર્ષિણી, ખમાજ, યમન, શિવરંજિની, નલિનકાંતિ, ભૈરવીનું પ્રદર્શન કર્યું. આ સાથે રશિયાની પ્રખ્યાત ધૂન 'કાલિન્કા', ચાઈકોવ્સ્કીના નટક્રેકર સૂટના ભાગો રજૂ કરવામાં આવ્યા હતા. પુતિને ભોજન દરમિયાન 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' ગીત પણ સાંભળ્યું. ત્યારબાદ પુતિન રશિયા જવા રવાના થયા.

પુતિન બોલ્યા- ભારત-રશિયા વચ્ચે ભાગીદારી મજબૂત થઈ રહી છે ડિનર દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે ભારત અને રશિયા વચ્ચે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે.

તેમણે જણાવ્યું કે બંને દેશોએ રાજનીતિ, સુરક્ષા, અર્થતંત્ર, વેપાર, ઊર્જા, શિક્ષણ સહિત દરેક ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે એક કરાર કર્યો છે. પુતિને કહ્યું, "અમે એક બહેતર દુનિયા બનાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ, જેમાં સંયુક્ત રાષ્ટ્ર કેન્દ્રમાં હશે.

ભારતની 2026માં બ્રિક્સ અધ્યક્ષતા દરમિયાન પણ અમારો સહયોગ વધુ ગાઢ બનશે." તેમણે ભારતીય કહેવત "સાથ ચલો, સાથ બઢો" નો ઉલ્લેખ કરતા કહ્યું કે આ જ અમારી મિત્રતાનું સાચું સ્વરૂપ છે.

# ખાલિસ્તાની આતંકીઓ વિરુદ્ધ બ્રિટનની મોટી કાર્યવાહી, સંપત્તિઓ જપ્ત અને કંપનીઓ બેન

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 06

ભારતના સતત દબાણ વચ્ચે બ્રિટને ખાલિસ્તાની આતંકવાદી સમૂહ સામે મોટું ઐતિહાસિક પગલું લીધું છે. બ્રિટિશ સરકારે 4 ડિસેમ્બરે ગુરપ્રીત સિંહ રેહલ નામના એક વ્યક્તિ અને બબ્બર અકાલી લહેર સંગઠન પર આતંકવાદ સાથે જોડાયેલા આરોપ હેઠળ પ્રતિબંધ લગાવી દીધો છે. આ કાર્યવાહી ખાસ કરીને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ નામની પ્રતિબંધિત ખાલિસ્તાની આતંકવાદી સંગઠન સાથે તેની સાંઠગાંઠને લઈને કરવમાં આવી છે. આ પગલાંથી બ્રિટનની નાણાંકીય પ્રણાલીનો દુરૂપયોગ કરનારા ઉગ્રવાદીઓને આંચકો લાગશે અને ભારત-બ્રિટન વચ્ચે આતંકવાદ વિરોધી સહયોગને નવી મજબૂતી મળશે.

બ્રિટન સરકારે કાઉન્ટર ટેરેરિઝમ (સેંક્શંસ) (ઈયુ એક્ઝિટ) રેગ્યુલેશન્સ 2019 હેઠળ આ પ્રતિબંધો લાગુ કર્યા છે. જેમાં નીચે મુજબની કાર્યવાહી સામેલ છે. સંપત્તિ ફ્રીઝ: રેહલ, બબ્બર અકાલી લહેર અને તેની સાથે જોડાયેલી કંપનીની બ્રિટનમાં સ્થિત તમામ સંપત્તિ, ફંડ અને આર્થિક સંસાધનોને તાત્કાલિક પ્રભાવથી ફ્રીઝ કરવાામં આવ્યા છે. બ્રિટિશ નાગરિક અથવા સંસ્થાઓને જ્યાં સુધી એચએમ ટ્રેઝરીથી લાઈસન્સ ન મળે ત્યાં સુધી આ સંસાધનો સાથે કોઈ કરાર કરવા અથવા તેમને કંઈપણ ઉપલબ્ધ કરાવવાની મંજૂરી નથી, .

કંપનીઓ પર અસર: રેહલ સાથે જોડાયેલા સંગઠન સેવિંગ પંજાબ સીઆઈસી, વાઈટહૉક કન્સલ્ટેશન્સ લિમિટેડ અને અનઈનકૉર્પોરેટેડ સંગઠન લોહા ડિઝાઈન્સ પર પણ પ્રતિબંધ લગાવ્યા છે.

ડિરેક્ટરશિપ પર પ્રતિબંધ: ગુરપ્રીત સિંહ રેહલને ડિરેક્ટરનું પદ સંભાળવાથી અથવા કોઈપણ કંપનીના સંચાલનમાં સીધી/પરોક્ષ રીતે ભાગ લેવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા પર સાત વર્ષની કેદ અથવા 10 લાખ પાઉન્ડ સુધીનો દંડ થઈ શકે છે. બ્રિટનના નાણાં મંત્રાલયના મૂલ્યાંકન અનુસાર, આ પહેલીવાર છે.

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડર પર ફરી ફાયરિંગ:પીસ ટોકના 48 કલાક બાદ હુમલો

(એજન્સી) કાબુલ/ઇસ્લામાબાદ | તા. 06

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની ચમન-સ્પિન બોલ્ડક સરહદ પર શુક્રવારે ફરી એકવાર ભારે ગોળીબાર થયો. ગોળીબાર રાત્રે લગભગ 10 વાગ્યે શરૂ થયો અને મોડી રાત સુધી ચાલુ રહ્યો. બંને દેશો એકબીજા પર હુમલો શરૂ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

અફઘાન તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે કહ્યું કે પાકિસ્તાને સૌથી પહેલા કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક વિસ્તારમાં હુમલો કર્યો, જેના જવાબમાં તેમની સેનાએ જવાબી કાર્યવાહી કરી. બીજી તરફ પાકિસ્તાની અધિકારીઓનો દાવો છે કે અફઘાન સેનાએ કોઈ ઉશ્કેરણી વિના ચમન સરહદ પર ગોળીબાર શરૂ કર્યો, જેના પછી પાકિસ્તાની દળોએ જડબાતોડ જવાબ આપ્યો.

વડાપ્રધાનના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ કહ્યું, "પાકિસ્તાન પોતાની સરહદ અને લોકોની સુરક્ષા માટે સંપૂર્ણપણે સતર્ક અને તૈયાર છે." જોકે, હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. આના 48 કલાક પહેલા જ બંને દેશો વચ્ચે



શાંતિ વાત થઈ હતી. જોકે, આ વાતચીત નિષ્ફળ રહી.

આ અથડામણ ત્યારે થઈ છે જ્યારે 2-4 ડિસેમ્બરના રોજ સાઉદી અરબમાં બંને દેશો વચ્ચે ત્રીજી શાંતિ વાત કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ હતી. જોકે, બંને પક્ષોએ યુદ્ધવિરામ જાળવી રાખવાનું વચન આપ્યું હતું, પરંતુ તણાવ ઓછો થઈ રહ્યો નથી.

સાઉદી અરેબિયાથી બંને પ્રતિનિધિમંડળ 4 ડિસેમ્બરે પોતાના દેશ પાછા ફર્યા હતા અને 5 ડિસેમ્બરની રાત્રે ગોળીબાર શરૂ થઈ ગયો હતો. આ પહેલા કતાર અને તુર્કીમાં પણ વાતચીત થઈ ચૂકી છે. ચોથો રાઉન્ડ ક્યારે અને ક્યાં થશે, તેની કોઈ તારીખ નક્કી નથી. પાકિસ્તાનનો આરોપ- અફઘાનિસ્તાનથી આતંકવાદી હુમલા કરી રહ્યા છે પાકિસ્તાનનું કહેવું છે કે અફઘાનિસ્તાનની જમીન પરથી આતંકવાદી હુમલા કરી રહ્યા છે. તાલિબાન સરકાર આ તમામ આરોપોને સંપૂર્ણપણે નકારે છે અને કહે છે કે પાકિસ્તાન પોતાની આંતરિક નિષ્ફળતાનો દોષ અફઘાનિસ્તાન પર ઢોળી રહ્યું છે.

હાલમાં ચમન-સ્પિન બોલ્ડક બોર્ડરને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે અને બંને તરફ મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત છે. આવનારા દિવસોમાં તણાવ વધુ વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પાકિસ્તાને 24 નવેમ્બરની અડધી રાત્રે અફઘાનિસ્તાનના ત્રણ પ્રાંત ખોસ્ત, કુનાર અને પક્તિકામાં એરસ્ટ્રાઈક કરી હતી. ખોસ્ત પર કરવામાં આવેલા હુમલામાં 10 સામાન્ય લોકોના મોત થયા હતા, જેમાં 9 બાળકો અને એક મહિલાનો સમાવેશ થતો હતો. તાલિબાનના પ્રવક્તા જબીઉલ્લાહ મુજાહિદે જણાવ્યું કે ખોસ્ત પ્રાંતના મુગલગઈ વિસ્તારમાં રાત્રે લગભગ 12 વાગ્યે પાકિસ્તાની વિમાનોએ એક ઘર પર બોમ્બમારો કર્યો હતો. આ હુમલામાં 5 છોકરા, 4 છોકરીઓ અને એક મહિલાનું મોત થયું હતું.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ડુરંડ લાઈનને લઈને લાંબા સમયથી વિવાદ છે. બંને દેશો એકબીજા પર હુમલા અને આતંકવાદીઓને છુપાવવાનો આરોપ લગાવતા રહે છે. 2021માં અફઘાનિસ્તાન પર તાલિબાનના નિયંત્રણ પછી તણાવ વધુ વધી ગયો છે. ડુરંડ લાઈન બ્રિટિશ કાળમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે દોરવામાં આવી હતી. આ બંને દેશોની પરંપરાગત જમીનને વિભાજિત કરે છે અને બંને તરફના પઠાણ તેને ક્યારેય સ્વીકારતા નથી.

# News Brief

## ઈન્ડિગો મુસાફર રિફંડ તાત્કાલિક ચૂકવવા નાગરિક ઉડ્ડયન મંત્રાલયનો આદેશ

નવી દિલ્હી: ફ્લાઈટ ઓપરેશન્સમાં થયેલી તાજેતરની ગંભીર ગરબડ બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) એ શનિવારે ઈન્ડિગો એરલાઈન્સને પેન્ડિંગ પડેલા તમામ ઈન્ડિગો મુસાફર રિફંડની ચૂકવણી કોઈપણ વિલંબ વિના તાત્કાલિક પૂર્ણ કરવા માટે કડક આદેશ આપ્યો છે. એક સત્તાવાર પ્રકાશન મુજબ, મંત્રાલયે આદેશ આપ્યો છે કે રદ થયેલી અથવા ખોરવાયેલી તમામ ફ્લાઈટ્સ માટેની રિફંડ પ્રક્રિયા રવિવારે, ૭ ડિસેમ્બરના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યા સુધીમાં સંપૂર્ણપણે પૂર્ણ થઈ જવી જોઈએ.મંત્રાલયે ચેતવણી આપી છે કે ઈન્ડિગો મુસાફર રિફંડની પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા નિયમોનું પાલન ન કરવા બદલ મંત્રાલયની સત્તાઓ હેઠળ તાત્કાલિક નિયમનકારી કાર્યવાહી કરવામાં આવશે. ગ્રામજનોની ફરિયાદોનું નિરાકરણ સરળતાથી થાય તે સુનિશ્ચિત કરવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઈન્ડિગોને વિશેષ મુસાફર સપોર્ટ અને રિફંડ સુવિધા સેલ સ્થાપિત કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ સેલને અસરગ્રસ્ત મુસાફરોનો સક્રિયપણે સંપર્ક કરવા અને રિફંડ તેમજ વૈકલ્પિક મુસાફરીની વ્યવસ્થાઓ બહુવિધ ફોલો-અપ વિના પૂર્ણ થાય તેની ખાતરી કરવા માટે જવાબદારી સોંપવામાં આવી છે. ઓપરેશન્સ સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી સ્વચાલિત રિફંડ પ્રણાલી સક્રિય રહેશે. મંત્રાલયે એરલાઈન્સને એવા મુસાફરો પાસેથી કોઈ પણ પુનઃકાર્યક્રમ ફી ન લેવા પણ ભારપૂર્વક જણાવ્યું છે, જેમની મુસાફરી યોજનાઓ ફ્લાઈટ રદ થવાને કારણે પ્રભાવિત થઈ હતી.પ્રકાશન મુજબ, મંત્રાલયે ઈન્ડિગોને એ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે કે ફ્લાઈટ રદ થવા અથવા વિલંબને કારણે મુસાફરોથી અલગ થઈ ગયેલા તમામ સામાનને આગામી ૪૮ કલાકની અંદર શોધી કાઢવામાં આવે અને મુસાફરના રહેઠાણના અથવા પસંદ કરેલા સરનામે પહોંચાડવામાં આવે.

## પ્રિયંકા ચતુર્વેદી ઈન્ડિગો એકાધિકાર પર વરસ્યા: 'સરકાર માટે આ એક મોટો પાઠ'

જાલંધ ૨ : શિવસેના (યુબીટી)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ દેશભરમાં ઈન્ડિગો એરલાઈન્સમાં વ્યાપકપણે ફ્લાઈટ રદ થવાને કારણે હજારો મુસાફરોની થયેલી હાલાકી બદલ આજે શનિવારે તીવ્ર ટીકા કરી હતી. તેમણે આ સંકટને ભારતના ખાનગી ઉડ્ડયન ક્ષેત્રે એકાધિકાર અને દ્વૈતાધિકાર ના જોખમોનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. પ્રિયંકા ચતુર્વેદી ઈન્ડિગો એકાધિકાર મુદ્દે આકરા પ્રહાર કરતાં કેન્દ્ર સરકારને ભવિષ્ય માટે એક મોટો પાઠ શીખવાની અપીલ કરી હતી. સમાચાર એજન્સી સાથે વાત કરતાં યુબીટી સાંસદે જણાવ્યું હતું કે એરલાઈનનો મોટો બજાર હિસ્સો (૬૦%થી વધુ) કાર્યકારી વિક્ષેપોની અસરને વધુ ખરાબ કરી રહ્યો છે. તેમણે મેનેજમેન્ટને મુસાફરો અને સ્ટાફ બંનેને થયેલી અસુવિધા માટે જવાબદારી લેવા વિનંતી કરી હતી.પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું: 'ઈન્ડિગોએ લગભગ સમગ્ર બજાર પર કબજો જમાવ્યો છે, તેમનો બજાર હિસ્સો ૬૦% થી વધુ છે. તેમણે મુસાફરોને જે અસુવિધા પહોંચાડી છે – ન તો તેમને ભોજન કે પાણી આપવામાં આવ્યું, ન તો કોઈ માહિતી આપવામાં આવી. ઈન્ડિગોના સ્ટાફને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો, કારણ કે તેમને મેનેજમેન્ટ તરફથી કોઈ માહિતી મળી રહી નહોતી. જનતાનો ગુસ્સો તેમને સહન કરવો પડ્યો. આ દુર્ભાગ્યપૂર્ણ છે. ઈન્ડિગો મેનેજમેન્ટે આની ગંભીર નોંધ લેવી જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે આ સમગ્ર કટોકટીમાં સરકાર પણ લાચાર જણાતી હતી. તેથી, આ સરકાર માટે એક પાઠ છે કે આવનારા સમયમાં આવા ઉડ્ડયન ક્ષેત્રે એકાધિકાર અને દ્વૈતાધિકાર સર્જાવા જોઈએ નહીં, કારણ કે તેનો સીધો ભોગ સામાન્ય જનતા બને છે.

## સુપ્રિયા સુળે રાઈટ ટુ ડિસ્કનેક્ટ બિલ સંસદમાં રજૂ: રજામાં ફોન-મેઈલનો જવાબ નહીં આપવો પડે

નવી દિલ્હી: લોકસભાના સભ્ય સુપ્રિયા સુળેએ ભારતમાં કામદારો અને કર્મચારીઓ માટે વર્ક-લાઈફ બેલેન્સને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી એક ખાનગી સભ્યનું બિલ નીચલા ગૃહમાં રજૂ કર્યું છે. 'ધ રાઈટ ટુ ડિસ્કનેક્ટ બિલ, ૨૦૨૫' શીર્ષક ધરાવતું આ બિલ કર્મચારીઓને કામ સંબંધિત ઈલેક્ટ્રોનિક સંચારથી દૂર રહેવાનો અધિકાર પ્રદાન કરે છે, જે ડિજિટલ યુગમાં એક ક્રાંતિકારી પગલું છે.શુક્રવારે લોકસભામાં રજૂ કરાયેલા આ બિલમાં જોગવાઈઓનું પાલન ન કરનાર સંસ્થાઓ (કંપનીઓ અથવા સોસાયટીઓ) પર તેમના કર્મચારીઓના કુલ વેતનના ૧% ના દરે દંડ લાદવાની માંગ કરવામાં આવી છે. સુપ્રિયા સુળેએ 'એક્સ' પર લખ્યું કે, આ બિલનો હેતુ 'આજના ડિજિટલ કલ્ચરના કારણે થતા 'બર્નઆઉટ'ને ઘટાડીને જીવનની બહેતર ગુણવત્તા અને સ્વસ્થ વર્ક-લાઈફ બેલેન્સને પ્રોત્સાહન આપવાનો છે.'બિલમાં દલીલ કરવામાં આવી છે કે ડિજિટલ અને સંચાર ટેક્નોલોજી કાર્યની લવચીકતાના સંદર્ભમાં લાભ આપે છે, પરંતુ તે વ્યાવસાયિક અને અંગત જીવન વચ્ચેની સીમાઓને ભૂંસી નાખવાનું જોખમ પણ ધરાવે છે. અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જો કર્મચારી પાસે ચોવીસ કલાક ઉપલબ્ધ રહેવાની અપેક્ષા રાખવામાં આવે, તો તેઓ અનિદ્રા, તણાવ અને ભાવનાત્મક થાક જેવા વધુ પડતા કામના જોખમો દર્શાવે છે.બિલના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદનમાં જણાવાયું છે કે, કૉલ અને ઈમેઈલ્સનો સતત જવાબ આપવાની આ આગ્રહભરી ઈચ્છા ('ટેલિપ્રેશર' તરીકે ઓળખાય છે) અને સપ્તાહના અંતે પણ ઈમેઈલ તપાસવાની આદત કર્મચારીઓના વર્ક-લાઈફ બેલેન્સને નષ્ટ કરી રહી છે,

### દિલ્હી એરપોર્ટે મોડીરાત્રે જાહેર કરાઈ એડવાઈઝરી

# ઈન્ડિગો સંકટ વચ્ચે સરકારનો મોટો આદેશ, બેફામ ભાડા વસૂલતી એરલાઈન્સ પર લેવાશે એક્શન

(એજન્સી) નવી દિલ્હી | તા 06

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઈન્ડિગોમાં ચાલી રહેલા ઓપરેશનલ સંકટને કારણે એરલાઈન્સ દ્વારા વસૂલવામાં આવી રહેલા અસામાન્ય રીતે ઊંચા હવાઈ ભાડાની ગંભીર નોંધ લીધી છે. મુસાફરોને તકવાદી ભાવવધારાથી બચાવવા માટે, મંત્રાલયે તેની નિયમનકારી શક્તિઓનો ઉપયોગ કરીને અસરગ્રસ્ત તમામ રૂટ પર હવાઈ ભાડાની મહત્તમ મર્યાદા (ફેર કેપ) નક્કી કરી દીધી છે. મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિયેશન (MoCa) દ્વારા આ નિર્દેશ જાહેર કરવામાં આવ્યો છે.



મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલા એક સત્તાવાર નિર્દેશમાં તમામ એરલાઈન્સને આ નિર્ધારિત ભાડા મર્યાદાનું કડકપણે પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ભાવ મર્યાદા ત્યાં સુધી લાગુ રહેશે જ્યાં સુધી ફ્લાઈટની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય ન થઈ જાય. સરકારનો આ નિર્ણય એ સુનિશ્ચિત કરવા માટે છે કે મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોનું કોઈપણ પ્રકારે શોષણ ન થાય. આ સમયગાળા દરમિયાન જે નાગરિકોને તાત્કાલિક મુસાફરી કરવાની જરૂર હોય – જેમાં વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ અને દર્દીઓનો સમાવેશ થાય છે – તેમને આર્થિક મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય છે.નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે તે રિયલ-ટાઈમ ડેટા, એરલાઈન્સ અને ઓનલાઈન ટ્રાવેલ પ્લેટફોર્મ સાથે સક્રિય સંકલન દ્વારા ભાડાના સ્તર પર સતત અને નજીકથી દેખરેખ રાખશે. નિર્ધારિત નિયમોમાંથી કોઈપણ પ્રકારનું વિચલન જનહિતમાં તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહીને પાત્ર બનશે.

### સતત 5મા દિવસે ઈન્ડિગો સંકટમાં, અમદાવાદમાં 19 સહિત દેશભરમાં અનેક ફ્લાઈટ્સ રદ

દિલ્હી, મુંબઈ, અમદાવાદ, જયપુર, ઈન્દોર, કોચી અને તિરુવનંતપુરમ સહિત અનેક એરપોર્ટ પર ફ્લાઈટ્સ મોટા પાયે રદ કરવામાં આવી છે. અમદાવાદ એરપોર્ટ પર પરિસ્થિતિ સૌથી ગંભીર હતી. સત્તાવાર માહિતી અનુસાર, 12 વાગ્યાથી 6 વાગ્યાની વચ્ચે 7 અરાઈવલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને 12 ડિપાર્ચર ફ્લાઈટ્સ પણ રદ કરવામાં આવી હતી. કુલ 19 ઈન્ડિગો ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ હતી. આના કારણે એરપોર્ટ પરિસરની અંદર અને બહાર મુસાફરોને અસુવિધા થઈ હતી.

## ઈન્ડિગો સંકટને લીધે મુંબઈ એરપોર્ટ પર ફસાયેલી આફ્રિકન મહિલાએ હોબાળો મચાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો દ્વારા મોટા પાયે ફ્લાઈટ્સ રદ થવાને કારણે દેશભરમાં હવાઈ કામગીરી ખોરવાઈ ગઈ છે. શુક્રવારે 400 થી વધુ ફ્લાઈટ્સ રદ થતાં સંકટ વધુ ઘેરું બન્યું છે અને હજારો મુસાફરો મુખ્ય એરપોર્ટ પર ફસાયા છે. આ અફરાતફરી વચ્ચે મુંબઈ એરપોર્ટ પરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક આફ્રિકન મહિલા એરલાઈનના કાઉન્ટર પર ચઢીને કર્મચારીઓ પર ગુસ્સે થતી જોવા મળી રહી છે.આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર 'vishalpatel.vj' નામના હેન્ડલ દ્વારા



શેર કરવામાં આવ્યો છે. વીડિયોમાં કાઉન્ટર પાસે અન્ય મુસાફરોની પણ ભીડ જોવા મળે છે, જેમાંથી ઘણા નિરાશ છે. વાયરલ વીડિયોમાં આફ્રિકન મહિલા પોતાની ફ્લાઈટ અચાનક રદ થવા અંગે ઈન્ડિગોના કર્મચારીઓ પાસેથી જવાબ માંગી રહી છે.જ્યારે તેને કોઈ સંતોષકારક જવાબ મળતો નથી, ત્યારે તે પોતાનો કાબૂ ગુમાવી દે છે, કાઉન્ટર પર ચઢી જાય છે અને એરલાઈનના ગેરવહીવટ વિશે જોર જોરથી બૂમો પાડવા લાગે છે. વીડિયોના કોમેન્ટ બોક્સમાં એક યુઝરે દાવો કર્યો કે મહિલાએ કહ્યું હતું કે તેને તેની યાત્રા રદ કરવા માટે મજબૂર કરવામાં આવી છે. કોમેન્ટમાં મહિલાના કથિત શબ્દો ટાંકવામાં આવ્યા હતા કે "હું મારા દેશ પાછી જઈ રહી છું. હું એટલે પાછી ફરી રહી છું કારણ કે તમે મારી ટિકિટ ખરાબ કરી દીધી છે. તેથી હું ફ્રાન્સ પાછી જઈ રહી છું. તેમણે બધું બરબાદ કરી દીધું. જ્યારે તેઓ વસ્તુઓ બગાડે છે.

## મંદિરના રૂપિયા ભગવાનના છે, બેન્કોને બેઠી કરવા વાપરી શકાય નહીં : સુપ્રીમનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

મંદિરમાં ભગવાનને ચઢાવવામાં આવતા રૂપિયા તેમના જ છે અને આ નાણાં સહકારી બેન્કોને બેઠી કરવા માટે વાપરી શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું. કેરળના થિરુનેલી મંદિર દેવસ્વોમના કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે આપેલો આ ચુકાદો દેશભરમાં મંદિરો અને ધાર્મિક સ્થળોના નાણાંના સંચાલન તથા સુરક્ષિત રોકાણ માટે મહત્વનો દાખલો બની શકે છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બેન્ચે શુક્રવારે કેરળના થિરુનેલી મંદિર દેવસ્વોમ મંદિરની એફડીને પાછી આપવાના કેસની સુનાવણી કરી હતી. કેટલીક સહકારી બેન્કોએ કેરળ હાઈકોર્ટના મંદિરને તેની એફડી પાછી આપવાના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે સવાલ કર્યો કે, તમે મંદિરના રૂપિયાનો ઉપયોગ કરીને બેન્કોને બચાવવા માગો છો? મંદિરના રૂપિયાનો ઉપયોગ માંડ ચાલી રહેલી સહકારી બેન્કોમાં રાખવાના બદલે વધુ વ્યાજ આપતી રાષ્ટ્રીકૃત બેન્કમાં રાખવાનો આદેશ આપવામાં ખોટું શું છે? તેમણે કહ્યું કે, મંદિરના રૂપિયા દેવતાના છે. તેથી, આ રૂપિયાનો ઉપયોગ માત્ર મંદિરના હિતો બચાવવા સુરક્ષિત રીતે કરવો જોઈએ. આ રૂપિયા માંદી પડેલી સહકરી બેન્કો માટે આવક વધારવા અથવા તેમના ગુજરાન ચલાવવાના સ્રોત તરીકે કરી શકાય નહીં.

### ભારતને પોતાના બંધારણીય મૂલ્યો જાળવી રાખવા જોઈએ

## શશી થરુરે મેરિટલ રેપને ક્રાઈમ ગણાવતું બિલ રજૂ કરતાં ચર્ચા છંછેડાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

કોંગ્રેસ સાંસદ શશી થરુરે મેરિટલ રેપને ગુનાની શ્રેણીમાં સામેલ કરવાના પ્રસ્તાવવાળું એક ખાનગી બિલ શુક્રવારે (5 ડિસેમ્બર) લોકસભામાં રજૂ કર્યું. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે,



ભારતને પોતાના બંધારણીય મૂલ્યો જાળવી રાખવા જોઈએ. આ સાથે તેમણે પત્ની સાથે જબરદસ્તી શારીરિક સંબંધ બાંધવાને પુરુષોની ક્રૂરતા કહી.

થરુરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મેરિટલ રેપને ગુનાની શ્રેણીમાં મૂકવાની જરુરત પર ભાર મૂક્યો. તેમણે ભારતીય ન્યાય સંહિતા(BNS)માં સંશોધન માટે એક ખાનગી બિલ રજૂ કરતાં કહ્યું કે, ભારતને પોતાના બંધારણીય મૂલ્યો જાળવી રાખવા જોઈએ અને 'ના નો અર્થ ના, ફક્ત હા નો અર્થ જ હા' હોવાની વાત મૂકી. પરિણીત મહિલાના સંમતિ આપવાના અધિકારનું હનન ન થવું જોઈએ. કોંગ્રેસ સાંસદે કહ્યું કે, દરેક મહિલાને લગ્ન સંબંધની સીમામાં શારીરિક સ્વાયત્તતા અને ગરિમાનો મૌલિક અધિકાર મળવો જોઈએ. હવે કાર્યવાહીનો સમય આવી ગયો છે. જો પતિ-પત્નીને શારીરિક સંબંધ બાંધવા માટે મજબૂર કરે છે તો તે મહિલાની સ્વાયત્તતાનો અનાદર છે. આ નિયંત્રણ અને લિંગ આધારિત હિંસાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપનારું છે.

## એરપોર્ટ પર વિમાનોના ખડકલાં સર્જાયા, આખરે ઈન્ડિગોની સિસ્ટમ કેવી રીતે ફેલ થઈ?

(એજન્સી) નવી દિલ્હી | તા 06

ભારત હાલમાં હવાઈ મુસાફરીના ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કેન્દ્રમાં દેશની સૌથી મોટી એરલાઈન IndiGo છે. છેલ્લા કેટલાક સમયમાં IndiGoએ 1000થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે, જેના કારણે દેશભરના એરપોર્ટ્સ પર અફરાતફરીનો માહોલ છે અને સામાન્ય મુસાફરો તથા સેલેબ્સ પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ડોમેસ્ટિક ઉડાનોનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી IndiGoમાં આટલા મોટા સંકટ માટે કોઈ એક કારણ નહીં, પરંતુ ઘણા પરિબળો જવાબદાર છે. શરૂઆતથી જ IndiGo ફ્લાઈટ્સ લેટ પડવાની સમસ્યાનો સામનો કરી રહી હતી. શરૂઆતમાં એરલાઈને આ માટે નાની તકનીકી ખામીઓ, શિયાળા માટેનું નવું ફ્લાઈટ ટાઈમિંગ, એરપોર્ટ પરની ભીડ અને હવામાનને જવાબદાર ઠેરવ્યા હતા. પરંતુ એરલાઈનને મોટો ઝટકો ત્યારે લાગ્યો જ્યારે સરકારે 'ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન'(FDTL) નામના નવા નિયમો લાગુ કર્યા, જેનો હેતુ પાયલોટ્સને થાકથી બચાવવાનો હતો.પહેલેથી જ સ્ટાફની અછત સાથે વધુ ઉડાન સંચાલન કરી રહેલી IndiGo માટે આ નિયમો મુશ્કેલીરૂપ બન્યા. આ નિયમોના કારણે મોટી સંખ્યામાં પાયલોટ્સ ફરજિયાત આરામ પર જતા રહ્યા, જેનાથી સ્ટાફની ભારે અછત સર્જાઈ અને અનેક ફ્લાઈટ્સ રદ કરવી પડી.એરબસ A320 એરક્રાફ્ટના કોમ્પ્યુટરને અતિશય રેડિયેશન અને ઓવરહિટિંગથી બચાવવા માટે તાત્કાલિક સોફ્ટવેર અપડેટ જરૂરીની ચેતવણી આપી હતી. જેના કારણે વિશ્વભરના 6000થી વધુ અને ભારતના આશરે 250 A320 વિમાનો પ્રભાવિત છે. જૂના મોડેલોને અપડેટ થવામાં 1થી 2 દિવસ લાગી શકે છે, જેનાથી પ્રવાસન અને વેપાર પર અસર પડશે. DGCAએ IndiGo અને Air India સહિત તમામ એરલાઈન્સને સેફ્ટી ગાઈડલાઈનનું પાલન કરીને સુરક્ષા માપદંડો પૂરા કર્યા વિના વિમાનને સેવામાં ન મૂકવાનો નિર્દેશ આપ્યો હતો.સરકારના નિયમો ઉપરાંત, એરબસ 320ની ચેતવણી બાદ મોડી રાતની ઉડાનો પણ પ્રભાવિત થવા લાગી. રાતના 12 વાગ્યા પછી નવા નિયમો સખ્તાઈથી લાગુ થતા હોવાથી મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થવાનો સિલસિલો શરૂ થયો.ભારતમાં સૌથી વધુ ઉડાન સંચાલન કરતી IndiGo માટે તેનું મોટું નેટવર્ક જ સંકટનું કારણ બની ગયું છે.

## છત્તીસગઢ નક્સલ પ્રભાવિત વિસ્તાર હવે ઉદ્યાન આધારિત પહેલથી આશાનું કેન્દ્ર

છત્તીસગઢ : છત્તીસગઢ નક્સલ પ્રભાવિત વિસ્તારમાં સૌથી વધુ આતંકવાદનો ભોગ બનેલો સુકમા જિલ્લો હવે વિકાસનું એક નવું પ્રકરણ લખી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા 'આમ બગીચા પ્રોજેક્ટ' દ્વારા અહીંના લોકોની આવક વધારવા માટે વ્યાપક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. 'આમ બગીચા પહેલ'ને કારણે પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. આ બદલાવની લહેર જંગલમાં ઊંડે સુધી વસેલા એવા ગામડાઓમાં પણ દેખાઈ રહી છે, જ્યાં અગાઉ આજીવિકાની તકો અત્યંત મર્યાદિત હતી. સરકારનો સ્પષ્ટ ઈરાદો અને વહીવટી તંત્રના સતત પ્રયાસો થકી બાગાયત આધારિત પહેલો દ્વારા ગ્રામીણ જીવનમાં નવી આશાનું વાવેતર થયું છે. સુકમાના કલેક્ટર દેવેશ કુમાર ધ્રુવે જણાવ્યું કે, 'છત્તીસગઢ સરકારના નિર્દેશો મુજબ, અમે આ વિસ્તારના લોકોની આજીવિકા વધારવા માટે નિયમિતપણે કામ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈએ આ સંદર્ભમાં સ્પષ્ટ સૂચના આપી છે, અને સાથે જ આ પગલું કેન્દ્ર સરકારના મહત્ત્વાકાંક્ષી લખપતિ દીદી કાર્યક્રમના વિઝનને પૂર્ણ કરવા તરફ પણ છે.

## ઈન્ડિગો સંકટ વચ્ચે રેલવે વિભાગનો મોટો નિર્ણય, સાબરમતી-દિલ્હી વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેન

નવી દિલ્હી : ઈન્ડિગો ફ્લાઈટ રદ થવાને કારણે, રેલવેએ એક મોટો નિર્ણય લીધો છે અને ખાસ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. રેલવે દ્વારા અનેક રૂટ પર ટ્રેનોમાં 116 વધારાના કોચ ઉમેરવાની0 જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેએ સાબરમતી અને દિલ્હી જંક્શન વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો પણ નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવે અનુસાર, ટ્રેન નંબર 09497/09498 સાબરમતી-દિલ્હી જંક્શન સુપરફાસ્ટ સ્પેશિયલ કુલ ચાર ટ્રીપ માટે દોડશે. હકીકતમાં, મોટી સંખ્યામાં મુસાફરો અમદાવાદ અને દિલ્હી વચ્ચે મુસાફરીના વૈકલ્પિક માધ્યમો શોધી શક્યા ન હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા અને વર્તમાન માંગને ધ્યાનમાં રાખીને, ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) યોજના હેઠળ સાબરમતી અને દિલ્હી વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.ટ્રેન સંખ્યા 09497 (સાબરમતી-દિલ્હી સ્પેશિયલ)આ ટ્રેન 7 અને 9 ડિસેમ્બર 2025ના રોજ સાબરમતીથી 22.55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 15.15 વાગ્યે દિલ્હી જંક્શન પહોંચશે. ટ્રેન સંખ્યા 09498 (દિલ્હી-સાબરમતી સ્પેશિયલ)આ ટ્રેન 8 અને 10 ડિસેમ્બર 2025ના રોજ દિલ્હી જંક્શનથી રાત્રે 21:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 12:20 વાગ્યે સાબરમતી પહોંચશે. બંને દિશામાં, આ ખાસ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ ખાતે રોકાશે. આ ટ્રેનમાં એસી 3-ટિયર કોચથી લગાવવામાં આવશે.

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

Branch Name: Federal Bank, Maninagar Branch
1-2, Ground Floor | Elegance Arcade | Station Road | Maninagar | Ahmedabad-380008 | | Contact: +91 9131306382

PUBLIC NOTICE - PRIVATE SALE OF GOLD

Notice is hereby given that gold ornaments in the below mentioned account/s will be put to private sale by Federal Bank Ltd on 23-12-2025. or any subsequent date/s at the branches shown below as the concerned borrowers failed to redeem the pledged items /regularise the loan account/s. Respective branches may be contacted for further information.

| Account Number | Customer Name |
|---|---|
| 18796100147498 | MANINAGAR - AHMEDABAD |
| 18796400004787 | MANINAGAR - AHMEDABAD |
| 18796800041272 | MANINAGAR - AHMEDABAD |
| 18796900002737 | MANINAGAR - AHMEDABAD |
| 18796800035688 | MANINAGAR - AHMEDABAD |
| 18796800040076 | MANINAGAR - AHMEDABAD |

Place: Ahmedabad
Date: 04-12-2025

Sd/-
Authorised Officer
For, The Federal Bank Ltd

### 80 કરોડ એકઠાં કરીશ પણ...

## પ. બંગાળમાં બાબરી મસ્જિદનો પાયો નાખશે હુમાયુ કબીર, કહ્યું - સરકાર પાસેથી 1 રૂપિયો નહીં લઉં...

નવી દિલ્હી :તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે શનિવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર બાબરી મસ્જિદના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદની શૈલીમાં બનનારી નવી મસ્જિદના શિલાન્યાસ સમારોહ પહેલાં લોકોને સંબોધિત કરતા કબીરે જાહેરાત કરી કે તેઓ મસ્જિદના નિર્માણ માટે સરકાર પાસેથી એક પણ રૂપિયો નહીં લે.કબીરે સ્પષ્ટપણે જણાવ્યું કે, "જો હું સરકારી ધન લઈશ તો બાબરી મસ્જિદની પવિત્રતા પર અસર પડશે." શનિવારે સવારે બાબરી શૈલીની મસ્જિદના શિલાન્યાસ સમારોહમાં હાજર જનસમુદાયને સંબોધતા હુમાયૂ કબીરે કહ્યું કે "માલદા, મુર્શિદાબાદ અને દક્ષિણ 24 પરગણાના લોકો બાબરી મસ્જિદના નિર્માણમાં યોગદાન આપશે. મારી પાસે



મસ્જિદ બનાવવા માટે 25 વીઘા જમીન છે, પરંતુ સ્થાનિક વહીવટીતંત્ર અમને રોકી રહ્યું છે. અમને સરકારી ધનની જરૂર નહીં પડે. હું તે વ્યક્તિનું નામ નહીં લઉં, જેણે અમને મસ્જિદ બનાવવા માટે રૂ. 80 કરોડ આપવા માટે સહમતિ આપી છે." કબીરે ભારપૂર્વક જણાવ્યું કે તે સરકાર પાસેથી એક રૂપિયો પણ નહીં લે, કારણ કે તેનાથી મસ્જિદની પવિત્રતા અખંડ નહીં રહે.હુમાયુ કબીર શનિવારે સવારે મુર્શિદાબાદના બેલડાંગા પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, બપોરે 12 વાગ્યા પછી કુરાનનું પઠન કરવામાં આવશે અને ત્યારબાદ મસ્જિદનો પાયો નાખવામાં આવશે. કબીરે મંચ પરથી 2024માં કરેલી તેમની જાહેરાતને યાદ કરી, "2024માં મેં ઘોષણા કરી હતી કે હું ટૂંક સમયમાં મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદનું ઉદ્ઘાટન કરીશ. આજે, 6 ડિસેમ્બરના રોજ, અમે અહીં મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો પાયો નાખવા આવ્યા છીએ."બાબરી મસ્જિદના નિર્માણ માટે માલદા સહિત અનેક જિલ્લાઓમાંથી કન્સ્ટ્રક્શનનો સામાન લઈને ટ્રેક્ટર મુર્શિદાબાદના બેલડાંગા પહોંચી રહ્યા છે. બંગાળના અલગ-અલગ ભાગોમાંથી કેટલાક મુસ્લિમ લોકો પોતાના માથા પર ઈંટો મૂકીને પણ મુર્શિદાબાદ પહોંચ્યા હતા અને તેમણે કહ્યું કે "અમારી મસ્જિદ બનશે." નોંધનીય છે કે, તૃણમૂલ કોંગ્રેસે ગુરુવારે હુમાયુ કબીરને પાર્ટી વિરોધી ગતિવિધિઓ અને નેતૃત્વને શરમાવે તેવી જાહેર ટિપ્પણીઓ કરવા બદલ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે.

## ઉત્તર પ્રદેશ આગ ઘટના: ગોરખપુરમાં શોર્ટ સર્કિટના કારણે કપડાની દુકાનમાં પણ આગ

હરદોઈ : ઉત્તર પ્રદેશના હરદોઈ ખાતે શનિવારે વહેલી સવારે એક પ્લેટ-વાટકી ઉત્પાદન એકમમાં ભીષણ હરદોઈ ફેક્ટરી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાને પગલે વહીવટી તંત્ર અને અગ્નિશમન વિભાગ દ્વારા તાત્કાલિક અને મોટા પાયે આગ બુઝાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફાયર ઓફિસર મહેશ પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે તેમને સવારે ૭.૧૫ વાગ્યે આગ લાગ્યાની જાણકારી મળી હતી અને તાત્કાલિક બે ફાયર ટેન્ડર ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. જોકે, ઘટનાસ્થળે પહોંચ્યા બાદ અધિકારીઓએ જોયું કે આગનું સ્વરૂપ ઘણું મોટું હતું અને આગ ફેક્ટરી પરિસરના મોટા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે જ્વાળાઓને કાબૂમાં લેવા માટે અન્ય બે ફાયર ટેન્ડરને બોલાવવાની ફરજ પડી હતી.

પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ, મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| હરાજી સૂચિ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTM25-43 | 26-12-25 14:00:00 |

| ક્રમ | લોટ નં. | સ્થાન / સ્થળ | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | MSS-BCT-BDTS-STGen-91-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ-સ્થિર સામાન્ય) | બાંદ્રા ટર્મિનસ ખાતે ઉત્તર છેડાના પીએફ પ્લેટફોર્મ નં. 01 અને કોચ કેર સેન્ટરની બાઉન્ડ્રી વોલ વચ્ચે સ્થિત વેરહાઉસિંગ સુવિધા (પાર્સલ ટ્રાફિક માટે)નો વિકાસ, સંચાલન અને સંચાલન. | 1096 | 26-12-25 14:30:00 |

| હરાજી સૂચિ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-25-61 | 26-12-25 15:00:00 |

| ક્રમ | લોટ નં. | સ્થાન / સ્થળ | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-NSP-OH-351-25-2 (જાહેરાત-ઘર બહાર) | નાલાસોપારા ખાતે નવા હોર્ડિંગ સ્ટ્રક્ચરના નિર્માણ દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે બલ્ક જાહેરાત અધિકારો (બુકિંગ ઓફિસના કતાર વિસ્તારને અડીને આવેલા ઉત્તર પૂર્વ ફરતા વિસ્તારમાં 20' X 10' કદના 03 હોર્ડિંગ્સ) કુલ 600 ચોરસ ફૂટ વિસ્તાર 07 વર્ષના સમયગાળા માટે. | 2557 | 26-12-25 15:30:00 |
| 2 | ADVT-BCT-NVS-OSN-444-25-1 (જાહેરાત-સ્ટેશન પરિસર (નોન-ડિજિટલ) | નવસારી (NVS) સ્ટેશન પર 3 વર્ષના સમયગાળા માટે બલ્ક એડવર્ટાઈઝિંગ રાઈટ્સ. | 1096 | 26-12-25 15:40:00 |

સંપર્ક વિગતો:- લેન્ડલાઈન નંબર:- 02267644212, ઈમેઈલ આઈડી:-acmadvtgbct@gmail.com
નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે.
લોટ વાઈઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.
0873

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

## અડચણરૂપ ઉભા રહેતા લારી ગલ્લા સામે ગુના દાખલ થશે

ગાંધીનગર : ગાંધીનગર શહેરમાં રોડ ઉપર ઉભા રહીને ટ્રાફિકને અડચણ ઊભી કરતા લારી ગલ્લાના સંચાલકો સામે હવે પોલીસે ગુના દાખલ કરવાનું શરૂ કર્યું છે. જે અંતર્ગત બે જ દિવસમાં ઈન્ફોસિટી અને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બારથી વધુ વેપારીઓ સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે અને આગામી દિવસમાં પણ આ કાર્યવાહી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગો પરના દબાણનો પ્રશ્ન વર્ષોથી વણઉકેલાયેલો રહ્યો છે જેના કારણે ટ્રાફિકની સમસ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 07 DECEMBER-2025
AHMEDABAD

## ગિફ્ટ સિટીમાં જમીન રોકાણના બહાને ૯૯ લાખની છેતરપિંડી

ગાંધીનગર : મિત્રએ ગિફ્ટ સિટીમાં જમીન અપાવવાની લાલચ આપીને પોતાના મિત્ર અને અન્ય બે વ્યક્તિઓ પાસેથી કુલ રૂ. ૯૯ લાખ પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. પૈસા પરત માંગતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ફોન બંધ કરી દીધો હતો. હાલમાં જમીન સંબંધીત છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે ગાંધીનગરમાં પણ વધુ એક ઘટના બહાર આવી છે. પોલીસે સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરના સેક્ટર ૧૩-બી ખાતે રહેતા અને સ્કૂલવાન ચલાવતા પ્રદીપસિંહ અમરસિંહ ચાવડા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.



### અમદાવાદ એરપોર્ટ પર NSUI-યૂથ કોંગ્રેસનો વિરોધ, પોલીસે ટીંગાટોળી કરી; પરેશાન યુવતી રડી પડી

# આજે પણ ઈન્ડિગોના ધાંધિયા, 79 ફ્લાઈટ કેન્સલ

અમદાવાદ | પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી એરલાઇનની કટોકટીનો આજે ચોથો દિવસ છે. આજે પણ ઈન્ડિગોની રાત્રિના 12 વાગ્યાથી બપોરના 2 વાગ્યા સુધીમાં 79 ફ્લાઈટ કેન્સલ થઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના અધિકારીના જણાવ્યા મુજબ, અમદાવાદથી જતી 37 અને આવતી 35 ફ્લાઈટ એમ કુલ 72 ફ્લાઈટ કેન્સલ થઈ છે. આ સાથે જ વડોદરા એરપોર્ટની 6, રાજકોટ એરપોર્ટની એક ફ્લાઈટ રદ થઈ છે. દિવસ દરમિયાન તમામ એરપોર્ટ પર આવતી અને જતી ફ્લાઈટ એકંદરે અડધો કલાકથી વધુ મોડી પડી રહી છે.

ફ્લાઈટની હાલાકીના કારણે અમદાવાદ એરપોર્ટ પર એક યુવતી રડી પડી હતી. ગઈકાલની જેમ ઈન્ડિગો એરલાઈનના કાઉન્ટર પર ઈન્ક્વાયરી માટે મુસાફરોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કોઈ પોતાના બેગેજ માટે તો કોઈ પોતાના ટિકિટના કન્ફર્મેશન માટે લાઈનમાં ઊભા છે. ઈન્ડિગો દ્વારા યોગ્ય જવાબ ન મળતો હોવાનો પણ આક્ષેપ મુસાફરોએ કર્યો હતો. બપોરના 1 વાગ્યાની આસપાસ મુસાફરોન પડતી હાલાકીને લઈ વિરોધ કરવા આવેલા NSUI અને યૂથ કોંગ્રેસના 20થી વધુ કાર્યકરોની પોલીસે ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી.



### 9 તારીખે જોઈનિંગ નહીં થાય તો જોબ ગુમાવવી પડશે

રુચિ જ્યારે એરપોર્ટ પર પહોંચે છે ત્યારે તેને એવું કહેવામાં આવે છે કે અમદાવાદથી મુંબઈ જતી ફ્લાઈટ કેન્સલ કરી દેવામાં આવે છે તેમજ અન્ય કોઈ ફ્લાઈટ થઈ શકે એમ નથી. મુંબઈ સમયસર ન પહોંચી શકતાં રુચિને દુબઈ માટેની પણ ફ્લાઈટ ગુમાવવી પડશે, જેથી 9 તારીખે જો રુચિ દુબઈમાં જોઈનિંગ નહીં કરે તો તેને જે મહેનત કરીને જોબ મેળવી છે એ ગુમાવવી પડશે.

### દુબઈમાં 9 તારીખે જોઈનિંગ માટે 7 તારીખ પહેલાં પહોંચવું જરૂરી

વિચાર્યું હોય કે જોબની ખુશીના સમાચાર વચ્ચે કોઈ વિઘ્ન આવશે. તેને દુબઈમાં જઈને 9 તારીખે જોઈનિંગ કરવાનું હતું. એ માટે 7 તારીખ પહેલાં દુબઇ પહોંચવું રુચિ માટે ખૂબ જરૂરી હતું, જેથી તેના પરિવારે બનતી રકમ ભેગી કરીને ફ્લાઈટની ટિકિટ બુક કરાવી હતી. વહેલી સવારે ચાર વાગ્યાની ફ્લાઈટ અમદાવાદથી મુંબઈની હતી અને એ બાદ મુંબઈથી દુબઇ જવાનું હતું

### ફ્લાઈટકેન્સલથતાંઅમદાવાદથી દિલ્હી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

ગઈકાલે (5 ડિસેમ્બરે) ઈન્ડિગો એરલાઈન્સના CEO પીટર એલ્બર્સે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી મુસાફરોની માફી માગતાં જણાવ્યું હતું કે 15 ડિસે. સુધીમાં જેનું બુકિંગ છે, તેણે હાલાકી ભોગવવી પડી શકે છે, જોકે ગઈકાલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર 155 ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી ઈન્ડિગો એરલાઈનના ધાંધિયાની વચ્ચે અનેક મુસાફરોને હાલાકી ભોગવી પડી રહી છે. તેને લઈને હવે પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો માટે સ્પેશિયલ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પશ્ચિમ રેલવે મુસાફરોને સારી સુવિધા પૂરી પાડવા અને મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) હેઠળ સાબરમતીથી દિલ્હી જંક્શન અને સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે ખાસ ભાડાવાળી સ્પેશિયલ ટ્રેનો ચાલવાના છે.

## ન્યુઝ બ્રિફ

### એક જ ક્લિક પર મળશે સરકારના વિવિધ વિભાગના ઠરાવ

ગાંધીનગર | રાજ્ય સરકાર દ્વારા સરકારી કામકાજમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને માહિતીની સરળતા વધારવા માટે એક મોટો પગલું ભરાયું છે. સરકાર હવે બધા કાયદા, નિયમો, ઠરાવો, જાહેરનામાં અને પરિપત્રોને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા એઆઈ (AI) આધારિત સર્ચ સુવિધાવાળું સેન્ટ્રલ પોર્ટલ શરૂ કરવા જઈ રહી છે.

આ પોર્ટલને કાર્યક્ષમ બનાવવા માટે તમામ વિભાગોને પાંચ દિવસની અંદર તમામ સરકારી દસ્તાવેજોની સંપૂર્ણ વિગતો ગૂગલ શીટમાં અપડેટ કરવા તાકીદના આદેશો આપવામાં આવ્યા છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, મુખ્યમંત્રી કાર્યાલયે દરરોજ પ્રગતિની સમીક્ષા શરૂ કરી દીધી છે. રાજ્ય સરકારના તમામ વિભાગોને પોર્ટલ માટે જરૂરી માહિતી પૂરી પાડવા જણાવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દરેક વિભાગને તાત્કાલિક આ કામગીરી પૂર્ણ કરવા આદેશ કરાયો છે. એમાં બધા કાયદા / નિયમ / GR / પરિપત્રોની માહિતી અપડેટ કરવા, જૂના, રદ કરાયેલા અને બિનઅસરકારક દસ્તાવેજો દૂર કરવા, મહત્ત્વના અને અપલોડ ન થયેલા ઠરાવો ઉમેરવા આદેશ કરાયો છે.

### સગીરા પર બળાત્કાર ગુજારનાર માસાને છેલ્લા શ્વાસ સુધીની સજા

ગાંધીનગર : પાંચ વર્ષ અગાઉ સગીરવયની ભાણીને લગ્નની લાલચ આપીને આધેડ માસા દ્વારા તેનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું અને દસ દિવસ સુધી અલગ અલગ સ્થળે લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. જે કેસ કલોલ એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને છેલ્લા શ્વાસ સુધીની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. હાલમાં સમાજમાં સગીરભાઈની દીકરીઓને પ્રેમ જાળમાં ફસાવીને તેમની ઉપર બળાત્કાર ગુજારવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે કલોલ તાલુકાના ગામમાં પણ પાંચ વર્ષ અગાઉ સગા માસા દ્વારા ભાણેજ સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપીને અપહરણ કરી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસની મળતી વિગતો પ્રમાણે મૂળ પાટણ જિલ્લાના હારીજ તાલુકાના વેજવાડા ગામમાં રહેતા આધેડ દલપતજી પ્રભાતજી ઠાકોર દ્વારા કલોલ વિસ્તારના ગામમાં રહેતી તેની સાળીની દીકરી સાથે પ્રેમના પાઠ ભણાવીને તેણીને લગ્ન કરવાની લાલચ આપી હતી.

### અમદાવાદ કોર્પોરેશનને બ્રિજ નીચે તિરાડો દેખાઈ

# સુભાષબ્રિજના નીચેના ભાગે ઈન્સ્પેક્શન કરાતાં તિરાડ-ખસેલો સ્પાન જોવા મળ્યો

અમદાવાદ | અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત અને અને જૂના અમદાવાદમાં જવા માટેના પ્રવેશદ્વાર ગણાતા સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના બાદ તંત્રમાં દોડધામ મચી છે. સદનસીબે ગંભીરાબ્રિજ જેવી દુર્ઘટના અટકી છે, પરંતુ હવે શું એને લઈ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા સુભાષબ્રિજના નીચેના ભાગમાં ઈન્સ્પેક્શન કરવામાં આવતાં બ્રિજમાં તિરાડો અને સ્પાન ખસી ગયેલો જોવા મળ્યો છે. સુભાષબ્રિજનો જે સ્પાનનો ભાગ બેસી ગયો છે એના નીચેના ભાગે તિરાડ પડી છે. બ્રિજના ત્રીજા નંબરના સ્પાનનો ભાગ બેસી ગયો છે. બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા સુભાષબ્રિજની દરેક તરફથી તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં બ્રિજના એક જ સ્પાનમાં નુકસાન થયું છે.



### પાંચ સપ્ટેમ્બરે તપાસ ટીમે બ્રિજના નીચેના ભાગે તપાસ કરી હતી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ અને બ્રિજ કન્સલ્ટન્ટ વિભાગની ટીમ દ્વારા ગઈકાલે પાંચ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે સુભાષબ્રિજ પર અને બ્રિજની નીચેના ભાગે તપાસ કરવામાં આવી હતી. બ્રિજની નીચેના ભાગેથી ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરી તથા બ્રિજ પર કેટલી અને કેવી રીતે તિરાડ પડી હોવા અંગેનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્પેક્શનની પ્રક્રિયા બાદ બ્રિજના કેન્ટિલિવરના ભાગમાં તિરાડ પડી છે. કેન્ટિલિવરનો ભાગ એક તરફ નમી ગયો છે, જેના કારણે સ્લેબ પણ નમી ગયો છે. આ બાબતે હાલ તપાસ હજી કરવામાં આવી રહી છે.

### બ્રિજના તમામ સ્પાનની તપાસ કર્યા બાદ અંતિમ નિર્ણય લેવાશે

સૂત્રોના જણાવ્યા મુજબ, સુભાષબ્રિજમાં જે સ્પાનમાં તિરાડ પડી અને ભાગ બેસી ગયો છે એ સ્પાનને બદલવામાં આવી શકી છે. અલગ અલગ એક્સપર્ટ દ્વારા આખા સુભાષબ્રિજના સ્પાન અને પિલર સહિત તપાસ કર્યા બાદ એક સ્પાન સિવાય કોઈ તકલીફ નહીં હોય તો નુકસાન થયેલા ભાગને જ બદલવામાં આવશે. બ્રિજના અન્ય સ્પાનમાં તપાસ બાદ નિર્ણય લેવાશે.

### અકસ્માત કરીને મૃત્યુ નીપજાવવા બદલ 1 વર્ષની કેદ

# 15 વર્ષનો સગીર ખાટલામાં સૂતો હતો અને ગાડી અથડાવી, સગીરનું મૃત્યુ નીપજ્યું અને 4 વર્ષના બાળકને ઈજા પહોંચી

અમદાવાદ | વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં મૂળ બિહારના મોનુકુમાર તેલીએ બેદરકારી પૂર્વક ગાડી હંકારીને ખાટલામાં સૂતા 15 વર્ષીય સગીરને અથડાવતા સારવાર દરમિયાન સગીરનું મોત નીપજ્યું હતું, જ્યારે બાજુમાં સુતા 4 વર્ષના બાળકને ઈજા પહોંચી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને 1 વર્ષની કેદ અને 6 હજારનો દંડ ફટકારવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીનો વ્યક્તિની હત્યા કરવાનો ઈરાદો ન હોવાવથી સાઅપરાધ મનુષ્યવધનો ગુનો લગાડવામાં આવ્યો ન હતો.

### ગાડી ચડાવી દેતા ખાટલા -ગાડી વચ્ચે સગીર ફસાયો




વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં I ડિવિઝન પોલીસ મથકે મૂળ બિહારના એક પિતાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમનો 15 વર્ષીય સગીર પુત્ર તેના 4 વર્ષીય ભાઈ સાથે સિંગરવા ખાતે ઘરની બહાર ખાટલામાં સૂતો હતો. ત્યારે આરોપી મૂળ બિહારના મોનુકુમાર તેલીએ બેદરકારી અને પૂરઝડપે મહિન્દ્રા XUV ગાડી ખાટલા સાથે અથડાવતા તેમનો દીકરો ખાટલા અને ગાડી વચ્ચે દબાઈ ગયો હતો. નાના 4 વર્ષીય દીકરાને પણ ઈજાઓ થઈ હતી.

આરોપીની ગાડીમાં જ દીકરાને સિંગરવા હોસ્પિટલ લઈ જવાયો હતો. જે હોસ્પિટલે મોટા 15 વર્ષીય દીકરાને આંતરિક ઈજાઓ અને શોકને કારણે મૃત જાહેર કર્યો હતો. આરોપી સામે અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલતા 9 સાહેદ અને 7 દસ્તાવેજી પુરાવા તેમજ સરકારી વકીલ એમ.એસ.શેખની દલીલોને આધારે આરોપીને કોર્ટે 1 વર્ષની કેદ અને કુલ 6 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી સામે 304A કલમ લાગી હતી. જે મુજબ કોઈનું મૃત્યુ બેદરકારી પૂર્વકના કાર્યને લઈને થાય. જેમાં વ્યક્તિનો હત્યાની નીપજાવવાનો ઈરાદો હોતો નથી. આ કલમ અંતર્ગત મહતમ 2 વર્ષની સજાની જોગવાઈ છે. જેમાં સાઅપરાધ મનુષ્યવધનો ગુનો લાગુ પડતો નથી કે જેમાં મહતમ 10 વર્ષની સજાની જોગવાઈ છે.

# ક્રિપ્ટોના નામે અમદાવાદના કાપડના વેપારી સાથે 17 લાખની ઠગાઈ કરી...


અમદાવાદ | અમદાવાદના કાપડના વેપારીએ ક્રિપ્ટો ખરીદવા ગુગલ પરથી કંપની સર્ચ કરીને વાતચીત કરી વિગત આપી હતી. જે બાદ કંપનીના એડવાઈઝરે ઈન્વેસ્ટમેન્ટ કરી સારો નફો કમાવવી આપવાની લાલચ આપી હતી. જેથી વેપારી વિશ્વાસમાં આવીને ક્રિપ્ટો ખરીદવા માટે અલગ અલગ 17 લાખ રૂપિયાના ટ્રાન્જેક્શન કર્યા હતાં.

જ્યારે તેને નફો અને રોકાણ કરેલી રકમ પરત માગી ત્યારે તેમને આપવામાં આવી નહોતી જેથી વેપારીએ અજાણ્યા શખ્સો વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. મળતી વિગત અનુસાર, શીલજમાં રહેતા મહેન્દ્ર ભાઈ ચંદવાની કપડાની દુકાન ધરાવી ધંધો કરે છે. મહેન્દ્રભાઈને તેમના મિત્ર સાથે ક્રિપ્ટો એક્સચેન્જ પ્લેટફોર્મ માટેની વાત થઈ હતી. ત્યારે WEBULL કંપનીની વાતચીત થઈ હતી. મહેન્દ્રભાઈએ ગુગલ પરથી WEBULL કંપની સર્ચ કરીને તેમની વેબસાઈટમાં સંપર્ક કર્યો હતો અને વેબસાઈટમાં આપેલા નંબર પર ફોનથી ખરીદવાની વાતચીત કરી હતી.

જે બાદ કંપની દ્વારા મહેન્દ્રભાઈનો સંપર્ક કરીને તેમને એડવાઈઝર પુરા પાડ્યા હતા, જે તેમનું એકાઉન્ટ હેન્ડલ કરતા હતા. મહેન્દ્રભાઈએ શરૂઆતમાં ક્રિપ્ટો માટે 50000 રૂપિયા આપ્યા હતા. જે WEBULLની વેબસાઈટમાં દેખાતા હતા.

## 'હાથ ના કરેલા હૈયે વાગ્યા': AMCએ ખોદેલા ખાડામાં જ AMTS બસ ફસાઈ, મુસાફરોની હાલત કફોડી!

અમદાવાદ | AMC માટે 'હાથના કરેલા હૈયે વાગ્યા' જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવ ખાતે AMC દ્વારા ખોદવામાં આવેલા ખાડામાં જ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ની એક બસ ફસાઈ જવાની ઘટના સામે આવી છે. આ ઘટના ઓઢવના વાસણા અને ઓઢવ વચ્ચે દોડતી AMTS બસ સાથે બની હતી. પાલિકા દ્વારા કોઈ કામગીરી માટે ચાર રસ્તા પર ખોદકામ કરવામાં આવ્યું હતું, પરંતુ આ ખાડાઓને યોગ્ય રીતે પુરવામાં કે સુરક્ષિત કરવામાં ન આવતા, બસ તે ખાડામાં ફસાઈ ગઈ હતી. ચાર રસ્તા જેવા વ્યસ્ત પોઈન્ટ પર બસ ફસાઈ જવાને કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને તેમાં સવાર મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. AMTS અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક જ વહીવટી માળખા હેઠળ આવે છે. આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે એક તરફ AMC દ્વારા ખોદકામ કરવામાં આવ્યું, પણ બીજી તરફ સલામતીની પૂરતી તકેદારી ન રખાતા, તેમની જ એક સર્વિસ એવી AMTS બસ તેનો ભોગ બની.a



### CCTVમાં કેદ પડછાયાથી પોલીસે દુષ્કર્મના આરોપીને ઓળખી કાઢ્યો...

# દિવ્યાંગ યુવતીને હોસ્પિટલે લઈ જવાનું કહી કુકર્મ આચર્યું, માનસિક વિકૃત સામે 15થી વધુ ગુના...

(એજન્સી) અમદાવાદ | તા. 06

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં દિવ્યાંગ યુવતી પર મોડીરાતે અજાણ્યા શખ્સે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાંચે ગુનો દાખલ થયાના ચાર દિવસમાં માનસિક વિકૃત આરોપીની ધરપકડ કરી લીધી છે. મોડીરાતે દિવ્યાંગ યુવતી તેના ઘરેથી ઉતરીને રોડ પર આવી હતી, જ્યાં આરોપીએ મોકાનો ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ક્રાઈમ બ્રાંચે આરોપીને ઝડપી લેવા માટે 30થી વધુ સીસીટીવી કેમેરા ચેક કરવા પડ્યા હતા. માનસિક વિકૃત આરોપી સામે 15થી વધુ ગુના નોંધાયેલા છે.

26 નવેમ્બરની રાતે દાણીલીમડાના મકાનમાં રહેતી એક દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ થયું હતું. યુવતીની માનસિક સ્થિતી સારી નહી હોવાના કારણે તે મોડીરાતે પોતાના મકાનના નીચે ઉતરી ગઈ હતી. યુવતી મોડીરાતે ચાલતી ચાલતી રોડ પર આવી ત્યારે જમાલપુર વિસ્તારમાં રહેતા મયુદ્દીન બાદશાહ નામના યુવકની નજર તેના ઉપર પડી હતી. દિવ્યાંગ યુવતીને જોઈને મયુદ્દીનની નિયત ખરાબ થઈ હતી અને તે તેની પાસે ગયો હતો. મયુદ્દીને તેની પાસે જતાની સાથે જ યુવતીને કહ્યુ હતું કે, તારે ક્યાં જવું છે અને અહીંયા કેમ ફરે છે. યુવતીએ મયુદ્દીનને જવાબ આપ્યો હતો કે, મારે દવાખાને જવુ છે.



### યુવતી ઘરેથી ગૂમ થતા પરિવારે શોધખોળ કરી હતી

યુવતી ઘરેથી ગાયબ થતી તેના પરિવારજનોએ શોધખોળ શરુ કરી હતી પરંતુ તેની કોઈ ભાળ મળી નહી. પરંતુ એક કલાક પછી યુવતી આપોઆપ પોતાના ઘરે આવી જતા ઘરના તમામ સભ્યોએ રાહતનો શ્વાસ લીધો હતો.

યુવતીને પેટમાં દુખાવો થતો હતો જેથી તેની માતાએ તેને આ મામલે પુછ્યુ હતું. યુવતીએ જવાબ આપ્યો હતો કે, મારા પતિ જે મારી સાથે કરતા તે યુવક કરીને જતો રહ્યો હતો. યુવતીની માતાને અંદાજો આવી ગયો હતો કે કોઈએ તેની સાથે દુષ્કર્મ આચર્યુ છે. યુવતી પરિણીત હતી પરંતુ તેની માનસિક સ્થિતી સારી નહી હોવાના કારણે તેને છુટાછેડા થઈ ગયા હતા.